અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૯ એપ્રિલ ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર વદ ૬ | અંક : ૨૮૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# ગુજરાત સરકારની ઈલેક્ટ્રિક વાહનો ઉપર 5% ટેક્સ છૂટની જાહેરાત

## નાગરિકો હવે વાહન ૪.૦ પોર્ટલ દ્વારા તેમના ઈલેક્ટ્રિક વાહનોની ઓનલાઇન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૮ ।

ગ્રીન મોબિલિટી અને ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ઈલેક્ટ્રિક વાહનો પર ૫% ટેક્સ છૂટની જાહેરાત કરી છે. જેથી હવે ઈવી ખરીદનારને માત્ર ૧% ટેક્સ ભરવાનો રહેશે. નાગરિકો હવે વાહન ૪.૦ પોર્ટલ દ્વારા તેમના ઈલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. રાજ્યના પરિવહનમંત્રીનું કહેવું છે કે, આ નાગરિક-કેન્દ્રિત પહેલ હરિયાળા અને સ્વચ્છ ગુજરાત તરફ રાજ્ય સરકારનું એક પગલું છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં આ ટેક્સ ઘટાડા અંગે જાહેરાત કરી હતી. જેને હવે લાગુ કરવામાં આવી છે અને આજે શુક્રવારથી જ તેનો અમલ શરૂ થઈ ગયો હોવાની વાત પરિવહન મંત્રીએ કરી છે.

મહત્વનું છે કે ઈલેક્ટ્રિક વાહનો અને ગ્રીન મોબિલિટીને પ્રોત્સાહ આપવાની વાત કરનાર ગુજરાત સરકારે ઈલેક્ટ્રિક વાહનો પરની સબસિડી ઘણા સમયથી બંધ કરી દીધી છે. અગાઉ ઈલેક્ટ્રિક વ્હીકલને પ્રોત્સાહન આપવા અને પ્રદૂષણને ઘટાડવા માટે ટુ વ્હીલર પર ૨૦ હજારની સબસિડી આપતી હતી, જ્યારે ૧૫ લાખથી ઓછી કિંમતના ફોર વ્હીલર પર ૧.૫૦ લાખ રૂપિયાની સબસિડી આવતી હતી. જેને બંધ કરી દેવામાં આવતાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં મોટો ઘટાડો નોંધાયો છે. ત્યારે હાલ આપવામાં આવેલી માત્ર ૫ ટકા ટેક્સ છૂટથી ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ વધે છે કે નહીં તે



જોવાનું રહેશે. કોઈ વ્યક્તિ જો ૧૦ લાખની ઈલેક્ટ્રિક કાર ખરીદે તો તેના પર પહેલા છ ટકા ટેક્સ લાગતો હતો. એટલે કે ગ્રાહકે જે તે કાર પર ૬૦ હજાર રૂપિયા ટેક્સ ભરવાનો રહેતો હતો. પરંતુ હવે સરકારે ટેક્સમાં પાંચ ટકા છૂટ આપી છે. જેથી હવે ૧૦ લાખની ઈલેક્ટ્રિક કાર પર ગ્રાહકે ફક્ત એક ટકા લેખે ૧૦ હજાર રૂપિયા જ ટેક્સ ભરવો પડશે, જેથી કાર માલિકને ૫૦ હજાર રૂપિયાનો ફાયદો થશે. હર્ષ સંઘવીએ ટ્વિટ કરીને જણાવ્યું કે, ગ્રીન મોબિલિટીને પ્રોત્સાહન આપતી ગુજરાત સરકાર! ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા માટે, ગુજરાત સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી સંપૂર્ણપણે ઈલેક્ટ્રિક વાહનો પર ૫% ટેક્સ છૂટની જાહેરાત કરી છે. આનાથી ટેક્સ દર ઘટીને માત્ર ૧% થઈ ગયો છે. નાગરિકો હવે વાહન ૪.૦ પોર્ટલ દ્વારા તેમના ઈલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. આ નાગરિક-કેન્દ્રિત પહેલ હરિયાળા અને સ્વચ્છ ગુજરાત તરફ રાજ્ય સરકારનું એક પગલું છે. ઉલ્લેખનીય છે કે, સરકારે સબસિડી બંધ કરતાં ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ ૪૪% સુધી ઘટી ગયું છે. ગુજરાત સરકાર વાહનચાલકોને કારની ખરીદી પર પર ૨ લાખ સુધી- ટુવ્હીલર પર ૨૦ હજાર સુધી સબસિડી અપાતી હતી. પરંતુ છેલ્લા બે વર્ષમાં સરકારે સબસીડી આપવાની જ બંધ કરી છે. જેથી ઈલેક્ટ્રિક વાહનના વેચાણમાં ઘટાડો આવી ગયો છે. સરકારે પ્રદૂષણ ઓછું કરવા માટે સબસીડી આપવાની શરૂઆત કરી હતી, પરંતુ હવે સબસીડી પર જ બ્રેક લાગી છે, તેથી લોકોએ ઈલેક્ટ્રિક વાહન ખરીદવાનું માંડી વાળ્યું છે. બીજી તરફ, વાહનો વેચનારાઓને મોટો ફટકો પડ્યો છે. જેને કારણે સરકારે ઈલેક્ટ્રિક વાહનોની ખરીદી વધે તે માટે નવી છૂટછાટ જાહેર કરી છે.

## ન્યૂઝ બ્રિફ

### પૂર્વ મુખ્યમંત્રી જગન રેડ્ડીની ૮૦૦ કરોડની સંપત્તિ જપ્ત

। (એજન્સી) અમરાવતી, તા.૧૮ ।

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મની લોન્ડરિંગના એક જૂના કેસમાં આંધ્ર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ જગન મોહન રેડ્ડીના ડેલ્મિયા સિમેન્ટ્સ (ભારત) લિમિટેડ (DCBL)ના ૨૭.૫ કરોડ રૂપિયાના શેર અને ૩૭૭.૨ કરોડ રૂપિયાની જમીનને કામચલાઉ રીતે જપ્ત કરી છે. જોકે, DCBL એ દાવો કર્યો છે કે, જપ્ત કરાયેલી મિલકતની કુલ કિંમત રુપિયા ૭૯૩.૩ કરોડની છે. આ કાર્યવાહી વર્ષ ૨૦૧૧ માં નોંધાયેલા સીબીઆઈ કેસ સાથે જોડાયેલી છે. એવો આરોપ છે કે ડેલ્મિયા સિમેન્ટ્સે ભારતી સિમેન્ટ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડમાં રોકાણ કર્યું હતું, જે જગન રેડ્ડીનું છે.

### ઈન્ફોસિસે ૨૪૦ ટ્રેઇની કર્મીને નોકરીમાંથી કાઢી મુક્યા

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૮ ।

દેશની જાણીતી IT કંપની Infosys એ ૨૪૦ એન્ટ્રી લેવલના કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે. આ ટ્રેઈની કર્મચારીઓ ઈન્ટરનલ ટેસ્ટમાં પાસ થઈ શક્યા નહોતા. કંપનીએ ૧૮ એપ્રિલે આ માહિતી આપી હતી. ફેબ્રુઆરીની શરૂઆતમાં કંપનીએ ૩૦૦ થી વધુ ટ્રેઈની કર્મચારીઓને છૂટા કર્યા હતા. જોકે, ઈન્ફોસિસે આ યુવાનોને NIIT અને UpGrad માં મફતમાં કૌશલ્ય શીખવાની તક આપી છે.

### ૨૦ એપ્રિલે પ્રદેશ અધ્યક્ષોના નામોની જાહેરાત થઈ શકે

## ૫ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોના નામોની જાહેરાત કરી શકે છે

**ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરાયા બાદ મંત્રીમંડળનું વિસ્તરણ અથવા ફેરબદલ પણ થઈ શકે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય જનતા પાર્ટી આ સપ્તાહના અંતે (૨૦ એપ્રિલ) ૫ રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોના નામોની જાહેરાત કરી શકે છે. ત્યારબાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પ્રક્રિયા શરૂ થશે. એવું કહેવાય છે કે આ મહિનાના અંત સુધીમાં ભાજપને નવા રાષ્ટ્રીય અધ્યક્ષ મળી શકે છે. આ અઠવાડિયે જ ભાજપના દિગ્ગજ નેતાઓની મોટી બેઠક યોજાઈ હતી, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, જે.પી નડ્ડા સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. આ ટૂંક સમયમાં કેટલાક સંગઠનાત્મક નિર્ણયોનો સંકેત આપે છે. સૂત્રોએ શુક્રવારે (૧૮ એપ્રિલ) જણાવ્યું કે, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી કરાયા બાદ મંત્રીમંડળનું વિસ્તરણ અથવા ફેરબદલ પણ થઈ શકે છે. આમાં NCP, શિવસેના જેવી સહયોગી પાર્ટીઓના નવા ચહેરાઓને મોદી કેબિનેટમાં સામેલ કરવામાં આવી શકે છે. જોકે, આની હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.

ઉત્તર પ્રદેશ, ગુજરાત, મધ્ય પ્રદેશ, કર્ણાટક, ઓડિશા, પશ્ચિમ બંગાળ અને અન્ય જેવા મહત્વના રાજ્યોને હજુ સુધી ભાજપના પ્રદેશ અધ્યક્ષ મળ્યા નથી. ત્યારે ભાજપ આ સપ્તાહના અંતે (૨૦ એપ્રિલ, ૨૦૨૫) પાંચ રાજ્યોના પ્રદેશ પ્રમુખોના નામોની જાહેરાત કરી શકે છે. પાર્ટીના બંધારણ અનુસાર, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પહેલાં ઓછામાં ઓછા ૫૦ ટકા રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષોની નિમણૂક થવી જરૂરી છે. અત્યાર સુધીમાં ૧૪ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખોની નિમણૂક થઈ ચૂકી છે, અને બાકીના રાજ્યોની જાહેરાત ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે.

આ સપ્તાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નિવાસસ્થાને એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને પાર્ટીના સંગઠન મહામંત્રી બી.એલ. સંતોષ હાજર રહ્યા હતા. આ બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી અને સંગઠનાત્મક ફેરબદલો અંગે ચર્ચા થઈ હોવાનું માનવામાં આવે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ પદ માટે કેન્દ્રીય મંત્રી મનોહર લાલ ખટ્ટર, ધર્મેન્દ્ર પ્રધાન અને ભૂપેન્દ્ર યાદવનું નામ ચર્ચામાં છે.

### વડાપ્રધાને જણાવ્યું શું થઈ હતી ચર્ચા

## પીએમ મોદીએ એલોન મસ્ક સાથે કરી ટેલિફોનિક વાત

**તેમણે એલોન મસ્ક સાથે ટેક્નોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રોમાં સહકારની અપાર સંભાવનાઓ પર ચર્ચા કરી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટેસ્લાના સીઈઓ એલોન મસ્ક સાથે ફોન પર વાત કરી છે. પીએમ મોદીએ મસ્ક સાથે વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી છે. પીએમ મોદી અને મસ્ક વચ્ચેની વાતચીતમાં આ વર્ષની શરૂઆતમાં વોશિંગ્ટન ડીસીમાં તેમની મીટિંગ દરમિયાન ચર્ચા કરવામાં આવેલા મુદ્દાઓને પણ આવરી લેવામાં આવ્યા હતા.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે તેમણે મસ્ક સાથે ટેક્નોલોજી અને ઈનોવેશનના ક્ષેત્રોમાં સહકારની અપાર સંભાવનાઓ પર ચર્ચા કરી. આ સાથે પીએમ મોદીએ કહ્યું કે ભારત આ ક્ષેત્રોમાં અમેરિકા સાથે તેની ભાગીદારીને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છે. વડાપ્રધાન મોદી અને મસ્કએ આજે ભારત અને અમેરિકા વચ્ચે ટેક્નોલોજી, અવકાશ સંશોધન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને વિકાસ જેવા ક્ષેત્રોમાં સહકારની અપાર સંભાવનાઓ પર ચર્ચા કરી હતી. પીએમ મોદીએ ભારતની 'ન્યૂનતમ સરકાર, મહત્તમ શાસન' નીતિ પર મસ્ક પર ભાર મૂક્યો હતો.

મસ્કે ભારતમાં સ્ટારલિંક સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવામાં તેમની રુચિનો પુનરોચ્ચાર કર્યો છે, જે હાલમાં નિયમનકારી મંજૂરીની રાહ જોઈ રહી છે. મસ્કે પીએમ મોદી સાથે ટેસ્લા દ્વારા ભારતમાં મેન્યુફેક્ચરિંગ બેઝ સ્થાપવા અને ઈલેક્ટ્રિક વાહનો પરની આયાત ડ્યૂટી ઘટાડવા અંગે પણ ચર્ચા કરી હતી.

### મુર્શિદાબાદમાં સ્થિતિ નિયંત્રણમાં હોવાનો સરકારનો દાવો

## મમતા સરકાર ઉશ્કેરણીજનક ભાષણો પર લગામ લગાવે : હાઈકોર્ટ

। (એજન્સી) કોલકાતા, તા.૧૮ ।

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં કેન્દ્રીય દળોની તૈનાતી જળવાઈ રહેશે. આ સિવાય રાજ્ય સરકારે ઉશ્કેરણીજનક ભાષણો પર નિયંત્રણ લાવવાની જરૂરિયાત છે તેમ કલકત્તા હાઈકોર્ટે મમતા સરકારને નિર્દેશ આપ્યા છે.

બીજીબાજુ મમતા સરકારે કબૂલ્યું હતું કે, હિંસાના દિવસે અંદાજે ૧૦,૦૦૦ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું. ઉશ્કેરાયેલી ભીડે પોલીસની પિસ્તોલ પણ આંચકી લીધી હતી. વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ ગયા સપ્તાહે પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદમાં ભડકેલી હિંસા પર રાજ્ય સરકારે કલકત્તા હાઈકોર્ટમાં સોગંદનામું દાખલ કર્યું હતું. મમતા સરકારે કબૂલ્યું કે, હિંસાના દિવસે અંદાજે ૧૦,૦૦૦ લોકોનું ટોળું



એકઠું થઈ ગયું હતું. ઉશ્કેરાયેલા ટોળામાં અંદાજે ૧૦ લોકો પાસે જીવલેણ હથિયાર હાત, જેનાથી પોલીસે તેમના અધિકારીઓને બચાવવા પડયા હતા. રિપોર્ટમાં કહેવાયું કે, અંદાજે ૮,૦૦૦થી ૧૦,૦૦૦ લોકોનું ટોળું પીડબલ્યુડી ગ્રાઉન્ડ પર એકત્ર થઈ ગયું હતું, જેમાંથી ૫,૦૦૦ લોકો ઉમરપુર તરફ આગળ વધ્યા હતા. બેકાબુ થઈ ગયેલા આ ટોળાએ પોલીસ કર્મચારીઓ પર ઈંટ-પથ્થર ફેંક્યા હતા. જોકે, રાજ્ય સરકારે કહ્યું કે, મુર્શિદાબાદમાં સ્થિતિ હાલ નિયંત્રણ હેઠળ છે. કલકત્તા હાઈકોર્ટે કહ્યું કે રાજ્ય સરકારે ઉશ્કેરણીજનક ભાષણો પર નિયંત્રણ રાખવાની જરૂર છે. વક્ફ સુધારાક યાદા વિરુદ્ધ દેખાવો સમયે ઉશ્કેરણીજનક ભાષણો આપવામાં ના આવે. જોકે, રાજ્ય સરકારની દલીલથી વિપરિત કલકત્તા હાઈકોર્ટે કહ્યું કે મુર્શિદાબાદ જિલ્લામાં સ્થિતિ હજુ સામાન્ય થઈ નથી. જેથી હિંસાગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાં કેન્દ્રીય દળોની તૈનાતી જળવાઈ રહેશે. દરમિયાન રાજ્યપાલ સીવી આનંદ બોસે કહ્યું કે તેઓ જમીની સ્થિતિ જાણવા માટે મુર્શિદાબાદ જશે.

### સિબ્બલે ઉપરાષ્ટ્રપતિ ધનખર પર કર્યા પ્રહાર

## ઉપરાષ્ટ્રપતિએ કોઈપણ પક્ષના પ્રવક્તાની જેમ વાત ન કરવી જોઈએ

। નવી દિલ્હી, તા.૧૮ ।

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરના નિવેદન પર વરિષ્ઠ વકીલ અને રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, રાષ્ટ્રપતિ ખાલી નામનું પદ છે અને રાજ્યપાલનું પદ પણ એવું જ છે. બંધારણે સુપ્રીમ કોર્ટને કલમ ૧૪૨ ની સત્તા આપી છે. તેમણે કહ્યું કે, ઉપરાષ્ટ્રપતિનું નિવેદન સાંભળીને તેમને દુઃખ અને આશ્ચર્ય થયું છે. તેમણે પાર્ટીના પ્રવક્તાની જેમ ન બોલવું જોઈએ પણ નિષ્પક્ષતાથી બોલવું જોઈએ. કપિલ સિબ્બલે એમ પણ કહ્યું કે, જ્યારે



સરકારના લોકોને ન્યાયતંત્રની વાત પસંદ નથી આવતી, ત્યારે તેઓ તેના પર હુમલો કરે છે, અને જ્યારે તેમને તે ગમે છે, ત્યારે તેઓ વિપક્ષને કહે છે કે, આ કોર્ટનો નિર્ણય છે. ઉપરાષ્ટ્રપતિએ તમિલનાડુ સરકાર વિરુદ્ધ રાજ્યપાલ કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, 'રાજ્યપાલ વિધાનસભા દ્વારા પસાર કરાયેલા બિલોને લાંબા સમય સુધી પેન્ડિંગ રાખી શકતા નથી.



# APSEZ મુંદ્રા ખાતે નેશનલ ફાયર સેફ્ટી વીકની ઉત્સાહભેર ઉજવણી

| અમદાવાદ, તા.૧૮ |

ભારતમાં સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ (APSEZ) ખાતે ૮૧મા ફાયર સેફ્ટી વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. ૧૪ થી ૨૦ એપ્રિલ સુધી રાષ્ટ્રીય અગ્નિશમન સેવા સપ્તાહ SEZ ઉદ્યોગો તેમજ આસપાસની શાળાઓમાં વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અદાણી પોર્ટ્સના અગ્નિશમન વિભાગ દ્વારા નેશનલ ફાયર સેફ્ટી વીકની ઉજવણીના ભાગરૂપે આયોજીત તાલીમમાં અદાણી પબ્લિક સ્કૂલ અને ઝરપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફાયર સેફ્ટી અંગે મોકડ્રીલ કરવામાં હતી. જેમાં આગ લાગે ત્યારે શું કરવું અને શું ન કરવું, આગના અલગ અલગ પ્રકારો, આગ લાગવાના કારણો એને તેને નિયંત્રણ કરવાના ઉપાયો, તેમજ અગમચેતીના પગલાઓ વિશે પણ નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ વર્ષે ફાયર સેફ્ટી વીકની થીમ "UNITE TO IGNITE, FIRE SAFE INDIA (ચાલો સૌ અગ્નિથી સુરક્ષિત ભારત દિપાવીએ)" રાખવામાં આવી. ભારતમાં દર વર્ષે ૧૪ એપ્રિલના દિવસે રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન (National Fire Service Day) મનાવવામાં આવે છે. જેમાં



સ્વબચાવ અંગે મહત્વપૂર્ણ માહિતી મળી રહે તેવા કાર્યક્રમો થકી લોકોને અગ્નિશમન વિશે માહિતગાર કરવામાં આવે છે.

સપ્તાહિક કાર્યક્રમોમાં સમુદ્ર ટાઉનશીપ ખાતે ફાયર સેફ્ટી બેનરોનું પ્રદર્શન, કર્મચારીઓ અને સહયોગી સ્ટાફ માટે ટેબલ ટોપ કસરત, ઓનલાઈન ક્વિઝ, આગ નિવારણ અને કટોકટીમાં બચાવ અંગે તાલીમ, કામદારોને અગ્નિશામક તાલીમ, MLTPL/CCPL ખાતે અગ્નિશામક કવાયત, ઈવેક્યુએશન અને ફાયર ફાઈટીંગ ડ્રિલ, ઉત્પાદક અને સપ્લાયર્સ દ્વારા અગ્નિ નિવારક જીવનરક્ષા ઉત્પાદનોનું પ્રદર્શન, ઈવેક્યુએશન અને ફાયર ફાઈટીંગ ડ્રીલ, અલ્ટીમેટ ફાયર ફાઈટર ચેલેન્જ વગેરે સામેલ છે.

APSEZ ઉપક્રમો સહિત આસપાસના રહેણાક વિસ્તારોમાં આગ નિવારણને પ્રોત્સાહન આપવા અને સલામત સંસ્કૃતિનું નિર્માણ કરવાની નેમ ધરાવે છે. ફાયર સેફ્ટી વિશે માહિતી મેળવવાની રસપ્રદ રીત અપનાવતા તેમાં રમતગમત અને રુચિકર પ્રવૃત્તિઓથી ફાયર સેફ્ટી અંગે જ્ઞાનવર્ધન થાય છે.

આગની પ્રત્યેક ઘટનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ નુકશાન થતું હોય છે. આ પ્રકારના જનજાગૃતિ કાર્યક્રમોથી આગ નિવારણની સાથે જાનમાલની હાનિ ચોક્કસપણે અટકાવી શકાય છે. અસરકારક અગ્નિ સલામતી વ્યવસ્થાપન પ્રણાલીના અમલીકરણથી આગથી થતી ઈજા અને મિલકતના નુકસાનમાં ઘટાડો થાય છે.

## ચણા અને રાયડાના ટેકાના ભાવે ખરીદીની થઈ જાહેરાત

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

ગુજરાતમાં આગામી તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરુ થશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે. ચણા અને રાયડાની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સીઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો. જેથી રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું નિશ્ચિંત થઈને પુષ્કળ વાવેતર કર્યું હતું. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે.

### ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે

## નવી કચેરીઓના બાંધકામ માટેના અનુદાનમાં સરકારે વધારો કર્યો

**પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે**

| અમદાવાદ, તા.૧૮ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે તેવી તેમ જ પંચાયત ઘર વિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કર્યો છે.નવીન ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી કમ મંત્રી આવાસ પણ બનાવીને ગ્રામીણ સ્તરે તલાટીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાનો પણ ગ્રામ્ય હિતકારી અભિગમ અપનાવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતા ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ અપાતી ૨૭ લાખ રૂપિયાની યુનિટ કોસ્ટના સ્થાને રૂ.૪૦ લાખની મહત્તમ મર્યાદા નિયત કરી છે. ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી વાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂ.૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે રૂપિયા ૧૭ લાખની સહાયના સ્થાને રૂપિયા ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. મુખ્યમંત્રીએ રાજ્યના તાલુકા પંચાયતોની કચેરીઓના બાંધકામ માટેની પ્રવર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરીને રૂપિયા ૩ કરોડ ૧૦ લાખને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કર્યો છે. જિલ્લા પંચાયત કચેરીઓના મકાનના બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં પણ વધારો કર્યો છે. જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિર્ણયને પરિણામે ગ્રામીણ સ્તરથી લઈને જિલ્લા પંચાયત સ્તર સુધી વધુ સુવિધા સભર કચેરીઓનું નિર્માણ થતાં લોકોને પણ સરળતા થશે અને વધુ સુદ્રઢ સેવા માળખું મળતું થશે.

### સરકારી કચેરીઓમાં વીજ વપરાશને લઈને પોલ ખુલ્લી પડી હતી

## નાણા મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કીમ ઔધોગિક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરાયું

**દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની છ વીજ કચેરી રૂ.નવ કરોડના ખર્ચે તૈયાર કરવામા આવી**

| (એજન્સી) સુરત, તા.૧૮ |

સુરતમાં માંગરોળ તાલુકાના લિડિયાત ગામે નાણા અને ઉર્જા મંત્રી કનુ દેસાઈના હસ્તે કીમ ઔધોગિક વિભાગીય કચેરીનું લોકાર્પણ કરવામા આવ્યું હતું. આ પ્રસંગે નાણામંત્રી કનુ દેસાઈએ સૌને સ્માર્ટ વીજ મીટર લગાવાની અપીલ પણ કરી હતી.

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડની છ વીજ કચેરી રૂ.નવ કરોડના ખર્ચે તૈયાર કરવામા આવી. જેમાં મોલવણ,મોટા બોરસરા અને પીપોદરા પેટા વિભાગીય કચેરી કડોદરા-૧ અને કડોદરા ઈન્ડ. પેટા વિભાગીય કચેરીઓના મકાનનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું.

સમગ્ર દેશની ૪૨ વીજ કંપનીઓમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની નંબર વન સ્થાને રહી છે. આ કંપનીમાં વીજ લોસ ઓછામાં ઓછો છે. મંત્રી કનું દેસાઈએ સ્માર્ટ મીટરની ઉપયોગીતા જણાવીને સ્માર્ટ મીટર પોતાના ઘરો પર નખાવવા અનુરોધ કર્યો હતો. આ કચેરીઓના નવીન નિર્માણીધીન મકાન થકી કચેરીના વિજલક્ષી સેવાઓ અર્થે મુલાકાત માટે આવતા ગ્રાહકોને, પાર્કિંગ, બેસવા માટેની વ્યવસ્થા, પીવાના પાણીની જેવી પાયાની સુવિધાઓ મળી રહેશે આ લોકપણમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિની પટેલ, ડીજીવીસીએલના કિમ કડોદરા ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામ સરકારી અને સહકારી કચેરીઓના નિર્માણ થકી સ્થાનિક સુવિધાઓને વિસ્તાર આપવામાં તથા લોક આકાંક્ષાઓને સંતોષવામાં વધુ સરળતા રહેશે.

સરકાર લોકોને વીજ સુવિધા આપવાની વાતો કરે છે પરંતુ સરકારી કચેરીઓમાં વીજ વપરાશને લઈને પોલ ખુલ્લી પડી હતી. હાલમાં સંદેશ ન્યૂઝ દ્વારા રિયાલિટી ચેકમાં પંચમહાલ સહિત અન્ય સ્થાનો પર સરકારી કચેરીઓમાં વીજ વેડફાટ જોવા મળ્યો. સરકાર દ્વારા વીજળી બચાવોની બૂમો પાડતા લોકોને અપીલ કરવામાં આવે છે પરંતુ સરકારી કચેરીઓમાં કર્મચારીઓ અને સરકારી બાબુઓ હાજર ના હોવા છતાં લાઈટ પંખા અને એસી ચાલુ જોવા મળ્યા. સરકારી કચેરીઓમાં વીજ વેડફાટના સમાચાર સામે આવ્યા બાદ તંત્ર હરકતમાં આવતા કચેરીઓમાં વીજ બચાવ અભિયાન હાથ ધર્યું હતું.

## આજે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રો સેવા બંધ રહેશે

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

રાજ્ય સરકાર નાગરિકોને નવી નવી સુવિધાઓ મળે તે માટે હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે ગાંધીનગર-અમદાવાદ અવરજવર કરતા લોકો માટે મેટ્રો સેવા પણ શરૂ કરવામાં આવી છે અને હજારોની સંખ્યામાં લોકો આ સેવાનો ઉપયોગ કરે છે. ૧૯ એપ્રિલે મેટ્રો સેવા થોડોક સમય માટે બંધ રહેશે. સવારે ૮:૦૦થી બપોરે ૧૨.૩૦ વાગ્યા સુધી મેટ્રો સેવા બંધ રહેશે. મોટેરાથી ગાંધીનગર સેક્ટર ૧ સુધીનો મેટ્રોનો રૂટ બંધ રહેશે. મેટ્રો સેવા બંધ રાખવા પાછળનું કારણ એ છે કે આ સમય દરમિયાન મેટ્રોના ઈન્સ્પેક્શનની કામગીરી હાથ ધરાશે અને તેના કારણે રૂટ બંધ રહેશે. જો કે બપોરે ૧૨.૩૦ વાગ્યા બાદ નાગરિકો મેટ્રોનો ઉપયોગ કરી શકશે.

### અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે

## DEOની પ્રાયમરી સ્કૂલોને સૂચના, બપોરે ૧૨ વાગ્યા સુધી શિક્ષણ કાર્ય પૂર્ણ કરો

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

ગુજરાતમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત છે. હવામાન વિભાગે કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં હીટવેવની આગાહી કરી છે. તે ઉપરાંત રાજકોટ અને કચ્છમાં યલો એલર્ટ સાથે હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધીનું તાપમાન રહેશે. આગ ઝરતી આ ગરમીમાં સ્કૂલોમાં ભણતા નાના ભૂલકાઓને લઈને અમદાવાદ શહેર ડીઈઓએ સ્કૂલોને કડક સૂચના આપી છે. શહેરની સ્કૂલોને બપોરે ૧૨ વાગ્યા પહેલા શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવા સૂચના આપી છે.અમદાવાદમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી વટાવી જતાં આગઝરતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. ત્યારે પ્રાથમિક વિભાગમાં ભણતા નાના બાળકોને લૂ લાગે નહીં અને તેમનું આરોગ્ય સચવાઈ રહે તે માટે અમદાવાદ શહેર ડીઈઓ રોહિત ચૌધરીએ શહેરની તમામ સ્કૂલોને સૂચના આપી છે કે,૧૨ વાગ્યા સુધીમાં શૈક્ષણિક કાર્ય પૂર્ણ કરવું પડશે. ૧૨ પછી શૈક્ષણિક કાર્ય ચાલુ રહેશે તો કાર્યવાહી કરવામાં આવશે. શિક્ષણ અધિકારી રોહિત ચૌધરીએ કહ્યું હતુ કે, અમદાવાદમાં ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. જેના કારણે નાના બાળકોને કોઈ તકલીફ ના થાય તેથી તમામ સ્કૂલોને પ્રાથમિક વિભાગમાં ભણતા બાળકોનું શૈક્ષણિક કાર્ય બપોરે ૧૨ વાગ્યા પહેલા પૂર્ણ કરી દેવા સૂચના આપી દેવાઈ છે.

### આગ વરસતી ગરમીમાં મુસાફરોની વહારે સુરત પાલિકા

## BRTS બસના મુસાફરોને માટે બસ સ્ટેન્ડ પર ORS ની સુવિધા

| (એજન્સી) સુરત, તા.૧૮ |

સુરતમાં છેલ્લા કેટલાક દિવસથી આકાશમાંથી આગ વરસતી હોય તેવી ગરમી પડી રહી છે. આ ગરમીના કારણે શહેરીજનોની હાલત કફોડી થઈ રહી છે. આ ઉપરાંત આગામી દિવસોમાં ગરમી વધે તેવી હવામાન ખાતાની આગાહી હોવાથી સુરત પાલિકાએ પાલિકાની બીઆરટીએસ બસમાં મુસાફરી કરતા મુસાફરોને હીટ સ્ટ્રોકથી બચાવવા માટે બીઆરટીએસ બસ સ્ટેન્ડ પર પાલિકા ઓ.આર.એસ. અને પાણીની સુવિધા ઉભી કરવાનો નિર્ણય કરવામા આવ્યો છે. સુરતમાં આકાશમાંથી આગ વરસતી ગરમીથી લોકો ત્રાહિમામ થઈ ગયા છે અને ગરમીનું પ્રમાણ વધુ હોય કામ વિના લોકોને બહાર ન નીકળવા માટે પાલિકા તંત્ર દ્વારા અપીલ કરવામા આવી છે. પરંતુ નોકરી ધંધા કે અન્ય કામ માટે લોકોએ બહાર જવું પડે અને પાલિકાની બસ સેવાનો ઉપયોગકરવામાંઆવેછે.આવાસમયે પાલિકાની બસના મુસાફરોને ગરમીથી બચાવવા પાલિકાના બસ સ્ટેન્ડ પર ORS ની સુવિધા ઉભી કરવામાં આવી છે. આકાશમાંથી આકરી ગરમી વધી રહી છે ત્યારે બસમાં મુસાફરી કરનારા મુસાફરોને હિટ સ્ટ્રોક તેમજ ડિહાઈડ્રેશનની ભીતિ રહેલી છે. આવા સમયે ઉધનામાં આવેલા ૨૦ બસ સ્ટેન્ડ પર પાણી અને ઓઆરએસની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આ દરેક બસ સ્ટેન્ડ પર ઓઆરએસના પેકેટ તથા ઠંડા પાણીના કુલર મુકવામાં આવ્યા છે. આ બસ સ્ટેન્ડ પર હાજર કર્મચારીઓ મુસાફરોને તેમજ બસ સ્ટેન્ડ પરથી અવાર જવર કરતા લોકોને ઠંડુ પાણી આપી રહ્યાં છે. સાથે સાથે મુસાફરોને ગરમીથી બચવા માટે ક્યા પ્રકારની તકેદારી રાખવી તે માટે સમજણ પણ આપી રહ્યાં છે.

## અમદાવાદમાં ઘરફોડ ચોરીના કેસનો આરોપી ઝડપાયો

| (એજન્સી) અમદાવાદ, તા.૧૮ |

અમદાવાદના સેટેલાઈટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગત ૩ માર્ચના રોજ થયેલી ઘરફોડ ચોરી મામલે ઝોન ૭ LCB સ્કોર્ડે એક આરોપીની ધરપકડ કરી છે. વૃંદાવન બંગ્લોમાં ૩ માર્ચે રૂપિયા ૪૫ લાખના સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમની ચોરી થઈ હતી. પોલીસે ૩૫૦ CCTV ફુટેજ ચેક કરીને આરોપીની ધરપકડ કરી છે અને આશરે ૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસે મહેસાણા અને બરોડા સુધી ૩૫૦થી વધુ સીસીટીવીની ચકાસણી કરી હતી. જેમાં શંકાસ્પદ પલ્સર મોટર સાઈકલની ચકાસણી કરતા આરોપીની ઓળખ થઈ હતી. આરોપી અર્જુન વિનોદસિંહ રાજપૂત ખુબ જ રીઢો ચોર છે અને જેની સામે ભૂતકાળમાં ૫૨ ચોરીની ફરિયાદ નોંધાઈ છે, જોકે અનેક ચોરીમાં તે અને તેનો મોટો ભાઈ ભેગા મળીને ચોરી કરતા હોવાનું સામે આવ્યું છે.

**વિશેષ**

### શ્રી પ્રવીણ ક. લહેરીનો અભિવાદન સમારોહ અમદાવાદમાં યોજાયો

## પ્રવીણ ક. લહેરીનાં ત્રણ પુસ્તકો - 'ગૌરવ ગુજરાતનું', 'અંતરંગ' અને 'સાંપ્રત સમયનો પડકાર'નું વિમોચન થયું

| (માહિતી) અમદાવાદ |

ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય સચિવ, અનેક સામાજિક-ધાર્મિક સંસ્થાઓનાં મોભી અને સાહિત્યકાર-કટારલેખક શ્રી પ્રવીણ ક. લહેરીના ૮૦મા જન્મદિવસ નિમિત્તે અમદાવાદમાં એએમએ ખાતે તેમનો અભિવાદન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે શ્રી લહેરીનાં ત્રણ પુસ્તકો - 'ગૌરવ ગુજરાતનું', 'અંતરંગ' અને 'સાંપ્રત સમયનો પડકાર'નું વિમોચન પણ કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજી (શિવાનંદ આશ્રમ, અમદાવાદ), અતિથિ વિશેષ તરીકે BAPS સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂજ્ય બ્રહ્મવિહારીદાસજી અને પરમ પૂજ્ય સ્વામી નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ, રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ) ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે લેખકને આશીર્વચન પાઠવ્યા હતા. શ્રી પ્રવીણ લહેરીએ પોતાના પ્રતિભાવમાં સુશાસનના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સુશાસન સંવેદનશીલ, વહીવટ લોકાભિમુખ હોવું જોઈએ અને પ્રામાણિક નાગરિકોનું સન્માન થવું જોઈએ.



જાહેર સેવામાં જોડાનાર વ્યક્તિ માટે નોકરી એ મર્યાદા નહીં પરંતુ પ્રેરણાનો સ્રોત બનવી જોઈએ. તેમણે ઉમેર્યું કે વ્યક્તિએ પોતાના નક્કી કરેલા જાહેર હિતનાં કાર્યો ખંતપૂર્વક કરવા જોઈએ, કારણ કે કામ કરવાથી જ કામ શીખી શકાય છે, જેમ કે પાણીમાં પડવાથી તરતા આવડી જાય છે.

શ્રી લહેરીએ આ સમારોહમાં તેમના વિશે કહેવામાં આવેલી સારી બાબતોનો શ્રેય તેમના જીવનમાં આવેલા અગણિત લોકો અને તેમને મળેલા સહયોગને આપ્યો હતો. તેમણે પરસ્પર સહયોગની ભાવના પર ભાર મૂકતા કહ્યું કે આપણી સફળતામાં અનેક લોકોનો ફાળો હોય છે, કોઈ પણ સફળતા વ્યક્તિગત હોતી નથી. આ પ્રસંગે તેમણે પોતાના માતા-પિતા, પરિવારજનો, ધર્મપત્ની અને સમગ્ર કુટુંબને યાદ કરીને તેમની સફળતામાં દરેક પરિવારજનના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો.

શ્રી લહેરીએ પોતાના માતાને સમતાની મૂર્તિ અને પિતાને પ્રતાપી તેમજ આઝાદીના લડવૈયા તરીકે યાદ કર્યા હતા.

સ્વામી શ્રી પરમાત્માનંદ સરસ્વતીજીએ તેમના આશીર્વચનમાં જીવનના શાશ્વત નિયમો અને માનવ જીવનની વિશિષ્ટતા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું કે સૃષ્ટિના નિયમ અનુસાર દરેકની ઉત્પત્તિ, વિકાસ અને વિનાશ નિશ્ચિત છે અને ઉંમરમાં વધારો થવો એ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. મનુષ્ય અન્ય જીવોથી અલગ એવી બુદ્ધિ અને પૂર્ણ અંતઃકરણ ધરાવે છે, તેથી તેનો સાચો વિકાસ માત્ર ઉંમરમાં નહીં પરંતુ તેના મન અને બુદ્ધિના વિકાસમાં રહેલો છે. વૃદ્ધ થવું સામાન્ય છે, પરંતુ બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસ અત્યંત આવશ્યક છે અને લહેરી સાહેબ આવા જ એક વિકસિત ચેતના ધરાવતા સાચા વડીલ છે.

વર્તમાન શિક્ષણ પ્રણાલિ માત્ર આર્થિક ઉપાર્જનનું જ્ઞાન આપે છે, જીવન જીવવાની કળાનું નહીં. તે માત્ર માહિતીનું પ્રસારણ કરે છે. જ્યારે ભારતની પ્રાચીન ગુરુકુળ પરંપરા વ્યક્તિને સમાજનો એક યોગદાન આપનારો સભ્ય બનાવવા પર ભાર મૂકતી હતી. આ દેશનો દરેક નાગરિક પોતાના અધિકારો અને ભોગને બદલે ફરજ અને ધર્મને સમર્પિત હતો અને લહેરી સાહેબ સાચા અર્થમાં પોતાની ફરજ અને સ્વધર્મને સમર્પિત નાગરિક છે.

જીવન મૂલ્યો માત્ર આદેશો દ્વારા શીખવી શકાતા નથી, પરંતુ આચરણ દ્વારા જ તેનું સિંચન થાય છે. મૂલ્યોને આત્મસાત કરવા માટે આદર્શ વ્યક્તિઓનું હોવું જરૂરી છે અને લહેરીસાહેબ એક એવા જ આદર્શ વ્યક્તિત્વ છે. તેમના સમગ્ર જીવન અને આચરણને જો નવલકથાના રૂપમાં લોકો સમક્ષ મૂકવામાં આવે તો યુવાનો તેમના જીવનમાંથી પ્રેરણા મેળવી શકશે.

આવેગો આવવા એ મનુષ્ય સ્વભાવ છે, પરંતુ જે વ્યક્તિ પોતાના આવેગોને નિયંત્રિત કરી શકે છે, તેને ભગવાન કૃષ્ણે સુખી પુરુષ કહ્યો છે. લહેરીસાહેબે ક્રોધ અને ઘૃણા જેવા તમામ આવેગોને વશમાં રાખીને તેમને સોંપવામાં આવેલી દરેક જવાબદારીને સંપૂર્ણ નિષ્ઠાથી નિભાવી છે. માત્ર પોતાના વિશે વિચારવું એ પશુતા છે, જ્યારે બીજાને આપવા માટે વિશાળ હૃદય રાખવું એ માનવતા છે. લહેરી સાહેબે પોતાના જીવનમાં બીજાઓ માટે પ્રેમ, સમર્પણ અને વિનમ્રતા દાખવીને એક ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ વિડિયો સંદેશ દ્વારા જણાવ્યું હતું કે, પ્રમુખ સ્વામી મહારાજના આશીર્વાદ હંમેશાં લહેરીસાહેબ પર રહ્યા છે. વ્યક્તિની ઓળખ તેના સંપર્કમાં રહેલા લોકો પરથી થાય છે. આજે ઉપસ્થિત વિશાળ જનસમુદાય લહેરી સાહેબના અનન્ય વ્યક્તિત્વનો પુરાવો છે.

સ્વામીજીએ લહેરી સાહેબને સૌના પ્યારા અને પોતાના સંપર્કમાં આવનાર દરેકને પ્રસન્ન કરનાર વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા.

તેમણે પોતાના અંગત અનુભવો વર્ણવતા કહ્યું કે તેમણે લહેરી સાહેબને ખૂબ નજીકથી જોયા છે અને તેમની સાથે અનેક યાદગાર પ્રસંગો જોડાયેલા છે. લહેરી સાહેબે પોતાના કાર્યોથી સૌનો પ્રેમ અને વિશ્વાસ જીત્યો છે. સચિવાલયના ઉચ્ચ હોદ્દા પર રહીને તેમણે ગુજરાતની નિષ્ઠાપૂર્વક સેવા કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વર્જિનિયામાં ગેસ સ્ટેશન ચલાવતા પિનાકિન પટેલની ગોળી મારીને હત્યા

## ઈન્ડિયનને ટાર્ગેટ કરીને કરાતા હુમલા વધી ગયા, ચોરીના ઈરાદે મૃતકને ગોળી મારવામાં આવી હતી અને હાલ આ મામલામાં યુવકની શોધખોળ ચાલી રહી છે

। (એજન્સી) વર્જિનિયા, તા.૧૮ ।

અમેરિકાના વર્જિનિયા સ્ટેટમાં વધુ એક ગુજરાતીની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે, ડેનવીલ પોલીસના જણાવ્યા અનુસાર ૪૭ વર્ષના પિનાકિન પટેલને ગુરુવારે બપોરે શૂટ કરવામાં આવ્યા હતા. આ ઘટનામાં એરપોર્ટ માર્ટ એક્સોન ગેસ સ્ટેશનની બહાર બપોરે ૧૨.૪૧ મિનિટે શૂટિંગ થયું હોવાની પોલીસને માહિતી મળી હતી, જે ગેસ સ્ટેશનના પાર્કિંગ લોટમાં પિનાકિન પટેલને ગોળી મારવામાં આવી હતી તે જ સ્ટોર સાથે તેઓ સંકળાયેલા હતા. જોકે, તેઓ અહીં જોબ કરતા હતા કે પછી ઓનર હતા તેની કોઈ વિગતો નથી મળી શકી. ગોળી વાગવાથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા પિનાકિન પટેલને પ્રાથમિક સારવાર આપી હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા પરંતુ ત્યાં તેમનું મોત થઈ ગયું હતું. પોલીસનું માનવું છે કે ચોરીના ઈરાદે મૃતકને ગોળી મારવામાં આવી હતી અને હાલ આ મામલામાં ૨૧ વર્ષના એક યુવકની શોધખોળ ચાલી રહી છે જેનું નામ જેલિન લોવન જણાવાયું છે. ક્રાઈમ સીન પરથી એક કાર નીકળી હોવાનું પોલીસને જાણવા મળ્યા બાદ તેની લાઈસન્સ પ્લેટના આધારે આરોપીની ઓળખ કરવામાં આવી હતી અને હાલ તેના પર સેકન્ડ ડિગ્રી મર્ડરનો ચાર્જ લગાવાયો છે. પોલીસે આરોપીની માહિતી આપનારાને ૫૦૦ ડોલરનું ઈનામ આપવાની પણ જાહેરાત કરી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે ચોરી અથવા લૂંટના ઈરાદે પોતાને ગન બતાવનારા યુવક સાથે પિનાકિન પટેલને ઝપાઝપી થઈ હોવી જોઈએ અને આ દરમિયાન તેમને ગોળી મારવામાં આવી




હોય તેવી શક્યતા છે. આ કેસની તપાસ હાલ ચાલુ હોવાથી તેમજ આરોપી પણ હાથમાં ના આવ્યો હોવાના કારણે પોલીસે તેની વધુ કોઈ વિગતો જાહેર નથી કરી, પિનાકિન પટેલ કેટલા વર્ષથી અમેરિકામાં રહેતા હતા, તેમની ફેમિલીમાં કોણ-કોણ છે, ગુજરાતમાં તેઓ મૂળ ક્યાંના હતા તેમજ હાલ તે કયા સ્ટેટસ પર હતા તેની પણ માહિતી નથી મળી શકી તેમજ પોલીસ દ્વારા તેમનો ફોટોગ્રાફ પણ જાહેર નથી કરાયો. ગુજરાતીઓની સારી એવી વસ્તી ધરાવતા અમેરિકન સ્ટેટ વર્જિનિયામાં હજુ ગયા મહિને જ સ્ટોર ચલાવતા ગુજરાતી પિતા-પુત્રીની વહેલી સવારે ગોળી મારીને હત્યા કરી દેવાઈ હતી. આ ઘટનામાં મહેસાણાના કનોડા ગામના પ્રદીપ પટેલ અને તેમની દીકરી ઉર્મી પટેલનું મોત થયું હતું. માર્ચ ૨૦ના રોજ સંભવતઃ રોબરી કરવાના ઈરાદે સવારે પાંચેક વાગ્યે જ સ્ટોરમાં ઘૂસી ગયેલા એક અશ્વેતે પ્રદીપ ભાઈ અને તેમની દીકરીને ગોળી મારી હતી, જેમાં ૫૬ વર્ષના પ્રદીપભાઈનું સ્ટોરમાં જ મોત થઈ ગયું હતું જ્યારે તેમની દીકરી ઉર્મીએ એકાદ-બે દિવસની સારવાર બાદ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા, ૨૪ વર્ષની ઉર્મીના હજુ બે વર્ષ પહેલા જ લગ્ન થયા હતા અને ત્રણેક વર્ષ પહેલા યુએસ શિફ્ટ થયેલા આ ગુજરાતી પરિવારે વર્જિનિયાની એકોમેક કાઉન્ટીમાં પોતાનો સ્ટોર શરૂ કર્યો હતો જેને આખી ફેમિલી સાથે મળીને ચલાવતી હતી. યુએસમાં ચોરી અને લૂંટની ઘટનામાં ગોળી વાગવાથી દર વર્ષે હજારો લોકોના મોત થતા હોય છે, જેમાં ગુજરાતીઓનો પણ સમાવેશ થાય છે. યુએસમાં બિઝનેસ સાથે સંકળાયેલા ગુજરાતીઓ હંમેશા ક્રિમિનલ્સના સોફ્ટ ટાર્ગેટ પર રહેતા હોય છે અને જો તેમની પાસે ગન હોય તો ચૂપચાપ તેમની ડિમાન્ડના તાબે થઈ જવામાં જ સલામતી છે, કારણકે ક્રાઈમ કરતા મોટાભાગના લોકો ડ્રગ્સના બંધાણી હોય છે અને જો તેઓ નશાની હાલતમાં રોબરી કરવા આવ્યા હોય તો ગમે ત્યારે કોઈનો પણ જીવ લઈ શકે છે. વર્જિનિયામાં જ ગુજરાતીઓને શૂટ કરવાની બે અલગ-અલગ ઘટના એ વાતની સાબિતી આપે છે કે અમેરિકામાં પોતાનો બિઝનેસ ચલાવવો કેટલો રિસ્કી છે.

**ન્યૂઝ બ્રિફ**

### ઈઝરાયલ સાથે સમાધાન કરવા હમાસ આખરે તૈયાર

। (એજન્સી) હમાસ, તા.૧૮ ।

ઈઝરાયલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલતું યુદ્ધ હવે ખતમ થવાની અણીએ હોય તેવું લાગે છે. હમાસે ઈઝરાયલને યુદ્ધ ખતમ કરવાનું આહ્વાન કરતાં કહ્યું કે અમે તમામ બંધકોને છોડવા તૈયાર છીએ પણ સામે તમારે યુદ્ધ ખતમ કરવું પડશે. હમાસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે ઈઝરાયલની જેલમાં કેદ પેલેસ્ટિની નાગરિકોના બદલામાં તમામ બંધકોને છોડવા રાજી છીએ. અમે તમામ ઈતરાયલી બંધકોને મુક્ત કરી દઈશું. હમાસના નેતા ખલીલ અલ હાયાએ ટેલિવિતન પર કહ્યું કે હવે અમે કોઈ વચગાળાની સમજૂતિ કરવા માગતા નથી. કાયમી ઉકેલ લાવવો પડશે. તાતકાલિક અસરથી યુદ્ધ ખતમ કરો. અમે ગાઝામાં યુદ્ધ નથી ઈચ્છતા. હાયાએ કહ્યું કે ઈતરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ અને તેમની સરકાર પોતાના પોલિટિકલ એજન્ડા માટે આંશિક સમજૂતીઓ કરી લે છે. જેના કારણે ગાતામાં ભૂખમરાંની સ્થિતિ ઘેરાતી જઈ રહી છે.

### સુંદર છોકરી બતાવી ૨૫ વર્ષ મોટી વિધવા સાથે દિયરના નિકાહ કરાવ્યા

। (એજન્સી) મેરઠ, તા.૧૮ ।

ઉત્તર પ્રદેશના મેરઠમાં એક વિચિત્ર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં એક યુવકે પોતાની ભાભી અને ભાઈ પર ગંભીર આરોપો લગાવીને ન્યાયની માંગણી કરી છે. યુવકનો આરોપ છે કે, તેના ભાઈ અને ભાભીએ ૨૫ વર્ષ મોટી વિધવા મહિલા સાથે તેના નિકાહ કરાવી નાખ્યા અને વિરોધ કરવા પર બળાતકારના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. આ બધાથી કંટાળીને આખરે યુવકે પોલીસની મદદ માંગી છે. આ મામલો મેરઠના બ્રહ્મપુરી પોલીસ સ્ટેશન વિસ્તારનો છે, જ્યાં તારાપુરીનો રહેવાસી અતીમ નામનો યુવક મેરઠ એસએસપી ઓફિસ પહોંચ્યો અને અરજી કરી હતી. અતીમના જણાવ્યા અનુસાર તેના માતા-પિતાનું અવસાન થઈ ગયું છે અને તે તેના મોટા ભાઈ નદીમ અને ભાભી શાયદા સાથે તેના પૈતૃક ઘરમાં રહે છે.

### છેડતીના આરોપમાં JNUના પ્રોફેસરને સસ્પેન્ડ કરાયાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (JNU) પ્રશાસને એક સીનિયર ફેકલ્ટી મેમ્બરને જાપાની દૂતાવાસની એક મહિલા કર્મચારીના જાતીય સતામણીના આરોપસર એક સીનિયર ફેકલ્ટીને બરતરફ કરી દીધા છે. યુનિવર્સિટીએ લાંબી તપાસ બાદ આ નિર્ણય લીધો છે. JNU ના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કથિત ઘટના અમુક મહિના પહેલાં યુનિવર્સિટીના એક કાર્યક્રમ દરમિયાન થઈ હતી. યુનિવર્સિટીના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, આ કોઈ એક મામલો નથી, પ્રોફેસર સામે પહેલાં પણ અનેક ફરિયાદ મળી હતી. યુનિવર્સિટીના કુલપતિ શાંતિશ્રી ધુલીપડી પંડિતે જણાવ્યું કે, 'આ વહીવટ જાતીય સતામણી કરનારાઓ, રેન્ટ સીકિંગ અને ભ્રષ્ટ કર્મચારીઓ પ્રત્યે તીરો-ટૉલરેન્સની નીતિ માટે પ્રતિબદ્ધ છે.

### હવે યાત્રાળુઓ માટે ચારધામ યાત્રા થઈ જશે સરળ

## હિમાલયના પહાડોમાં બનાવી ભારતની સૌથી લાંબી રેલવે સુરંગ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતીય રેલવેએ ઋષિકેશ-કર્ણપ્રયાગ પ્રોજેક્ટમાં ૧૪.૫૮ કિલોમીટર લાંબી ટનલ નંબર ૮નું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે, જે દેશની સૌથી લાંબી પરિવહન ટનલ છે. આ પ્રોજેક્ટ ૨૦૨૬-૨૭ સુધીમાં પૂર્ણ થશે અને ચારધામ યાત્રાને સરળ બનાવશે. ભારતીય રેલવે દુનિયાનું સૌથી મોટા રેલ નેટવર્ક્સમાંથી એક છે. ભારતીય રેલના નામે ઘણી ઉપલબ્ધીઓ નોંધાયેલી છે. હવે આ સફળતાઓમ વધુ એક અધ્યાય જોડાવા જઈ રહ્યો છે. ભારતીય રેલ ઋષિકેશ-કર્ણપ્રયાગ રેલ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે. આ આખો રસ્તો ટનલ્સથી ભરપૂર છે. ઉત્તરાખંડની પહાડીઓમાં બની



રહેલા આ રેલ પ્રોજેક્ટમાં રેલવેએ એક ઐતિહાસિક ઉપલબ્ધી પ્રાપ્ત કરી છે. આ પ્રોજેક્ટમાં ટનલ નંબર ૮ને સંપૂર્ણપણે ખોદી દેવાઈ છે. આ ટનલ નંબર ૮ માત્ર આ પ્રોજેક્ટની જ નહીં, પરંતુ દેશની સૌથી લાંબી ટ્રાન્સપોર્ટ ટનલ બની ગઈ છે. જેની લંબાઈ ૧૪.૫૮ કિમી છે. આ પહેલાં જમ્મૂ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં રહેલી ટનલો સૌથી લાંબી ટનલ્સ માનવામાં આવતી હતી. આ પ્રોજેક્ટ માત્ર લંબાઈ કે કનેક્ટિવિટી વિશે જ નથી, પરંતુ ટેકનીકલી પણ આ એક મોટું પગલું છે. પ્રથમ વખત જ હિમાલયી વિસ્તારોમાં ટનલ બોરિંગ મશીન (TBM)નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેનાથી ૧૦.૪ કિમી ખોદકામ કરવામાં આવ્યું હતું. બાકીનું ખોદકામ ન્યુ ઓસ્ટ્રિયન તાણલિંગ મેથડ (NATM)થી કરવામાં આવી હતી. આ ટેકનીકનું હિમાલયી પરિસ્થિતિઓમાં સફળ થવું રેલવે એન્જીનીયરીંગ માટે મોટી વાત છે. આ ટનલના નિર્માણમાં ઘણા મોટા પડકારો આવ્યા હતા- જેમ કે, નબળા પથ્થરો, ૮૦૦ મીટર સુધી ભારે ઓવરબર્ડન અને ઘણી જગ્યાઓએ પ્રત્યેક મિનિટ ૨૦૦૦ લીટર સુધી પાણીનું વહેણ. છતાં પણ એન્જીનીયરોએ રેકોર્ડ સમયમાં આ કામ પૂર્ણ કર્યું છે, જે હવે આ પ્રોજેક્ટની ટેક્નિકલ ક્વોલિટીનું પ્રમાણ બની ચૂક્યું છે. ઋષિકેશ-કર્ણપ્રયાગ પ્રોજેક્ટ માત્ર એક રેલ લાઈન નથી, પરંતુ એક ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિલવોલ્યુશન છે. તેનો હેતુ ચારધામ યાત્રાને સરળ બનાવવાનો, પ્રકૃતિની પહોંચ વધારવી અને પહાડી જિલ્લાઓની અર્થવ્યવસ્થાને મજબૂતી આપવી છે. આ રેલ લાઈન પાંચ જિલ્લા દહેરાદૂન, ટિહરી ગઢવાલ, પૌડી ગઢવાલ, રુદ્રપ્રયાગ, ચામૌલીને જોડશે અને દેવપ્રયાગ, શ્રીનગર, રુદ્રપ્રયાગ, ગૌચર અને કર્ણપ્રયાગ જેવા મહત્વના શહેરોએ થઈને પસાર થશે.

## ડેટિંગ સાઇટ પરથી યુવતી સાથેની મિત્રતા કોન્ટ્રાક્ટરને ૩.૫૦ લાખમાં પડી

। (એજન્સી) મુંબઈ, તા.૧૮ ।

અમદાવાદના એક કોન્ટ્રાક્ટરે આનંદ માટે ક્વેક ક્વેટ ડેટિંગ મોબાઈલ એપ્લિકેશન પરથી એક મહિલા સાથે મિત્રતા કરી હતી. તે મહિલાને બોપલ ખાતે મળવા બોલાવી હતી. મહિલા અને કોન્ટ્રાક્ટર એક હોટલમાંથી નીચે ઉતરતા હતા તયારે જ તયાં આવેલા કેટલાક લોકોએ પોતાની ઓળખ એટીએસના કર્મચારી તરીકે આપી હતી. મહિલાના સાગરીતોની આ ગેંગે કોન્ટ્રાક્ટરને તમે મહિલાને સાથે રાખી ડ્રગ્સનો ધંધો કરો છે. તેમ કહીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને સાડા ત્રણ લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આ અંગે સરખેજ પોલીસે કોન્ટ્રાક્ટરની ફરિયાદ નોંધી તેમની મિત્ર બનેલી કવિતા પટેલ નામની મહિલા સહિત પાંચ લોકો વિરુદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.અમદાવાદમાં રહેતો મનોજ (નામ બદલ્યું છે) કોન્ટ્રાક્ટર તરીકે કામ છે અને પરિવાર સાથે રહે છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં મનોજે ક્વેક ક્વેક નામની ડેટિંગ એપ્લિકેશન મોબાઈલ ફોનમાં ડાઉનલોડ કરી હતી. તે છેલ્લાં એક મહિનાથી કવિતા પટેલ નામની એક યુવતી સાથે સપર્કમાં આવ્યો હતો.

### નરેન્દ્ર મોદીએ ગણાવી ગર્વની ક્ષણ

## યુનેસ્કોની મેમોરી ઓફ વર્લ્ડ રજિસ્ટરમાં ભગવદ્ ગીતાનો સમાવેશ કરવામાં આવ્યો

### આ અંગેની માહિતી કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે ટ્વિટર પર આપી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતના સાંસ્કૃતિક અને દાર્શનિક વારસાને વૈશ્વિક મંચ પર મોટી માન્યતા મળી છે. ભરત મુનિ દ્વારા લખાયેલ નાટ્યશાસ્ત્ર અને શ્રીમદ્ ભગવદ્ ગીતાને યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં સામેલ કરવામાં આવ્યા છે. આ જાહેરાત સાથે, ભારતની ૧૪ અમૂલ્ય કલાકૃતિઓ હવે આ આંતરરાષ્ટ્રીય યાદીનો ભાગ બની ગઈ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર આ માહિતી આપતાં, કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી ગજેન્દ્ર




સિંહ શેખાવતે તેને ભારતની સાંસ્કૃતિક ચેતના માટે એક ઐતિહાસિક ક્ષણ ગણાવી. શેખાવતે લખ્યું હતું કે "શ્રીમદ ભગવદ ગીતા અને નાટ્ય શાસ્ત્ર ફક્ત શાસ્ત્રો જ નથી, પરંતુ ભારતના વિચાર, જીવન દષ્ટિકોણ અને કલાત્મક અભિવ્યક્તિના મૂળભૂત આધારસ્તંભ છે. આ ગ્રંથોએ ભારતને માત્ર દિશા જ આપી નહીં, પરંતુ વિશ્વને આત્મા અને સુંદરતાનું નવું દ્રષ્ટિકોણ પણ આપ્યું." યુનેસ્કોના મેમરી ઓફ ધ વર્લ્ડ રજિસ્ટરમાં વિશ્વભરમાંથી પસંદ કરાયેલા એવા વારસા સ્થળોનો સમાવેશ થાય છે જે માનવ સભ્યતાના ઈતિહાસ, સંસ્કૃતિ અને જ્ઞાનને જાળવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરી અને કહ્યું કે આ દરેક ભારતીય માટે ગર્વની વાત છે.

### મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને લખ્યો પત્ર

## રાહુલ ગાંધીની કર્ણાટકમાં રોહિત વેમુલા એક્ટ લાગુ કરવાની અપીલ

### આ કાયદાનો ઉદ્દેશ શિક્ષણ પ્રણાલીમાં જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનો છે : ડો. બી આર આંબેડકરનો પણ ઉલ્લેખ કર્યો

। (એજન્સી) બેંગલુરુ, તા.૧૮ ।

વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકના મુખ્યમંત્રીને રાજ્યમાં રોહિત વેમુલા કાયદો લાગુ કરવાની અપીલ કરતો પત્ર લખ્યો છે. તેમણે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને પત્ર લખી સરકારને રોહિત વેમુલા એક્ટ નામનો કાયદો ઘડવા આહ્વાન કર્યું છે. આ કાયદાનો ઉદ્દેશ શિક્ષણ પ્રણાલીમાં જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનો છે. પોતાના પત્રમાં રાહુલ ગાંધીએ ભારત રત્ન ડૉ. બી આર આંબેડકરનો પણ ઉલ્લેખ કર્યો છે. રાહુલ ગાંધીએ પત્રમાં લખ્યું હતું કે, બાબા સાહેબ



આંબેડકરે પણ પોતાના જીવનકાળ દરમિયાન જાતિગત ભેદભાવનો સામનો કર્યો હતો. એક વખત તેમણે ભોજન વિના જ ઊંઘવુ પડ્યું હતું, કારણકે, લોકોએ તેમને અછૂત માની પાણી આપવાનો પણ ઈન્કાર કર્યો હતો. આંબેડકર પોતે જણાવે છે કે, તેમની પાસે પર્યાપ્ત ભોજન હતું. ભૂખ લાગી હતી. તેમ છતાં તેઓ ભૂખ્યા સૂવા મજબૂર બન્યા હતા. શાળામાં તેમને પોતાના ગુણોના આધારે સહ વિદ્યાર્થીઓ સાથે બેસવાની મંજૂરી ન હતી. તેમને ખૂણામાં બેસાડવામાં આવતા હતા. રાહુલ ગાંધીના મતે, આંબેડકરને જે સહન કરવું પડ્યું તે શરમજનક હતું. ભારતમાં કોઈ પણ બાળક સાથે આવું ન થવું જોઈએ. આજે આપણા માટે શરમજનક વાત છે કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં દલિત, આદિવાસી અને ઓબીસી સમુદાયના લાખો વિદ્યાર્થીઓને જાતિ આધારિત ભેદભાવનો સામનો કરવો પડે છે.

### કોંગ્રેસના નેતાએ યુપીની કિશોરી પરના દુષ્કર્મ અંગે રોષ વ્યક્ત કર્યો

## ભાજપના શાસનમાં દલિતો, મહિલાઓ સહેજ પણ સલામત નથીઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઉત્તરપ્રદેશમાં ૧૧ વર્ષની દલિત કિશોરી પર થયેલાં કથિત દુષ્કર્મ મામલે ભાજપ શાસિત રાજ્ય સરકાર પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ આકરા પ્રહારો કરી આરોપીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની માગ કરી હતી.સોશિયલ મીડિયા પર કરેલી એક હિન્દીમાં પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ભાજપની દલિત અને મહિલા વિરોધી માનસિકતાને કારણે આવા અપરાધો સતત થઈ રહ્યાં છે. ઉત્તરપ્રદેશના રામપુરમાં ૧૧ વર્ષની કિશોરી પર ગુજારાયેલો અતયાચાર અતયંત દુઃખદાયક અને શરમજનક છે. યુપીમાં બનેલી આ ઘટના દર્શાવે છે કે રાજ્યની ભાજપ સરકારમાં દલિતો ખાસ કરીને દીકરીઓ સુરક્ષિત નથી. ભાજપની દલિત અને મહિલા વિરોધી માનસિકતાને કારણે જ રાજ્યમાં ગુનેગારો નિર્ભય બનીને ખુલ્લેઆમ ફરી રહ્યાં છે. જ્યારે પીડિતો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યાં છે.આવા અપરાધીઓ વિરુદ્ધ આકરામાં આકરી કાર્યવાહી કરવામાં આવે તથા પીડિતા તથા તેના પરિવારને તડપી ન્યાય મળે તેવી અમારી વહીવટતંત્રને અપીલ છે તેમ તેમણે જણાવ્યું હતું. દરમિયાનમાં યુપી પોલીસે આ કેસમાં ૨૪ વર્ષીય એક યુવકની ધરપકડ કરી છે. દાન સિંહ નામના આ શખ્સની વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરાઈ છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આવતા સપ્તાહે બે દિવસના અમેરિકા પ્રવાસે જશે. આ અંગે માહિતી આપતાં કોંગ્રેસના પવન ખેરાએ જણાવ્યું હતું કે, ૨૧ અને ૨૨ એપ્રિલ દરમિયાન અમેરિકાના પોતાના પ્રવાસ દરમિયાન રાહુલ ગાંધી બ્રાઉન યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર્સ અને વિદ્યાર્થીઓને મળશે.

### પાંચમી મેના રોજ SCમાં સુનાવણી

## બીરેન સિંહે ભડકાવી હતી મણિપુરમાં હિંસા? લીક થયેલા ઓડિયોનો FSL રિપોર્ટ તૈયાર

### પાર્ટીમાં વધતો બળવો અને નારાજગીને જોઈને એન. બીરેન સિંહે ગત ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી પદથી રાજીનામું આપી દીધું હતું

। (એજન્સી) મણિપુર, તા.૧૮ ।

સુપ્રીમ કોર્ટમાં કેન્દ્ર સરકારે મણિપુરના વાઈરલ ઓડિયોને લઈને ફોરેન્સિક સાયન્સ લેબોરિટીનો રિપોર્ટ તૈયાર હોવાનું અને વહેલીતકે રિપોર્ટ કોર્ટમાં રજૂ કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. ઓડિયો ક્લિપમાં પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિહનો અવાજ છે અને તેઓ લોકોને હિંસાને લઈને ભડકાવી રહ્યા હોવાનું સાંભળવા મળે છે. જ્યારે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે, રિપોર્ટ તૈયાર છે અને તેને જલ્દી સીલબંધ પરબિડીયામાં કોર્ટમાં રજૂ કરવામાં આવશે. સીજેઆઈ સંજીવ ખન્નાની અધ્યક્ષતા વાળી બેન્ચે કેન્દ્ર સરકાર અને રાજ્યના સરકારની તરફથી હાજર થયેલા વકીલની દલીલ સ્વીકારીને



સુનાવણી ૫ મે સુધી મુલતવી રાખવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં કુકી માનવાધિકાર સંગઠન (KOHUR) દ્વારા કરવામાં આવેલી અરજીમાં આરોપ લગાવ્યો હતો કે, વાઈરલ ઓડિયો ક્લિપમાં પૂર્વ મુખ્યમંત્રી એન. બીરેન સિંહનો અવાજ છે. પાર્ટીમાં વધતો બળવો અને નારાજગીને જોઈને એન. બીરેન સિંહે ગત ફેબ્રુઆરીમાં મુખ્યમંત્રી પદથી રાજીનામું આપી દીધું હતું. અગાઉ, સુપ્રીમ કોર્ટે મે ૨૦૨૩ માં શરૂ થયેલી જાતીય હિંસામાં બીરેન સિંહની સંડોવણીનો આરોપ લગાવતી લીક થયેલી ઓડિયો ક્લિપની સત્યતા પર CFSLથી સીલબંધ કવરમાં રિપોર્ટ માંગ્યો હતો. KOHUR વતી હાજર રહેલા એડવોકેટ પ્રશાંત ભૂષણે બીરેન સિંહની કથિત ભૂમિકાની કોર્ટ-નિરીક્ષણ હેઠળ SIT તપાસની માંગ કરી હતી. એડવોકેટ ભૂષણે કહ્યું હતું કે, એક લેબે પુષ્ટિ કરી હતી કે ૯૩ ટકા સુધી આ બીરેન સિંહનો અવાજ છે અને FSL રિપોર્ટ કરતાં ઘણા વધુ વિશ્વસનીય છે. હકીકતમાં ગયા વર્ષે ૮ નવેમ્બરના રોજ ભૂતપૂર્વ CJI ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેન્ચે KOHURને લીક થયેલી ઓડિયો ક્લિપ્સની સત્યતા દર્શાવવા માટે સામગ્રી રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

### શિમલાના લાહૌલ-સ્પિતિના ગોંડલામાં એક સેમી બરફ પડ્યો હતો

## ઉ. ભારતના કેટલાંક સ્થળે વરસાદ, રાજસ્થાનમાં ભીષણ ગરમીનો પ્રકોપ

### દેશના ઘણા વિસ્તારો ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે તો અનેક ભાગોમાં હવામાનની પેટર્ન બદલાઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દેશના ઘણા વિસ્તારો ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે તો અનેક ભાગોમાં હવામાનની પેટર્ન બદલાઈ છે. ગુરુવારે ઉત્તર ભારતના કેટલાક ભાગોમાં વાવાતોડા ઉપરાંત વરસાદ પડ્યો હતો. જ્યારે કેટલાક ભાગોમાં ગરમીનો પ્રકોપ ચાલુ રહ્યો હતો. હિમાચલ પ્રદેશમાં તાડ પડવાથી એકનું મોત થયું હતું, જ્યારે રાજસ્થાનના બિકાનેરમાં ૪૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હિમાચલ પ્રદેશમાં ઘણા ભાગોમાં વાવાતોડા અને કરા સાથે ભારે વરસાદ પડ્યો હતો. જેના કારણે વૃક્ષો ઉખડી ગયા હતા અને શિમલા સહિત ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**બે લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ**

ઈ-ટેન્ડર નોટિસ સં : **CPM/GS/ADI/ ROB-27/25-26/01** ટેન્ડર સંખ્યા : GS/ADI/ROB-27/25-26/01 ભારતીય સંઘના રાષ્ટ્રપતિ માટે અને તેમના માટે ડેપ્યુટી ચીફ એન્જિનિયર (ગતિ શક્તિ) પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે. **(1) કામનું નામ અને સ્થાન:** પશ્ચિમ રેલવેના ગતિ શક્તિ એકમ હેઠળ અમદાવાદ ડિવિઝનના અમદાવાદ - વિરમગામ સેક્શન પર છારોડી અને વાસન ઈયાવા વચ્ચે રેલવે કિમી 530/9-11 પર એલસી. સંખ્યા નં. 27 ના બદલે 1x 51 મીટર કમ્પોઝિટ સ્ટીલ ગર્ડર સાથે બે લેન રોડ ઓવર બ્રિજનું બાંધકામ, જેમાં વાયડક્ટ અને RE દિવાલોનો સમાવેશ થાય છે. **(2) કામનો અંદાજિત ખર્ચ : ₹44,86,81,266.16 (3) અર્નેસ્ટ મની ડિપોઝિટ :** ₹23,93,400/- **(4)** ટેન્ડર ફોર્મ ફી : શૂન્ય **(5)** કામ પૂર્ણ કરવાનો સમયગાળો : ચોમાસા સહિત 18 (અઢાર) મહિના. **(6)** ઈ-ટેન્ડરની છેલ્લી તારીખ અને સમય : તારીખ : 22.05.2025 સમય : 15:00 કલાકે **(7)** વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો શકાશે અને તે ઓફિસ સરનામું : ચીફ પ્રોજેક્ટ મેનેજર / ગતિ શક્તિનું કાર્યાલય, "એ" વિંગ, ચોથો માળ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, પશ્ચિમ રેલવે, અમદાવાદ -382345 વેબસાઇટ : www.ireps.gov.in 017

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# તંત્રી લેખ...

## વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા છીનવી લેવાની ટ્રમ્પની ધમકી

વિશ્વવિખ્યાત હાર્વર્ડ યુનિવર્સિટી માટેની સરકારી ગ્રાન્ટ રદ કર્યા પછી અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે આ યુનિવર્સિટીની ધમકી આપી છે કે જો તે વિદેશી વિદ્યાર્થીઓની ગેરકાયદે અને હિંસક પ્રવૃત્તિઓ અંગેની વિગતવાર માહિતી નહીં આપે તો તેની વિદેશી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની સત્તા છીનવી લેવામાં આવશે.ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નોએમે બુધવારે એક આકરો પત્ર લખીને જણાવ્યું હતું કે યુનિવર્સિટી ૩૦ એપ્રિલ સુધીમાં તેના કેમ્પસમાં વિદેશી વિદ્યાર્થીઓની ગેરકાયદે અને હિંસક પ્રવૃત્તિઓની વિગતવાર આપી આપે. જો યુનિવર્સિટી આ માહિતી નહીં આપે તો સ્ટુડન્ટ એન્ડ એક્સચેન્જ વિતિટર પ્રોગ્રામ પ્રમાણપત્ર ગુમાવવું પડશે. તેમણે જણાવ્યું હતું કે હાર્વર્ડનું મેનેજમેન્ટ કરોડરજ્જુહીન છે. તે યહૂદી વિરોધી પ્રવૃત્તિઓ સામે ઘૂંટણિયે પડી રહ્યું છે. તે ઉગ્રવાદી હિંસાને પ્રોતસાહન આપે છે અને આપણી રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકે છે. તેના કેમ્પસ અને ક્લાસરૂમમાં અમેરિકા વિરોધી અને હમાસ તરફી વિચારધારાનું તેર ફેલાવામાં આવે છે અને ઉચ્ચ શિક્ષણની ટોચની સંસ્થા તરીકે હાર્વર્ડનું સ્થાન હવે દૂરની યાદ બની ગયું છે.નોએમે યુનિવર્સિટી માટેના ૨૭ લાખ ડોલરની કુલ બે ગ્રાન્ટને રદ કરવાની પણ જાહેરાત કરી હતી. જોકે હાર્વર્ડના પ્રવક્તાએ જણાવ્યું હતું કે યુનિવર્સિટી નોએમના ગ્રાન્ટ રદ કરવા અને વિદેશી વિદ્યાર્થી વિતાની ચકાસણી અંગેના પત્રથી વાકેફ છે. યુનિવર્સિટી પોતાની સ્વતંત્રતા અને બંધારણીય અધિકારો સાથે સમાધાન ન કરવા માટે મક્કમ છે.

## ભારતે આફ્રિકાના સૌથી મોટા ટેક અને સ્ટાર્ટઅપ શો GITEX આફ્રિકા ૨૦૨૫ માં ભાગ લીધો




આફ્રિકાનો સૌથી મોટો ટેક અને સ્ટાર્ટઅપ શો, GITEX આનીતિ નેતાઓ, પરિવર્તનકારો અને સ્વપ્રદ્રષ્ટાઓને વૈશ્વિક અર્થતંત્રના સમાવેશી અને સમાન વિકાસની આવશ્યકતાને આગળ વધારવા અને સહયોગ કરવાની તકો પર સામૂહિક રીતે ચર્ચા અને વિચાર-વિમર્શ કરવા માટે પ્લેટફોર્મ પૂરું પાડે છે. ત્રણ દિવસીય કાર્યક્રમ હમણાં જ મોરોક્કોની રાજધાની મરાકેશ ખાતે સમાપ્ત થયો. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી જયંત ચૌધરીએ સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. તેમણે ઉચ્ચ સ્તરીય દ્વિપક્ષીય બેઠકો, પેનલ ચર્ચાઓમાં ભાગ લીધો અને ભારતીય સ્ટાર્ટઅપ્સ સાથે તેમના નવીનતાઓનું પ્રદર્શન કરતા વાર્તાલાપ કર્યો. ચર્ચામાં, શ્રી જયંત ચૌધરીએ જણાવ્યું હતું કે, "ભારતના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) એ તમામ ક્ષેત્રોમાં પરિવર્તનશીલ ફેરફારો લાવ્યા છે, ખાસ કરીને ડિજિટલ ઓળખ (આધાર), ડિજિટલ પેમેન્ટ્સ (UPI), ઈ-કોમર્સ (ONDC) અને આરોગ્યસંભાળના વિકાસ દ્વારા. અને અમે અમારા કૌશલ્ય ઈકોસિસ્ટમમાં અદ્યતન તકનીકો - AI, સાયબર સુરક્ષા, ફિનટેક અને ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર - ને વધુને વધુ એકીકૃત કરી રહ્યા છીએ. કૌશલ્ય ઈકોસિસ્ટમ માટે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ (SIDH) એ દોઢ વર્ષમાં એક કરોડથી વધુ વપરાશકર્તાઓને જોડ્યા છે. આ ક્ષેત્રો અમારા આફ્રિકન ભાગીદારો સાથે સહયોગ માટે સંભાવનાઓથી સમૃદ્ધ છે અને અમે સતત ભાગીદારી દ્વારા સામૂહિક રીતે અમારા અર્થતંત્રનો વિકાસ કરી શકીએ છીએ." "ભારત, જ્યાં ડિજિટલાઈઝેશનની ગતિ અન્ય વિકાસશીલ અર્થતંત્રોની તુલનામાં વધુ છે, સ્થાપિત ઓપન-સોર્સ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ્સ સાથે, સહયોગ અને જ્ઞાન વહેંચણી દ્વારા આવી સિસ્ટમો વિકસાવવા માંગતા અન્ય વિકાસશીલ દેશોમાં ડિજિટલાઈઝેશનની ગતિને ઉત્પ્રેરિત કરવાની ક્ષમતા ધરાવે છે," શ્રી જયંત ચૌધરીએ ઉમેર્યું. વધુમાં, ભારત AI વ્યાવસાયિકો માટે એક મુખ્ય સંસાધન પ્રતિભા કેન્દ્ર છે જે AI સ્ટેનફોર્ડ ઈન્ડેક્સ ૨૦૨૫ મુજબ AI પ્રતિભા ભરતીમાં ૩૩.૩૯% વાર્ષિક વૃદ્ધિ સાથે આગળ વધી રહ્યું છે , જે AI પર અપનાવવા માટે વાતાવરણને પોષવા માટે સરકાર અને ઉદ્યોગના પ્રયાસોનું સ્પષ્ટ સૂચક છે. શિખર સંમેલન દરમિયાન, મંત્રીએ ડિજિટલ ટ્રાન્ઝિશન અને વહીવટી સુધારણા મંત્રી શ્રીમતી અમલ અલ ફલ્લાહ સેઘરોચની; ઉચ્ચ શિક્ષણ, વૈજ્ઞાનિક સંશોધન અને નવીનતા મંત્રી પ્રોફેસર અઝેદીન EL મિદાઉઈ; આર્થિક સમાવેશ, નાના વ્યવસાય, રોજગાર અને કૌશલ્ય મંત્રી શ્રી યુનેસ સેક્કૌરી; અને રાષ્ટ્રીય શિક્ષણ, પૂર્વશાળા અને રમતગમત મંત્રી શ્રી મોહમ્મદ સાદ બેરાડા સાથે ઉત્પાદક દ્વિપક્ષીય બેઠકો યોજી. તેમની ચર્ચામાં, શ્રી જયંત ચૌધરીએ AI, સંશોધન અને ક્ષમતામાં સિનર્જી શોધવા પર વ્યાપકપણે ચર્ચા કરી; ડિજિટલ જાહેર માળખાકીય સુવિધા સમાવેશ, નવીનતા અને સમાન વિકાસ માટે ઉત્પ્રેરક કેવી રીતે બની શકે છે તેના પર આંતરદૃષ્ટિની ચર્ચા કરી; અને જાહેર હિત માટે સ્કેલેબલ, સમાવિષ્ટ ટેકનોલોજીના નિર્માણમાં ભારતના અનુભવને શેર કર્યો. GITEX આફ્રિકા ૨૦૨૫ માં ભારતની ભાગીદારીએ કૌશલ્ય અને ડિજિટલ નવીનતામાં વૈશ્વિક નેતા તરીકેની તેની ભૂમિકાને પુનઃપુષ્ટિ આપી. સ્કિલ ઈન્ડિયા, ડિજિટલ ઈન્ડિયા જેવી પથપ્રદર્શક પહેલો અને આધાર, UPI, DigiLocker, સ્કિલ ઈન્ડિયા ડિજિટલ હબ (SIDH) અને DIKSHA જેવા સ્કેલેબલ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ દ્વારા, ભારતે દર્શાવ્યું છે કે કેવી રીતે સમાવિષ્ટ, ટેકનોલોજી-આધારિત મોડેલો નાગરિકોને મોટા પાયે સશક્ત બનાવી શકે છે. આ પહેલોને વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ તરીકે વધુને વધુ માન્યતા આપવામાં આવી રહી છે, જે સ્થિતિસ્થાપક, ભવિષ્ય માટે તૈયાર સમાજો બનાવવા માંગતા વિકાસશીલ રાષ્ટ્રો માટે અનુકૂલનશીલ માળખા પ્રદાન કરે છે.

પંચકલેશ મા ભયાનક એટલે કે અભિમનિવેશ પણ કલેશ છે, અસ્મિતા પણ કલેશ છે, રાગ અને દ્વેષ જીવનના બહુ મોટા કલેશ છે

## ખર દુષણ એટલે કે રાગ દ્વેષનો અંત, પ્રત્યેકમાં રામ દર્શન વગર શક્ય નથી



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ગોદાવરી તટની ત્રીજી ઘટના તરફ કથાને વાળતા કહ્યું કે ખરદુષણ જ્યારે હુમલો કરવા માટે આવે છે, અને સીતાજીની સુંદરતા જોઈ એ પણ તેનાં તરફ આકર્ષિત થઈ જાય છે અને કહે છે કે તમારી સ્ત્રી અમને આપી દો તો અમે અહીંથી ચાલ્યા જશું, પ્રભુએ જવાબ આપ્યો કે અમે ક્ષત્રિય છીએ, અને મૃગ્યા કરવી એ અમારો સ્વભાવ છે, તમારા માલિકને કહી દો કે અમે નાના નાના મૃગને મારતા નથી!**

માનસ ગોદાવરીનાં છઠ્ઠા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે ગોસ્વામી તુલસીદાસજીએ ગોદાવરીનાં પ્રવાહ સ્વરૂપે આપણને એક અખંડ પ્રવાહ આપ્યો છે, એની સાત્વિક તાત્વિક ચર્ચા કરીએ છીએ. કહેવાય છે કે ગોદાવરીનું પ્રાગટ્ય બહુ જૂનું છે, અને ગંગાથી પણ પહેલા ગોદાવરીનું પ્રાગટ્ય બતાવ્યું છે. કથા મુજબ આ પ્રદેશમાં બહુ મોટો દુષ્કાળ પડ્યો હતો, અને ઋષિમુનિઓ તેમજ પ્રજા ચિંતિત થયાં અને આ સમસ્યાનો ઉપાય મેળવવા માટે, ત્યાં તપ કરનાર સમાધિસ્થ ગૌતમ ઋષિ પાસે પહોંચ્યાં, ઋષિઓએ તેમની સમસ્યાનું નિવારણ લાવવા માટે પ્રાર્થના કરી. એક સમય એવો હતો કે આપણે ત્યાં સઘળી સમસ્યાઓનું નિવારણ તપસ્યા અને યજ્ઞમાંથી મળતું, એટલે કે ઋષિમુનિઓ જ નિવારણ કરતાં. રાજા દશરથને પુત્રની ઝંખના થતાં, યજ્ઞને કારણે તેમને પુત્ર પ્રાપ્તિ થઈ. આ ઉપરાંત ધ્યાનથી પણ સમસ્યાનું સમાધાન થતું. પરંતુ અત્યારે કળી પ્રભાવ ચાલી રહ્યો છે, અને કળિયુગમાં દરેક પ્રકારની સમસ્યાનું સમાધાન હરિ નામથી પ્રાપ્ત થાય છે. દરેક દેશની સમસ્યા જુદી જુદી હોય છે, દરેક સમાજની સમસ્યા જુદી જુદી હોય છે, અરે દરેક વ્યક્તિની સમસ્યા પણ જુદી જુદી હોય છે. પરંતુ દરેક સમસ્યાનું સમાધાન હરિ નામથી જ પ્રાપ્ત થાય છે.

**કાલિન્દી પશ્ચિમે પુણ્યો ગંગા**
**ચ ઉત્તર વાહિની,**
**વિશેષ દુર્લ ભાતી ગોદા**
**દક્ષિણ વાહીની.**
**નાસિકં પ્રયાગં નૈમીષ પુષકરં તથા,**
**પંચમ ગયા ક્ષેત્ર ન બિનધ્યતે.**

આ બ્રહ્માંડ પુરાણનો શ્લોક છે. એમાં કહ્યું છે કે પાંચ જ તીર્થ છે, એમાં પહેલું નામ નાસિકનું છે, બીજું પ્રયાગરાજ, ત્રીજુ નૈમિશ, અને ચોથું પુષ્કર તીર્થરાજ માનવામાં આવે છે, અને પાંચમું બુદ્ધ ગયાં છે.

**હરી રૂપ પાવક પાની ગહી શ્રી**
**સત્ય શ્રુતિ જગ બિદિત જો,**
**જીમી છીર સાગર ઇન્દિરા રામહિ**
**સમર્પી આની સો.**

ઓશોને યાદ કરતા કહ્યું કે કોઈએ તેને પૂછ્યું કે બુદ્ધ ગૌરવ કબીર ઠાકોર રામકૃષ્ણ દેવ જેવી જ્યોત આ પ્રદેશમાં પ્રગટી, છતાં પણ ધર્મને નામે અંધારું કેમ છે? ઓશોનો જવાબ હતો કે મહાવીર, બુદ્ધ, ગોરખ, કબીર, ઠાકુર એ બધા તો જ્યોત પ્રગટાવીને ચાલ્યા ગયાં, પરંતુ એ જ્યોત બુજાવનારાઓની સંખ્યા સમાજમાં વધારે હતી, માટે આવું દેખાય છે. પરંતુ આ તો ઓષોનું નિવેદન છે, મને કોઈ પૂછે તો હું કહું કે, એ જ્યોત હજી પણ પ્રજવલિત છે, અને એટલે જ આપણે તેને યાદ કરીએ છીએ! અત્રિ સ્તુતિ દ્વારા ભજનનો મહિમા કરતા કહ્યું કે પરમાત્મા પ્રગટ થાય કે ન થાય, મળે કે ન મળે, પણ ભજન મળી જાય તો ઘણું. અત્રીજીએ પોતાની સ્તુતિમાં ભજન કરવાની વિધા પ્રસ્તુત કરી છે, આ ઉપરાંત ભાગવતમાં પણ કહ્યું છે કે જેમણે ભજનરૂપી ધર્મ સાધના કરવી હોય, એમને બે વસ્તુથી સાવધાન રહેવું! એટલે કે કપટ અને મત્સર છોડીને ભજન કરવું.

**ત્વદંઘ્રિ હું લઈએ નારા ભજંતિ**
**હિન મત્સરા,**
**પતંગતી નો ભવાર્ણવે વિતર્ક**
**વીચિ સંકુલે.**
**વિવિક્ત વાસિનઃ સદા ભજંતિ**
**મુક્ત્યે મુદા.**
**નિરસ્ય ઈન્દ્રિયાદિક પ્રયાતિ તે**
**ગતિ સ્વકં.**

ભજનની કેટલીક અદભુત વિધા ગોસ્વામીજી અત્રિ સ્તુતિમાં પ્રસ્તુત કરે છે. પહેલું સૂત્ર તો ભાગવત મુજબ મત્સર મુક્ત થઈને હરિ ભજવા. બીજું સૂત્ર ભજંતિ મુક્તયે મુદા, કે પ્રસન્નતા પૂર્વક ભજન કરવું, મોઢું ચડાવીને ભજન થતું નથી મુસ્કુરાવુ જોઈએ, જે ધર્મ હાસ્ય છીનવી લે એનાથી દૂર રહો. આદિ જગતગુરુ શંકરાચાર્ય પણ કહી ગયા કે પ્રસન્ન ચિત્તે પરમાત્મ દર્શનં. ગુરુચરણની સ્મૃતિ ગુરુના વચનની સ્મૃતિ એ ભજન માટે આવશ્યક માનવામાં આવે છે, અને એ જ તો ત્રીજું સૂત્ર છે. ગોદાવરી તટની ત્રીજી ઘટના તરફ કથાને વાળતા કહ્યું કે ખરદુષણ જ્યારે હુમલો કરવા માટે આવે છે, અને સીતાજીની સુંદરતા જોઈ એ પણ તેનાં તરફ આકર્ષિત થઈ જાય છે અને કહે છે કે તમારી સ્ત્રી અમને આપી દો તો અમે અહીંથી ચાલ્યા જશું. પ્રભુએ જવાબ આપ્યો કે અમે ક્ષત્રિય છીએ, અને મૃગ્યા કરવી એ અમારો સ્વભાવ છે, તમારા માલિકને કહી દો કે અમે નાના નાના મૃગને મારતા નથી! પછી તો બહુ મોટું યુદ્ધ થયું, ગોસ્વામીજી યુદ્ધનું વર્ણન પણ ખૂબ જ સુંદર રીતે પ્રસ્તુત કરે છે. આમ તો ગોસ્વામીજીની કોશિશ રહે છે કે, યુદ્ધ દ્વારા સાધકને બુદ્ધ બનાવવો, એટલે કે એનામાં બુદ્ધત્વની સ્થાપના કરવી. લંકા કાંડમાં રામ રાવણના યુદ્ધનું પણ ગૌસ્વામીજી એ લખ્યું કે,

**જોગિનિ ભરીભરી ખપ્પર સંચહિ,**
**ભૂત પિસાચ વધૂ નભ નચહિ.**

એવું ભયંકર યુદ્ધ થયું કે જેમાં જે ચામુંડા જોગણી હતી એ મેદાનમાં આવી અને રક્તના ખપ્પર ભરીને રક્ત સંચય કરે છે, અને બીજી બાજુ ભૂત પ્રગટ થાય છે, અને ભૂતપ્રેતની સ્ત્રીઓ આકાશમાં નાચે છે. શૂરવીરનાં મસ્તકની ખોપરીઓ લઈને ભૂત પ્રેતની વહુઓ કરતાલ માફક વગાડવા લાગી,અને આમ ચામુંડા એટલે કે શક્તિનું રૌદ્ર સ્વરૂપ વિવિધ પ્રકારનાં ગીત ગાય છે.

**શ્રી ગુરુચરણ સરોજ રજ નીજ**
**મન મુકુર સુધારિ,**
**બરનઉં રઘુવર બિમલ જસુ જો**
**દાયક ફલ ચારી.**
**બુદ્ધિ હીન તનુ જાનિકે, સુમિરૌ**
**પવન કુમાર,**
**બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહી હરઉં**
**કલેશ વિકાર.**

પંચકલેશ મા ભયાનક એટલે કે અભિમનિવેશ પણ કલેશ છે, અસ્મિતા પણ કલેશ છે, રાગ અને દ્વેષ જીવનના બહુ મોટા કલેશ છે. ખરદુષણ એટલે કે રાગદ્વેષ સામે સ્વયં રામજી લડે છે, વારંવાર પ્રહાર કરે છે પરંતુ એ મરતા નથી. એ જ રીતે આપણા રાગ દ્વેષ પણ એમ મરતા નથી, એ સૌથી મોટી મુશ્કેલી છે. રાગ દ્વેષ ફરી પાછા પ્રગટ થઈ ન જાય એ માટે સત્સંગ છોડવો નહીં! એ એકમાત્ર ઉપાય છે. સુખ પ્રત્યેના આકર્ષણનું નામ રાગ છે, અને એ જ રીતે દુઃખ પ્રત્યેની ઉપેક્ષાનું એટલે કે અભાવાનું નામ દ્વેષ છે. લાંબા યુદ્ધ બાદ પણ જ્યારે ખરદુષણ મરતા નથી ત્યારે પ્રભુએ વિચાર્યું કે દરેક એકબીજામાં મને જુવે એવું કંઈક કરું એટલે કે એક રાક્ષસ સામેવાળા રાક્ષસમાં પ્રભુને જોવે અને એ જ રાક્ષસ તેની સામે ઉભેલામાં પ્રભુને જુએ! અને એને રામ સમજીને મારે ત્યારે એ તો રાક્ષસ જ નીકળે છે. આ રીતે પરસ્પર રામને જોઈને ખરદુષણની આખી સેના નિર્વાણ પામી. સ્વામી રામકિંકરજી મહારાજ નું સૂત્ર આપણને સૌને સંદેશ આપી જાય છે કે જ્યાં સુધી આપણે એકબીજામાં રામના દર્શન નહીં કરીએ ત્યાં સુધી રાગ દ્વેષનો નાશ શક્ય નથી. કથાનો ક્રમ લેતા કહ્યું કે આપણે ગઈકાલે રામના પ્રાગટ્યનું ગાન કર્યું કૈકેયી માએ પણ એક પુત્રને જન્મ આપ્યો, અને સુમિત્રાએ બે પુત્રને જન્મ આપ્યો. રાજા દશરથના મહેલમાં ચાર પુત્રોની પ્રાપ્તિથી આનંદ ચાર ગણો થયો. રામ જન્મ બાદ બ્રહ્માનંદ અને પરમાનંદની મસ્તી થઈ, અને એક મહિના સુધી અખંડ આનંદ રહ્યો કહેવાય છે કે અયોધ્યામાં એક મહિના બાદ સૂર્યોદય થયો એટલે કે મોહરૂપી રાત્રીનો નાશ કરનારા રામનો જન્મ પ્રભાવ એટલો તેજોમય હતો કે કોઈની મોહરાત્રી તરફ દ્રષ્ટિ ગઈ નહિ. દિવસો વીતવા લાગ્યાં અને ચારેય ભાઈઓના નામકરણનો સમય આવ્યો, દશરથજીએ ગુરુ વશિષ્ઠને નિમંત્રિત કર્યા. વશિષ્ઠજીએ સમગ્ર જગતમાં વ્યાપ્ત પરમ તત્વ છે, અને જે આનંદના સુખ રાશિ છે, જેના નામ માત્રથી વિશ્રામ મળશે એનું નામ રામ રાખ્યું, આનો તાત્વિક અર્થ એ જ છે, કે રામ મંત્રની દીક્ષા ગુરુ જ આપી શકે! કૈકેયીના પુત્રનું નામ પાડતી વખતે કહ્યું, કે જેના નામ માત્રથી વિશ્વનું ભરણપોષણ થશે,એ પુત્રનું નામ ભરત રાખ્યું, સુમિત્રાના નાનાં પુત્રનું નામ રાખતાં કહ્યું કે, જેના સ્મરણ માત્રથી વેરવૃત્તિનો નાશ થશે, એટલે કે શત્રુતા મટી જશે, આ બાળકનું નામ શત્રુઘ્ન રાખ્યું. અંતમાં જે સમસ્ત લક્ષણોનું ધામ છે, સમગ્ર જગતનો જે આધાર તત્વ છે, એ બાળકનું નામ લક્ષ્મણ રાખ્યું, રાજન આ પુત્રો નથી, આ વેદના સૂત્રો છે, તમે બહુ જ બડભાગી છો! પછી પ્રભુની અવતાર લીલાઓ ચાલી આમ કહી છઠ્ઠા દિવસની કથા અને વિરામ આપ્યો.

ગરમી છે તો બિનજરૂરી સીધા સૂર્યપ્રકાશમાં ફરવાનું ટાળિયે, બહાર જવાનું થાય તો કાળજી રાખવી જરૂરી છે

## જીવનમાં ઉંમર, સમય, સ્વજનો હંમેશા બદલાતા રહે છે, એ સદા યાદ રાખશું તો કદી દુઃખી નહીં થઇએ...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**વૃક્ષોનું નિકંદન કાઢી રહયા છીએ તો સૂર્ય નારાયણનો સીધો પ્રકોપ સહન તો કરવો જ પડશે, આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી હ્રદય મનમાં ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ, આવો જાણીએ કે જ્ઞાની ભક્ત માને છે કે, મારી પાછળ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે, બે હાથવાળા શું રક્ષણ કરનાર હતા?જ્ઞાની ભક્તો માતા જીને બહુ વહાલા લાગે છે.**

૨૦૨૫ના એપ્રિલ મહિનામાં કાળઝાળ ગરમી આ વર્ષે લગભગ તેના તમામ રેકોર્ડ તોડી નાખે તેવું લાગે છે. આપણે સૌ કુદરતી ઘટનાક્રમ સામે સજાગ બનીને તેના પ્રમાણે જીવનજીવવા પ્રયત્ન કરીએ. ગરમી છે તો બિનજરૂરી સીધા સૂર્યપ્રકાશમાં ફરવાનું ટાળિયે, બહાર જવાનું થાય તો કાળજી રાખવી જરૂરી છે. બસ કુદરત તેનું કામ કરે છે આપણે તેને અનુકૂળ થવા પ્રયત્ન કરીએ.વૃક્ષોનું નિકંદન કાઢી રહયા છીએ તો સૂર્ય નારાયણનો સીધો પ્રકોપ સહન તો કરવો જ પડશે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી હદય મનમાં ઠંડક મળે તેવા પ્રયત્ન કરીએ. આવો જાણીએ કે જ્ઞાની ભક્ત માને છે કે, મારી પાછળ હજાર હાથવાળો રક્ષણ કરનાર છે.બે હાથવાળા શું રક્ષણ કરનાર હતા? જ્ઞાની ભક્તો માતા જીને બહુ વહાલા લાગે છે. માતાજીએ પોતે આમ ભરતજીનું રક્ષણ કર્યું.ભીલો ભાગી ગયા. એક સમયે સિંધુ દેશના રાજા રહૂગણને બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવાનું મન થયું એટલે વિદ્યા પ્રાપ્ત કરવા પાલખીમાં બેસી એ કપિલ મુનિના આશ્રમે આવવા નીકળ્યો.ચાર ભાઈઓએ પાલખી ઊંચકી છે. રસ્તામાં એક ભાઈ ભાગી ગયો. રાજાએ કહ્યું, જે મળે તેને પકડી લાવો. સેવકો પાલખી ઊંચકવાજડભરત ને પકડી લાવ્યા. કહે કે, આ તગડો ઠીક કામ લાગશે.ભરતજીએ પાલખી ઉપાડી. અગાઉ ઘણીવાર પોતે પાલખીમાં બેઠેલા હતા, તેમ છતાં આજે પાલખી ઉપાડવાનું કામ આવ્યું તો આનંદથી સ્વીકારી લીધું. આ તેનું પ્રારબ્ધ હતું. પ્રારબ્ધ ભોગવ્યા વગર છૂટકો નથી. છેલ્લો જન્મ હતો તેમ છતાં પાલખી ઉપાડવી પડી. વૈષ્ણવો ભગવદચ્છાથી જીવે છે. જ્ઞાનીઓ પ્રારબ્ધ કર્મ ભોગવવાની ઈચ્છાથી જીવે છે.જ્ઞાનીઓ અનિચ્છાથી પ્રારબ્ધ જુએ છે. વૈષ્ણવો તેમાં ભગવદ્ ઈચ્છા જુએ છે. સાધક માટે ખાસ આજ્ઞા કરી છે કે, ચાર હાથ કરતાં વધારે દૂર દષ્ટિ ન જાય. દષ્ટિ ચંચળ થાય એટલે મન ચંચળ થાય છે એટલે ભરતજી જમીન ઉપર જોઈને ચાલે છે. કોઈ જીવની હિંસા ન થઈ જાય. ભરતજીને દરેક જીવ માં ભગવાનનાં દર્શન થાય છે. ભરતજી વિચારે છે કે,મારું પ્રારબ્ધ થોડું બાકી છે.મરશે તો શરીર મરશે.હું તો મારા નારાયણ ને મળવાનો છું. હું સાવધ છું.હું નિર્ભય છું.ગાફેલ હોઈએ તો જ કામ, ક્રોધ લોભ માથે ચડી બેસે છે.નિર્ભય બનો. નિર્ભય જીવ હંમેશાં પરમાત્માના સાનિધ્યમાં સતત અનુભવ કરે છે. રસ્તે ચાલતાં જડભરતજી પ્રભુને રીઝવવા ચાલે છે.મનમાંથી ક્ષણભર પ્રભુ અંતર્ધ્યાન થાય તો ભરતજી વ્યાકુળ બની રડી પડે છે. નાથ મને શરણમાં ક્યારે લેશો?મારું પ્રારબ્ધ ક્યારે પૂરું થશે? હજુ મને તમારાં દર્શન કેમ થયાં નથી? વિચારી ભરતજી રડે છે.



રસ્તામાં કીડીને બચાવવા ભરતજી પગને રોકે એટલે પાલખીને આંચકો આવે, અને રાજાના માથામાં વાગે. રાજાએ સેવકોને કહ્યું, બરાબર ચાલો. મને ત્રાસ થાય છે. સેવકોએ કહ્યું, અમે તો બરાબર ચાલીએ છીએ પણ આ નવો આવનારો બરાબર ચાલતો નથી. તે ઘડીમાં ઊભો રહે છે, ઘડીમાં દોડે છે, ઘડીમાં કૂદે છે, ઘડીમાં હસે છે, ઘડીમાં રડે છે, કોક પાગલ છે. રાજા વક્રોક્તિ જડભરતને કહેવા લાગ્યા, વાહ રે,તું તો સાવ દૂબળો છે! તારા હાથપગમાં જોર નહીં એટલે તારાથી સારી રીતે કેમ ચલાય? રહુગણ હવે ભરતજી ઉપર નજર રાખે છે.ભરતજી વિચારે છે કે, રસ્તામાં કોઈ જીવ કચડાઈ મરશે તો પાપ લાગશે.ભરતજીનેકીડીમાં પણ કનૈયો દેખાય છે. જડભરતે રાજાના કહેવા ઉપર ધ્યાન ન આપ્યું. એવામાં કીડીને ચંપાતી બચાવવા ભરતજીએ દંદકો માર્યો. રાજાને પાલખીનો દાંડો માથામાં વાગ્યો. રાજાથી આ સહન ન થયું. ક્રોધથી અપમાન કરી તેણે ભરતજીને કહ્યું,તું જીવતો મૂઆ જેવો છે.તને ચાલવાનું યે ભાન નથી. બરાબર ચાલ!ભસ્મમાં છુપાયેલો અગ્નિ ઓળખાતો નથી એવી રીતે બ્રહ્મ ચિંતનમાં લીન થયેલો જ્ઞાની ઓળખાતો નથી. વળી ફરી એવો જ બનાવ બન્યો. રહૂગણ રાજાને ફરીથી દાંડો માથામાં વાગ્યો. એણે ક્રોધ કરી કહ્યું, એય જાડિયા! હું જે તે નથી. રહૂ ગણ રાજા પોતે છું.હું તને સજા કરીશ. રાજાનો પૈસો લીધો નથી. રાજાનું અન્ન ખાધું નથી, છતાં રાજા મારવા તૈયાર થયો છે. નિર્દોષને મારવાનો રાજાને શું અધિકાર? પણ રાજા અભિમાની હતો. મદાંધ થયો હતો. ભરતજીને બોલવાની ઈચ્છા ન હતી. વિચાર્યું કે દુબળા-પાતળા હોવું એ શરીરનો ધર્મ છે. આત્માને કંઈ નથી.એ મારા શરીર સાથે વાતો કરે છેએટલે તેની સાથે બોલવાની શું જરૂર છે.મારા શરીર નું એ અપમાન કરે તે મહત્ત્વનું નથી.પરંતુ મેં એને ખભા ઉપર ઊંચક્યો છે, એટલે તે જો હવે નરકમાં પડશે, તો પૃથ્વી ઉપરથી સત્સંગનો મહિમા નષ્ટ થશે. લોકો કહેશે કે, મહાજ્ઞાની જડભરતે જેને ખભે ઊંચક્યો તે પણ નરકમાં પડયો. જગતમાં સત્સંગનો બહુ મોટો મહિમા છે. માટે હવે હું તેનો ઉદ્ધાર કરીશ. આમ સત્સંગનો મહિમા રાખવા જડભરતને બોલવાની ઈચ્છા થઈ આજદિન સુધી તેઓ કોઈનીસાથે બોલ્યા ન હતા. રાજા ઉપર દયા આવી અને બોલવાની ઈચ્છા થઈ. રાજા કપિલ મુનિના આશ્રમમાં તત્ત્વજ્ઞાનનો ઉપદેશ લેવા જાય છે. ઉપદેશ લેવા દીન બનીને જવું જોઈએ. તેના બદલે'હું પણુ' રાખીને, રાજા થઈને ઉપદેશ લેવા જાય.આવું અભિમાન લઈને જશે તો ઋષિ વિદ્યા નહીં આપે.માટે આજે તેને અધિકારી બનાવું. આવી ભાવના ભરતજીના મનમાં જાગી. રહૂગણ રાજા ભાગ્યશાળી છે કે, એમને માટે જડભરતજીને બોલવાની ઈચ્છા થઈ. ભાગવતના સંત બહુ ઓછું બોલે છે.સુદામા પણ બહુ ઓછુંબોલશે મૌન રાખવાથી માયાનું બંધન ઓછું થાય છે.બોલો તો એવું બોલો કે સામાનું કલ્યાણ થાય. જડભરતજી બોલ્યા, હે રાજા, તમે કહ્યું 'તું દૂબળો છે' એ વાત ખરી છે.તે કંઈ મારી નિંદા કે મશ્કરી ન કહેવાય. જાડાપણું કે પાતળાપણું એ તો શરીરના ધર્મો છે.આત્માને તેની સાથે કોઈસંબંધ નથી.હે રાજા,તમે કહ્યુંકે તું જીવતે મૂઆ જેવો છે,એ વાત પણ ખરી છે.આખું જગત જીવતે મૂઆજેવું છે.આ પાલખી મૂઆ જેવી છે અને પાલખીમાં બેઠેલો તું પણ જીવતો મૂઆ જેવો છે.હે રાજા, વિકાર વાળી સર્વ વસ્તુઓ આદિ અંત વાળી હોય છે. જે જન્મ્યા તે બધા મૃત્યુ પામવાના છે. આ શરીર તો મડદા સમાન જડ છે જ હે રાજા, શરીર અને આત્મા જુદા છે. શરીરના ધર્મો જુદા છે. આત્મા નિર્લેપ છે. આત્માએ મન નો દૃષ્ટા છે,સાક્ષી છે. જ્ઞાની પુરુષો ઈશ્વર સિવાય કોઈને સત્ય સમજતા નથી સર્વ જીવોમાં પરમાત્મા છે. આમાં રાજા કોણ અને સેવક કોણ ? વ્યવહાર દષ્ટિએ આ ભેદ છે.બાકી તત્ત્વ દષ્ટિએ તો તું અને હું એક જ છીએ. હે રાજા, એક ઈશ્વર જ સત્ય છે. તે કહ્યું કે,હું તને સજા કરીશ,પણ શરીરને માર પડશે તેથી મારી ચાલ સુધરશે નહીં. આ તો બધા શરીરના ધર્મો છે. શરીરને માર પડે તેથી હું સુખી દુઃખી થતો નથી. શરીરને શક્તિ આપે છે મન. મનને શક્તિ આપે છે બુદ્ધિ અને બુદ્ધિને ચેતન આપનાર હું આત્મા છું. શરીરના ધર્મો મને લાગુ પડતા નથી. હે રાજા, કીડી-મંકોડી મારા પગ નીચે ન કચડાય એટલે હું આમ ચાલું છું.જીવજંતુ બચાવવા હું કૂદકો મારું છું. આ કીડીમાં પણ પરમાત્મા છે. તેથી હું કીડીઓ અને બીજા જીવજંતુઓનો ખ્યાલ રાખી ચાલું છું કે કોઈ કચડાઈ ન જાય. એટલે મારી ચાલ જેવી છે એવી જ રહેશે. વાચક ચાહક મિત્રો, ચૈત્ર માસમાં રમેલની રમઝટ રાત્રે જમે છે. ભુવાજીઓ ધૂણેને લોકો પણ શ્રધ્ધા આસ્થા ભક્તિ પ્રમાણે વંદન કરે..શક્તિ અને ચમત્કાર થાય તેની ટીકા કરતાં જે થાય છે તે લોકો ભક્તોને ગમે છે..અસ્તુ.



# આરજે મેહવશ યુજવેન્દ્ર ચહલ વચ્ચેની મેચ રસપ્રદ તબક્કામાં

## આ વર્ષે ફેબ્રુઆરીમાં ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા પછી ક્રિકેટર યુજવેન્દ્ર ચહલ તેના નવા સંબંધને લઈને ઘણો ચર્ચામાં છે

આ વર્ષે ફેબ્રુઆરીમાં ધનશ્રી વર્મા સાથે છૂટાછેડા પછી ક્રિકેટર યુજવેન્દ્ર ચહલ તેના નવા સંબંધને લઈને ઘણો ચર્ચામાં છે. ચહલે વર્ષ ૨૦૨૦માં કોરિયોગ્રાફર અને ડાન્સર ધનશ્રી વર્મા સાથે લગ્ન કર્યા હતા. જો કે, હવે તેનું નામ ફેમસ આરજે અને અભિનેત્રી મહવશ સાથે જોડવામાં આવી રહ્યું છે. ચહલ અને મહવશે સત્તાવાર રીતે તેમના સંબંધોની જાહેરાત કરી નથી, પરંતુ બંને સોશિયલ મીડિયા પર એકબીજા પર ખૂબ જ પ્રેમ વરસાવી રહ્યા છે. મહવશની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાંથી કંઈક આવું જ જાણવા મળે છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૫ની ૩૧મી મેચમાં યુજવેન્દ્ર ચહલે પંજાબ કિંગ્સ માટે શાનદાર બોલિંગ હતી. ચહલે ૪ ઓવરમાં ૨૮ રન આપીને ૪ વિકેટ લીધી હતી. તેની શાનદાર બોલિંગના કારણે પંજાબ કિંગ્સની ટીમે ઓછા સ્કોરિંગ મેચમાં KKRને ૧૬ રનથી હરાવ્યું હતું. ચહલની આ મેચ-વિનિંગ બોલિંગ પછી મહેવશે તેના માટે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી.આરજે મહવશે યુતવેન્દ્ર ચહલ માટે એક ઈન્સ્ટાગ્રામ સ્ટોરી શેર કરી અને કેપ્શનમાં લખ્યું, 'કેટલો ટેલેન્ટેડ માણસ છે ! તેથી આઈપીએલમાં સૌથી વધુ વિકેટ લેનારા બોલર છે. અસંભવ!' તમને જણાવી દઈએ કે મહવશે KKR સામેની મેચ બાદ ચહલ માટે આ પોસ્ટ કરી છે. મહવશ IPLમાં પંજાબ કિંગ્સની મેચ જોવા માટે નિયમિતપણે સ્ટેડિયમ પહોંચે છે. જો મેચની વાત કરીએ તો પંજાબ અને કેકેઆર વચ્ચેની આ ટક્કર ન્યૂ ચંદીગઢના મુલ્લાનપુર ક્રિકેટ સ્ટેડિયમમાં થઈ હતી. આ મેચમાં પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી પંજાબની ટીમ માત્ર ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જેના જવાબમાં કેકેઆરની હાલત પણ ખરાબ રહી હતી. ચહલની વિનાશક બોલિંગના કારણે કેકેઆરની આખી ટીમ ૧૫.૧ ઓવરમાં ૯૫ રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી.

# દેશભક્તિપૂર્ણ ફિલ્મોમાં રાષ્ટ્રવાદી ભાવનાનો અતિરેક વાજબી નથી : ઈમરાન

ઈમરાન હાશ્મી બોલુવીડનો ચર્ચિત અભિનેતાઓ માનો એક છે



કિસ કિંગ તરીકે જાણીતા ઈમરાન હાશ્મીએ તાજેતરમાં કહ્યું હતું કે દેશભક્તિપૂર્ણ ફિલ્મોમાં રાષ્ટ્રવાદી ભાવનાનો અતિરેક કરવો' 'બળજબરીપૂર્વક' લાગે છેઃ દર્શકોને લાગે છે કે તેઓ ફિલ્મથી અલગ થઈ ગયા છે. ઈમરાન હાશ્મી તેમની નવી ફિલ્મ, ગ્રાઉન્ડ તીરો વિશે વાત કરી રહ્યા હતા. અભિનેતા ઈમરાન હાશ્મી કહે છે કે તેમની આગામી ફિલ્મ ગ્રાઉન્ડ તીરો પાછળનો વિચાર, વાસ્તવિક જીવનના બીએસએફ અધિકારીની વીરતા પર આધારિત, રાષ્ટ્રવાદી તતવોનો અતિરેક કર્યા વિના એક પ્રામાણિક વાર્તા કહેવાનો હતો.ઈમરાન હાશ્મી તેમની આગામી ફિલ્મ, ગ્રાઉન્ડ તીરોમાં બીએસએફ અધિકારીની ભૂમિકા ભજવે છે.ફરહાન અખ્તર અને રિતેશ સિધવાનીના એક્સેલ એન્ટરટેઈનમેન્ટ દ્વારા નિર્મિત આ એક્શન-થ્રિલર ફિલ્મ બીએસએફ અધિકારી નરેન્દ્ર નાથ ધર દુબેની વાર્તાનું વર્ણન કરે છે, ઈમરાન હાશ્મી તેમની આગામી ફિલ્મ, ગ્રાઉન્ડ તીરોમાં બીએસએફ અધિકારીની ભૂમિકા ભજવે છે જેમણે ૨૦૦૧માં સંસદ અને અક્ષરધામ મંદિર પર થયેલા આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડને શોધવા માટે ઓપરેશનનું નેતૃતવ કર્યું હતું.હાશ્મીએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે આવી ફિલ્મમાં આવવાની મારી પહેલી ચર્ચાનો આખો વિચાર જિંગોઈસ્ટિક એંગલથી વધુ પડતો ન જવાનો હતો. મને લાગે છે કે તે થોડું દબાણપૂર્વક અને ઉપરછલ્લું લાગે છે. ફિલ્મ જોતી વખતે દર્શકોને વાર્તાના સતયથી અલગ થવાનો અહેસાસ પણ થાય છે. આવારાપન, મર્ડર, જન્નત, વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ, ધ ડર્ટી પિક્ચર, શાંઘાઈ અને ટાઈગર ૩ જેવી ફિલ્મો માટે જાણીતા અભિનેતાએ કહ્યું કે તેઓ શક્ય તેટલું વાસ્તવિક જીવનની વાર્તા પ્રતયે સાચા રહેવા માંગે છે. ''અમે નાટક, મનોરંજન અને સતય અને પ્રામાણિકતાના યોગ્ય તતવો સાથે વાર્તા કહેવા માંગતા હતા, ૨૦૦૧ માં શું બન્યું તે ધ્યાનમાં રાખીને.૪૬ વર્ષીય અભિનેતાએ કહ્યું કે તે દુબેને મળ્યો હતો, જેમને તેણે એક નમ્ર વ્યક્તિ તરીકે વર્ણવ્યા હતા, જેથી તેના પાત્રમાં સમજ મેળવી શકાય કારણ કે તે તેને ''નકલ'' બનાવવા માંગતો ન હતો.તમે એક એવી ફિલ્મ બનાવી રહ્યા છો જે બોર્ડર સિક્યુરિટી ફોર્સની દુનિયાનું પ્રતિનિધિતવ કરે છે, તમે તેમાં ખોટું ન કરી શકો.

## ઈમરાન હાશ્મી તેમની આગામી ફિલ્મ, ગ્રાઉન્ડ ઝીરોમાં બીએસએફ અધિકારીની ભૂમિકા ભજવે છે




ઈમરાન હાશ્મી તેમની આગામી ફિલ્મ, ગ્રાઉન્ડ તીરોમાં બીએસએફ અધિકારીની ભૂમિકા ભજવે છે બધું 'ટી' માટે હોવું જોઈએ, તે માણસ પોતે, કારણ કે તે ભવિષ્ય માટે છે. તેમના પરિવારો આ જોશે, તેથી તમારે તે વિશે ખૂબ જ જાગૃત રહેવું પડશે અને તેના પ્રતયે ખૂબ જ સંવેદનશીલ રહેવું પડશેમુંબઈમાં જન્મેલા હાશ્મીએ ગ્રાઉન્ડ તીરો માટે કાશ્મીરમાં શૂટિંગ કરવાના અનુભવ પર પ્રતિબિંબ પાડ્યો અને કહ્યું કે તે પ્રદેશની સુંદરતાથી મોહિત થયો હતો. ''અમને કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. અમે ભીડભાડવાળી જગ્યાઓ, બજારો, શેરીઓમાં શૂટિંગ કર્યું છે, અને લોકો સભ્ય અને સારા હતા, તેઓ પણ અમને ટેકો આપતા હતા. અમારી પાસે તયાંની બધી સુરક્ષા એજન્સીઓની સપોર્ટ સિસ્ટમ પણ હતી. તેથી, તેનાથી પણ મદદ મળી. તે એક એવી જગ્યા છે જેનો કમનસીબે, તયાં એક ઈતિહાસ છે.

# ડ્રગ્સ લીધા પછી અભિનેતાએ જાહેરમાં કરી હતી ગંદી હરકત

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડ્રગ્સ સામે સંબંધિત મામલાના સમાચાર સતત સામે આવતા રહે છે, પછી ભલે તે બોલિવૂડ હોય, ટોલીવુડ હોય કે મલયાલમ સિનેમા હોય. તાજેતરમાં જ મલયાલમ અભિનેત્રી વિન્સી અલોશિયસે આ મુદ્દા પર એક મોટું નિવેદન આપ્યું છે. તેણે સ્પષ્ટ કહી દીધું છે કે, 'જે કલાકારો ડ્રગ્સનું સેવન કરે છે તે મારા માટે રેડ ફ્લેગ છે અને હું તેમની સાથે કામ નહીં કરીશ.' 'જે કલાકારો ડ્રગ્સનું સેવન કરે છે તે મારા માટે રેડ ફ્લેગ છે અને હું તેમની સાથે કામ નહીં કરીશ.' વિન્સી તાજેતરમાં જ એક ડ્રગ્સ વિરોધી અભિયાન સાથે સબંધિત એક ઈવેન્ટમાં સામેલ થઈ હતી. આ અવસર પણ તેણે કહ્યું કે, 'જો મને ખબર પડશે કે મારા કો-સ્ટાર ડ્રગ્સ લે છે, તો હું તેની સાથે કામ નહીં કરીશ.' વિન્સીનું કહેવું છે કે તેણે આ નિર્ણય પોતાના અંગત અનુભવોના





આધારે લીધો છે. અભિનેત્રીએ કહ્યું કે, 'એક ફિલ્મના શૂટિંગ દરમિયાન મારો કો-સ્ટાર ડ્રગ્સનું સેવન કરતો હોવાથી મારે ખૂબ જ અસહજ સ્થિતિનો સામનો કરવો પડ્યો હતો.'વિન્સીએ જણાવ્યું કે, 'શૂટિંગ દરમિયાન મારા ડ્રેસમાં થોડી સમસ્યા આવી ગઈ હતી, જેને હું ઠીક કરાવી રહી હતી. તે જ સમયે મારા કો-સ્ટારે જાહેરમાં ખૂબ જ ખરાબ અંદાજમાં કહ્યું કે, હું તેનો ડ્રેસ ઠીક કરવામાં મદદ કરી રહ્યો છું. એટલું જ નહીં તેણે પૂછ્યા વિના ડ્રેસને સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો અને આખી ઘટનાને મજાક બનાવીને બધાની સામે કહી દીધી. આ ઘટનાથી હું ખૂબ જ અસ્વસ્થ થઈ ગઈ હતી.'અભિનેત્રીએ આગળ જણાવ્યું કે, 'થોડા સમય પછી તે માણસના મોંમાંથી સફેદ પાવડર જેવું કંઈક નીકળ્યું અને ટેબલ પર પડી ગયું. ત્યારે મને ખ્યાલ આવ્યો કે, તે ડ્રગ્સના પ્રભાવ હેઠળ હતો. જો તમે ડ્રગ્સ લેવા માંગતા હો, તો તે તમારો વ્યક્તિગત નિર્ણય છે. પરંતુ કાર્યસ્થળ પર આવું કરવું અને બીજાને હેરાન કરવું એ બિલકુલ ખોટું છે.'



"આજે પણ, ભલે ગમે તેટલું શિક્ષિત પરિવાર હોય, તેઓ અપેક્ષા રાખે છે કે તમને દીકરો હોય

# પુત્ર ન હોવાથી પરિવારના અમુક લોકો નાખુશઃસોહાનું દર્દ છલકાયું

સોહા અલી ખાન, જેમને એક સુંદર પુત્રી ઈનાયા છે, તે કહે છે કે પરિવારના કેટલાક સભ્યો એ હકીકતથી નિરાશ છે કે તેમને પુત્ર નથી. જોકે કેટલાક ખૂબ ખુશ છે. સોહા અલી ખાનના લગ્ન કુણાલ ખેમુ સાથે થયા છે અને તેમને એક પુત્રી ઈનાયા છે. સોહાની દીકરી ખૂબ જ ક્યૂટ છે અને તેના વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવે છે. હવે, સોહાએ તાજેતરમાં જ વાત કરી હતી કે પરિવારમાં ઘણા લોકો નિરાશ છે કે અભિનેત્રીને પુત્ર નથી. સ્ક્રીનને આપેલા ઈન્ટરવ્યુમાં સોહાએ કહ્યું, ''આજે પણ, ભલે ગમે તેટલું શિક્ષિત પરિવાર હોય, તેઓ અપેક્ષા રાખે છે કે તમને દીકરો હોય. મારી એક દીકરી છે અને હું ખૂબ ખુશ છું, મારી આસપાસ ઘણા લોકો ખુશ છે, પરંતુ કેટલાક એવા પણ છે જે મારાથી નિરાશ પણ છે. આ દરમિયાન સોહાએ એ પણ જણાવ્યું કે કેવી રીતે તેની દાદીએ અભ્યાસ માટે ઘણો સંઘર્ષ કર્યો હતો. તેણીએ કહ્યું, 'મારી દાદી બંગાળમાં એમએ કરવા માંગતી હતી, પરંતુ તેમને તેમ કરવાની મંજૂરી નહોતી કારણ કે તે સમયે ફક્ત પુરુષોને જ ભણવા માટે મોકલવામાં આવતા હતા.' સ્ત્રીઓને જવાની મંજૂરી



નહોતી. પણ તેણે હાર ન માની. તેની એમ.એ. ફી ૫૦ રૂપિયા હતી. તેના પિતાએ કહ્યું કે હું તને સાડી માટે ૫૦ રૂપિયા આપીશ, પણ તેણીએ આગ્રહ કર્યો કે તે ભણવા માંગે છે. તે પરિવારમાં એમએ કરનારી પહેલી મહિલા છે. શર્મિલાની સફર વર્ણવતા સોહાએ કહ્યું, 'મારી માતાને હંમેશા પૂછવામાં આવતું હતું કે તમારા પતિએ તમને કેવી રીતે કામ કરવાની મંજૂરી આપી, તે પણ એક અભિનેત્રી તરીકે, કારણ કે તયારે એવું કહેવામાં આવતું હતું કે સારી છોકરીઓ અભિનેત્રી નથી બનતી. સોહાએ પોતાના વિશે આગળ કહ્યું, 'મારા લગ્ન ૩૬ વર્ષની ઉંમરે થયા, પણ કોઈએ ક્યારેય મને પ્રશ્ન કર્યો નહીં.' મેં પણ બેબી પ્લાનિંગ ખૂબ મોડું કર્યું હતું.

## હવે ફરીથી દિગ્દર્શન ક્ષેત્રે પાછા ફરી રહ્યા છે

# સંજય દત્ત અને આયુષ શર્મા સાથે કોમેડી ફિલ્મ બનાવશે સોહેલ ખાન

## સોહેલ ખાન-ભાઈજાન સલમાન ખાન છેલ્લા કેટલાક વર્ષોથી તેમના ડ્રીમ પ્રોજેક્ટ શેર ખાનનું આયોજન કરી રહ્યા હતા





સોહેલ ખાન હવે ફરીથી દિગ્દર્શન ક્ષેત્રે પાછા ફરી રહ્યા છે. સંજય દત્ત અને આયુષ શર્મા અભિનીત એક કોમેડી ફિલ્મ બનાવવામાં આવી રહી છે જેમાં તે બંને શાનદાર ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું શૂટિંગ ટૂંક સમયમાં શરૂ થશે.ફિલ્મોમાં અભિનય ઉપરાંત, સોહેલ ખાને દિગ્દર્શન પણ હાથ ધર્યું છે. તેણે સલમાન ખાનની આતાર, પ્યાર કિયા તો ડરના ક્યા, હેલો બ્રધર્સ, મૈને દિલ તુતકો દિયા અને ળીકી અલી જેવી ફિલ્મોનું નિર્દેશન કર્યું છે. આ અભિનેતા ફરી એકવાર દિગ્દર્શનની દુનિયામાં પગ મૂકવા જઈ રહ્યો છે. સોહેલ ખાન અને ભાઈજાન સલમાન ખાન છેલ્લા કેટલાક વર્ષોથી તેમના ડ્રીમ પ્રોજેક્ટ શેર ખાનનું આયોજન કરી રહ્યા હતા. પરંતુ હવે એવું લાગે છે કે સોહેલ આ પ્રોજેક્ટને મુલતવી રાખી રહ્યો છે અને આગળ વધી રહ્યો છે.સોહેલ ખાન સંજય દત્ત અને તેના સાળા આયુષ શર્મા સાથે એક કોમેડી ફિલ્મમાં કામ કરવા જઈ રહ્યો છે. આ ફિલ્મમાં સંજય દત્ત અને આયુષ શર્મા મુખ્ય ભૂમિકામાં હશે. ફિલ્મમાં સંજય દત્તનું પાત્ર શાનદાર બનવાનું છે. જ્યારે આયુષ શર્મા આ ફિલ્મમાં તેના અતયાર સુધીના સૌથી અલગ અવતારમાં જોવા મળશે. સોહેલ અને તેની ટીમ જૂન-જુલાઈથી ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાની યોજના બનાવી રહ્યા છે. હાલમાં આ ફિલ્મનું પ્રી-પ્રોડક્શન ચાલી રહ્યું છે. આ કોમેડી ફિલ્મ એક ગેંગસ્ટર ડ્રામા હશે જે પંજાબની પૃષ્ઠભૂમિ પર આધારિત હશે. ફિલ્મમાં ઘણા કલાકારો અને લોકો જોવા મળે છે જેમના નામ જાહેર કરવામાં આવ્યા નથી. આ ફિલ્મ સંજય દત્ત અને સોહેલ ખાનનું પુનઃમિલન પણ બનવા જઈ રહી છે. આ પહેલા બંનેએ ફિલ્મ ''મૈંને દિલ તુતકો દિયા'' માં કામ કર્યું હતું. આ ફિલ્મમાં સંજય દત્ત એક નાના રોલમાં જોવા મળ્યો હતો. હવે દરેક વ્યક્તિ આ અભિનેતા-દિગ્દર્શક જોડીને એક ફિલ્મમાં સાથે કામ કરતા જોવાની રાહ જોઈ રહ્યા છે.




# એક સમયે આમિરની ફિલ્મમાં સપોર્ટિંગ રોલ કર્યો

## સિદ્ધાર્થે પોતાની કારકિર્દીની શરૂઆત તમિલ ફિલ્મોથી કરી હતી, તેઓ ૨૦૦૨ માં કન્નાથિલ મુથામિત્તલમાં જોવા મળ્યા હતા

સિદ્ધાર્થે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પોતાની અલગ ઓળખ બનાવી છે. તેમના ચાહકોને તેમનો અભિનય ખૂબ ગમે છે. સિદ્ધાર્થે આમિર ખાનની ફિલ્મમાં પણ કામ કર્યું છે અને એ વખતે તેને સપોર્ટિંગ રોલ કર્યો હતો, આજે આ અભિનેતાના નામના સિક્કા પડે છે.દક્ષિણના લોકપ્રિય અભિનેતા સિદ્ધાર્થ તમિલ, તેલુગુ અને હિન્દી ભાષાની ફિલ્મોમાં કામ કરે છે. સિદ્ધાર્થે સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પોતાની એક અલગ ઓળખ બનાવી છે. અભિનેતા હોવા ઉપરાંત, તે નિર્માતા અને પટકથા લેખક પણ છે. સિદ્ધાર્થે પોતાની કારકિર્દીની શરૂઆત તમિલ ફિલ્મોથી કરી હતી. તેઓ ૨૦૦૨ માં કન્નાથિલ મુથામિત્તલમાં જોવા મળ્યા હતા. આ ફિલ્મમાં તેમના રોલને ક્રેડિટ આપવામાં આવી ન હતી. હિન્દી ફિલ્મોની વાત કરીએ તો, તે ૨૦૦૬માં આમિર ખાનની ફિલ્મ રંગ દે બસંતીમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેણે સહાયક ભૂમિકા ભજવી હતી. સિદ્ધાર્થે ધીમે ધીમે સખત મહેનતથી પોતાની કારકિર્દીમાં ઊંચાઈઓ હાંસલ કરી. આજે તે કરોડોનો માલિક છે. GQ રિપોર્ટ અનુસાર, સિદ્ધાર્થની કુલ સંપત્તિ લગભગ ૭૦ કરોડ રૂપિયા છે. ફિલ્મો ઉપરાંત, સિદ્ધાર્થ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ દ્વારા પણ કમાણી કરે છે. સિદ્ધાર્થ પાસે ત્રણ વૈભવી ઘર છે. તેમનું હૈદરાબાદમાં એક ઘર, ચેન્નાઈમાં એક ઘર અને મુંબઈમાં એક ઘર છે. સિદ્ધાર્થની કારની વાત કરીએ તો તેની પાસે રોલ્સ રોયસ, મર્સિડીત બેન્ત અને ઓડી A4 છે. પોતાના અંગત જીવનમાં, સિદ્ધાર્થે અભિનેત્રી અદિતિ રાવ હૈદરી સાથે લગ્ન કર્યા છે. આ તેમના અદિતિ સાથે બીજા લગ્ન છે. તેમના પહેલા લગ્ન મેઘના નારાયણ સાથે થયા હતા. પહેલા લગ્ન ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી ચાલ્યા. હવે ૨૦૨૪ માં તેણે અદિતિ સાથે લગ્ન કર્યા. રંગ દે બસંતી ઉપરાંત, સિદ્ધાર્થ ચશ્મે બદ્દૂર, બ્લડ બ્રધર્સ, સ્ટ્રાઈકર્સ જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો. તે છેલ્લે ફિલ્મ ટેસ્ટમાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તે અર્જુનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. હવે તે ઈન્ડિયન ૩ અને ૩ બીએચકેમાં જોવા મળશે.








૧૭ એપ્રિલ ગુરુવારના રોજ બ્રહ્માકુમારી સેન્ટર, ઝાલોદ ખાતે રાજયોગ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન તથા વસંત મસાલા પ્રાઈવેટ લિમિટેડના સહયોગથી ઝાલોદ સેન્ટર ખાતે પ્રોગ્રામ આયોજિત કરેલ જેમાં જરૂરિયાતમંદ લાભાર્થીઓને સ્ટીલના કંટેનર વિતરણનો કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યા માં લાભાર્થીઓ હાજર રહ્યા હતા.

# ખેડૂતોને આર્થિક નુકશાનથી બચાવીને તેમની આવક વધારવાના વડાપ્રધાન મોદીના સંકલ્પ ને સાકાર કરવા ગુજરાતમાં ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે : રાઘવજી પટેલ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતમાં આગામી તા. ૨૧મી એપ્રિલથી ચણા અને રાયડા પાકની ટેકાના ભાવે ખરીદી શરુ થશે. ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે નિર્ધાર સાથે દર વર્ષે ભારત સરકારની પી.એમ. આશા યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી વિવિધ પાકોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવે છે. ખેડૂતો નિશ્ચિંત થઈને વિવિધ પાકોનું વાવેતર કરી શકે તે માટે ભારત સરકાર દ્વારા વાવેતર પહેલા જ ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે.

ચણા અને રાયડાની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે, ભારત સરકારે વર્ષ ૨૦૨૪-૨૫ની રવિ સીઝન દરમિયાન ચણા માટે રૂ. ૫,૬૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૩૦ પ્રતિ મણ) તથા રાયડા પાક માટે રૂ. ૫,૯૫૦ પ્રતિ ક્વિન્ટલ (રૂ. ૧,૧૯૦ પ્રતિ મણ) ટેકાના ભાવ જાહેર કર્યો હતો. જેથી રાજ્યના ખેડૂતોએ ચણા અને રાયડાનું નિશ્ચિંત થઈને પુષ્કળ વાવેતર કર્યું હતું. ટેકાના ભાવે ચણાના વેચાણ માટે રાજ્યના કુલ ૩.૩૬ લાખથી વધુ ખેડૂતોએ તેમજ રાયડાના વેચાણ માટે રાજ્યના કુલ ૧.૧૮ લાખથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી છે. નોંધાયેલા તમામ ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા માટે નક્કી કરાયેલા ૧૭૯ ખરીદ કેન્દ્રો અને રાયડા માટે નક્કી કરાયેલા ૮૭ ખરીદ કેન્દ્રો ખાતેથી ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. પ્રાઇઝ સપોર્ટ સ્કીમ (PSS) હેઠળ ભારત સરકારની મંજૂરી મુજબ રૂ. ૧,૯૦૩ કરોડના મૂલ્યનો કુલ ૩.૩૬ લાખ મેટ્રિક ટન ચણાનો જથ્થો તેમજ રૂ. ૭૬૭ કરોડના મૂલ્યનો કુલ ૧.૨૯ લાખ મેટ્રિક ટન રાયડાનો જથ્થો ખેડૂતો પાસેથી ખરીદવામાં આવશે, તેમ મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું.

## આઠ વર્ષથી કોન્ટ્રાક્ટરને પોતાના હક્કના નાણા મળેલ નથી

# ઝાલોદ નગરપાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરના બાકી નીકળતા લેણા માટે માનવ સેવા ટ્રસ્ટને નોટિસ ફટકારી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૮ ।

ઝાલોદ નગરપાલિકા વિસ્તારમાં વર્ષ ૨૦૧૫-૧૬ મા કૈલાશધામ યોજના હેઠળ મુખ્ય સ્મશાનના વિકાસ અને આધુનિકરણ માટેના કામો મંજુર થયેલ હતા. આ અંગે ઓનલાઈન ટેન્ડર જય કન્સ્ટ્રકશન દ્વારા ભરવામાં આવેલ હતું. આ યોજના અંતર્ગત ૩૧,૫૭,૩૫૦ ના કામની વહીવટી મંજૂરી જય કન્સ્ટ્રકશનને મળેલ હતી. વહીવટી મંજૂરી અન્વયે ૧૫,૦૦,૦૦૦ થી ઉપર એટલે કે ૧૬,,૩૫,૦૦૦ ની રકમ લોકફાળા થી ટ્રસ્ટ દ્વારા ભરવાની સંમતિ થી વહીવટી મંજૂરી મળેલ હતી. ૨૦૧૬ માં કૈલાશધામનુ કામ પતી જતા ૧૦,૯૩,૬૧૩ ની લોકફાળાની રકમ લેખિત તેમજ મૌખિક રીતે માંગવા છતાંય જય કન્સ્ટ્રકશનને આપવામાં આવેલ નથી. જેથી અરજદાર દ્વારા આ નાણાં ૧૪% વ્યાજ સાથે મળે તેવી માંગણી કરેલ છે.



ઝાલોદ જય કન્સ્ટ્રકશન દ્વારા પોતાની લેણી નીકળતી રકમ અંગે ઝાલોદ તાલુકા સ્વાગત, જિલ્લા સ્વાગત તેમજ મુખ્યમંત્રીને પણ લેખિત અરજી કરી પોતાના હક્કના નીકળતા નાણા મળે તેવી લેખીત રજુઆતો કરવામાં આવેલ છે. આ અંગે ઝાલોદ નગરપાલિકા ચીફ ઓફીસર ટી.બી. ભાભોર દ્વારા કાયદેસરની નોટિસ માનવ સેવા ટ્રસ્ટને ફટકારી તાત્કાલિક લોકફાળાની રકમ ભરી દેવા સૂચન કરેલ છે. જો આ નોટીસને માનવ સેવા ટ્રસ્ટ ગંભીર થી નહીં લે તો દિન ૭ માં નગરપાલિકા દ્વારા આ અંગે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવનાર છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો રાજ્યના પંચાયત વ્યવસ્થાના માળખાને વધુ સંગીન અને સુવિધાયુક્ત બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોના માળખાને વધુ સંગીન બનાવી સુવિધા યુક્ત કચેરીઓના નિર્માણ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.



આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રી રાજ્યની જે ગ્રામ પંચાયતોના પંચાયત ઘર જર્જરીત છે તેવી તેમ જ પંચાયત ઘર વિહોણી હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘરના બાંધકામ માટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા અનુદાનમાં માતબર વધારો કર્યો છે. એટલું જ નહીં, નવીન ગ્રામ પંચાયત ઘર સાથે તલાટી કમ મંત્રી આવાસ પણ બનાવીને ગ્રામીણ સ્તરે તલાટીની નિયમિત ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવાનો પણ ગ્રામ્ય હિતકારી અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે તદ્અનુસાર, રાજ્યમાં ૧૦ હજાર કે તેથી વધુની વસ્તી ધરાવતા ગામોમાં ગ્રામ પંચાયત ઘર નિર્માણ માટે અગાઉ અપાતી ૨૭ લાખ રૂપિયાની યુનિટ કોસ્ટના સ્થાને રૂ. ૪૦ લાખની મહત્તમ મર્યાદા નિયત કરી છે. ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી વાળા ગામોમાં આવા પંચાયત ઘરો બનાવવા માટેની મહત્તમ યુનિટ કોસ્ટ ૨૨ લાખના સ્થાને રૂ. ૩૪.૮૩ લાખ તેમજ ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામો માટે નવીન પંચાયત ઘર નિર્માણ માટે વધુમાં વધુ રૂપિયા ૧૭ લાખની સહાયના સ્થાને રૂપિયા ૨૫ લાખની સહાય રાજ્ય સરકાર આપશે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના તાલુકા પંચાયતોની કચેરીઓના બાંધકામ માટેની પ્રવર્તમાન અનુદાન સહાયમાં પણ વધારો કરીને રૂપિયા ૩ કરોડ ૧૦ લાખને બદલે પાંચ કરોડ રૂપિયા અથવા મકાન નિર્માણમાં થયેલ ખરેખર ખર્ચ એ બે માંથી જે ઓછું હોય તે રકમની સહાય આપવાનો નિર્ણય કર્યો છે.

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જિલ્લા પંચાયત કચેરીઓના મકાનના બાંધકામ માટેની યુનિટ કોસ્ટમાં પણ વધારો કર્યો છે. જિલ્લા પંચાયતને તેના નવીન મકાનના નિર્માણ માટે ૩૮ કરોડ રૂપિયાને બદલે બાવન કરોડ રૂપિયા અથવા ખરેખર થયેલ ખર્ચ એમાંથી જે ઓછું હોય તે પ્રમાણે યુનિટ કોસ્ટ અનુદાન રાજ્ય સરકાર આપશે.

# શિક્ષક માત્ર પાઠ્યક્રમ પાઠવનાર નહીં, પણ સમાજના ચારિત્ર્યના ઘડવૈયા, મૂલ્યોના સંરક્ષક અને જ્ઞાનના યોધ્ધા છે : આચાર્ય દેવવ્રતજી

## લુધિયાણાની બી.સી.એમ. આર્ય સિનિયર સેકન્ડરી સ્કૂલમાં આયોજિત વિશેષ સત્રમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું શિક્ષકોને સંબોધન



। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી લુધિયાણાની બી.સી.એમ. આર્ય સિનિયર સેકન્ડરી સ્કૂલમાં આયોજિત એક વિશેષ સત્રમાં ઉપસ્થિત શિક્ષકોને સંબોધતાં જણાવ્યું કે શિક્ષણ ફક્ત જ્ઞાન આપવાનું સાધન નથી, પરંતુ ચારિત્ર્ય ઘડતર, મૂલ્ય સ્થાપના અને આત્મિક જાગૃતિ માટેનું શક્તિશાળી સાધન છે. આ સત્ર શિક્ષકો માટે પ્રેરણા, આત્મવિશ્લેષણ અને નવચેતનાનું સ્રોત બન્યું હતું.

શ્રી આચાર્ય દેવવ્રતજી એ 'શિક્ષકોને સશક્ત બનાવીએ' વિષય પર વક્તવ્ય આપતાં કહ્યું કે, શિક્ષક માત્ર પાઠ્યક્રમ પાઠવનાર નથી, પરંતુ સમાજના ચારિત્ર્યના ઘડવૈયા, જીવન મૂલ્યોના સંરક્ષક અને જ્ઞાનના સાચા યોધ્ધા છે. તેમણે કહ્યું કે, સાચું શિક્ષણ એ ફક્ત માહિતી અને જાણકારી આપવી એટલું જ નથી, પરંતુ વિદ્યાર્થીઓના હૃદયમાં ઉદ્દેશ અને આત્મબળ જાગૃત કરવું તે છે. તેમણે શિક્ષકોને શિસ્ત, કરુણા અને ઉચ્ચ ચારિત્ર્ય સાથે શિક્ષણ કાર્યનું નેતૃત્વ કરવા આહ્વાન કર્યું હતું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાનો સંકલ્પ આપવામાં આવ્યો છે, તેનો ઉલ્લેખ કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આ સપનું ત્યારે જ સાકાર થશે જ્યારે આપણે આપણા સાંસ્કૃતિક વારસાને જાળવીને આધુનિકતાની દિશામાં આગળ વધશું. તેમણે સ્વામી વિવેકાનંદના વિચારોનું ઉદાહરણ આપતાં વિદ્યાર્થીઓને ભીડથી જુદી રીતે વિચારવા અને ચાલવા માટે પ્રેરિત કરવા શિક્ષકોને કહ્યું હતું. રાજ્યપાલશ્રીએ શિક્ષકોને વિનંતી કરી કે, તેઓ દરેક પિરિયડ દરમ્યાન રોજે ઓછામાં ઓછી પાંચ મિનિટ એવા વિચારો રજૂ કરે, જે વિદ્યાર્થીઓને જીવનની સાચી દિશા દર્શાવે. તેમણે કહ્યું કે, આજનો યુગ ઝડપથી બદલાઈ રહ્યો છે અને જો આપણે સમય પ્રમાણે પોતાને નહીં બદલીએ તો પાછળ રહી જઈશું.

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સહયોગ અને સંકલન માટે ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે વિશેષ બેઠક યોજાઈ

। ગાંધીનગર, તા.૧૮ ।

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ શ્રી ધર્મિષ્ઠાબેન વી. ગજ્જરની ઉપસ્થિતિમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે ગાંધીનગર સર્કીટ હાઉસ ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ક્ષેત્રોમાં બાળકોના હિત માટે કાર્યરત સંસ્થાઓએ ભાગ લીધો હતો તેમ ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગની યાદીમાં જણાવવામાં આવ્યું હતું. વિવિધ એન.જી. ઓ.ના પ્રતિનિધિઓએ પોતાનું કાર્યક્ષેત્ર, કાર્યપદ્ધતિ, હાલની કામગીરી, સફળતાઓ તથા પડકારો અંગે આ બેઠકમાં વાતચીત કરી હતી. આ ઉપરાંત બાળ સુરક્ષા, ચાઈલ્ડ પોલિસી તથા બાળકોના અધિકારો જેવા વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ બેઠક દ્વારા એન.જી.ઓ. અને બાળ આયોગ વચ્ચે સહયોગ વધુ મજબૂત બનશે. આગામી સમયમાં આયોગ દ્વારા કરવામાં આવનાર કામગીરીની રૂપરેખા નિર્ધારિત કરવામાં આવી છે. આ ઉપરાંતલ બેઠકમાં ઉપસ્થિત







સૌએ બાળકોના સર્વાંગી વિકાસ માટે એકસાથે મળીને કાર્ય કરવા પ્રતિબદ્ધ બનવા સંકલ્પ લીધા હતા. આ કાર્યક્રમમાં સચિવ શ્રી ડી.ડી. કાપડિયા, શ્રીમતી કૌશલ્યા કુવરબા તથા વિવિધ એન.જી. ઓ.ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગંગોત્રી-યમુનોત્રી માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની યોજના પણ તૈયાર

। દહેરાદૂન, તા.૧૮ ।

આ વર્ષે ૮ એપ્રિલથી પવિત્ર ચારધામ યાત્રા માટે બુકિંગ શરૂ થતાંની સાથે જ આખા મહિનાની સીટો થોડા કલાકોમાં જ ભરાઈ ગઈ છે. ઉત્તરાખંડના નાગરિક ઉડ્ડયન વિભાગના અધિક સચિવ સોનિકા મીણાએ જણાવ્યું હતું કે આ વખતે યાત્રા દરમિયાન સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવામાં આવી રહી છે.

હેલી ચાર્ટર અને શટલ સેવાઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે, અમારી ટીમો કેદારનાથમાં તૈનાત રહેશે. ત્યારે ગંગોત્રી અને યમુનોત્રી માટે હેલિકોપ્ટર સેવા શરૂ કરવાની યોજના પણ તૈયાર છે. ડીજીસીએની ટીમે સ્થળોની મુલાકાત લીધી છે. હેમકુંડ સાહિબ યાત્રા માટે હેલી સેવાના તમામ ધોરણો પણ પૂર્ણ કરવામાં આવ્યા છે. તે જ સમયે દરેક હેલિપેડ પર હવામાન માહિતી માટે રડાર સ્થાપિત કરવાની યોજના છે, જે મુસાફરી સિઝનના અંત સુધીમાં અમલમાં મૂકવામાં આવશે. મુસાફરોને અપીલ કરવામાં આવે છે કે તેઓ ફક્ત હેલિયાટ્રાની સત્તાવાર વેબસાઈટ પરથી જ ટિકિટ બુક કરાવે અને છેતરપિંડીથી બચે. આ સાથે કાળાબજારી રોકવા માટે એક ટોલ ફ્રી નંબર પણ જાહેર કરવામાં આવશે.

# મંત્રી ઋષિકેશ પટેલની ઇજનેરી અભ્યાસક્રમોની બેઠકોમાં રી-સ્ટ્રક્ચરીંગની પહેલનું ઉત્તમ પરિણામ

। (માહિતી) ગાંધીનગર, તા.૧૮ ।

રાજ્યના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશ પટેલની ઈજનેરી અભ્યાસક્રમોની બેઠકોમાં રી-સ્ટ્રક્ચરીંગની બેઠકોનું ઉત્તમ પરિણામ રાજ્યના વિદ્યાર્થી-વાલીઓના હિતમાં મળ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારી એન્જીનીયરીંગ ડિગ્રી અને ડિપ્લોમાં કૉલેજમાં હાથ ધરાયેલ બેઠકોની રી-સ્ટ્રક્ચરીંગ પ્રક્રિયાના ભાગરૂપે વિદ્યાર્થી-વાલીઓના કરોડો રૂપિયાના નાણાની બચત થઈ છે. સમયની માંગ અનુસાર તારીખ ૨૮ જૂન ૨૦૨૩ના રોજ ટેકનીકલ એજ્યુકેશન વિભાગ દ્વારા રિસ્ટ્રક્ચરિંગનો પરિપત્ર કરીને AICTE ની મંજૂરી મેળવવામાં આવી હતી. જેમાં રાજ્યમાં આવેલ કુલ ૧૬ પૈકી ૧૦ ડિગ્રી ઈજનેરી સંસ્થાઓમાં વિવિધ ૧૪ હયાત અને નવા અભ્યાસક્રમો મળીને કૂલ ૧૫૩૯ બેઠકોમાં રીસ્ટ્રક્ચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ ૨૦૨૪ના પ્રવેશ દરમ્યાન કૂલ ૧૪૧૩ બેઠકો ભરાઈ. તેમજ કુલ ૩૧ સરકારી પોલીટેકનિક સંસ્થાઓ પૈકી ૯ સંસ્થાઓમાં વિવિધ ૮ હયાત અને નવા અભ્યાસક્રમો મળીને કૂલ ૭૪૮ બેઠકોમાં રીસ્ટ્રક્ચરીંગ હાથ ધરવામાં આવ્યું. જેમાંથી વર્ષ ૨૦૨૪ના પ્રવેશ દરમ્યાન કૂલ ૬૬૮ બેઠકો ભરાયેલ છે. સરકારી સંસ્થાઓમાં રીસ્ટ્રક્ચરીંગ થયેલ બેઠકોમાં ની ડિગ્રી ઈજનેરીની ૯૨% અને ડિપ્લોમા ઈજનેરીની ૮૯% થી વધુ બેઠકો વર્ષ-૨૦૨૪ ના પ્રવેશમાં ભરાઈ છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સરકારી એન્જીનીયરીંગ અને ડિપ્લોમાં કૉલેજોની બેઠકોમાં થયેલરી-સ્ટ્રક્ચરીંગથી ૧૬૦૦થી વધુ વિદ્યાર્થીઓને સરકારી સંસ્થામાં પ્રવેશનો લાભ મળતા અંદાજે રૂ. ૩૫ કરોડની બચત થઈ છે. રાજ્યમાં સરકારી ઈજનેરી કોલેજોમાં ઈમર્જીંગ બ્રાન્ચ આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ (AI), મશીન લર્નિંગ (ML) , કોમ્પ્યુટર એન્જીનીયરીંગ વિદ્યાશાખામાં ૧૦૦ ટકા બેઠકો ભરાયેલ છે. જ્યારે IC, EC, રોબોટિક્સ, મિકેનીકલ જેવી કોર બ્રાન્ચમાં ૯૨ ટકા થી વધું સીટ ભરાઈ. પ્રવર્તમાન સમયમાં ઘણા વિદ્યાર્થીઓ ડિપ્લોમાં ડિગ્રી પણ કરતા હોય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે બાળકો તમારી સાંજને આહલાદક બનાવી દેશે. દોડધામભર્યા અને નીરસ દિવસની અલવિદા કહેવા એક સારા ડીનરનું આયોજન કરો. તેમનો સાથ તમારા શરીરમાં નવું જોમ ભરી દેશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે કોઈ ઝઘડાળુ વ્યક્તિ સાથેના વાદવિવાદને કારણે તમારો મૂડ બગડી જશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂણર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. જે વેપારી પોતાના વેપાર માટે ઘર થી ભાર જયી રહ્યા છે તે પોતાના ધન ને ખુબ સાચવી ને રાખે?

**સિંહ (મ,ટ) :**

આજે તમારા સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવાની જરૂર નથી. તમારી આસપાસના લોકો તમારું મનોબળ તથા જુસ્સો વધારશે. પરિણીત લોકો ને પોતાના સંતાનની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે? તમારા મગજને સમસ્યાઓથી દૂર રાખો અને ઘરમાં તથા તમારા મિત્રો વચ્ચે તમારી સ્થિતિ સુધારવા પર ધ્યાન આપો. પ્રેમની મસ્તીનો અનુભવ કરવા માટે તમને કોઈ મળી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. વગર સૂચના કોઈ દેણદાર આજે તમારા એકાઉન્ટ માં પૈસા નાખી શકે છે જેના લીધે તમે આશ્ચર્યચકિત અને ખુશ થયી શકો છો? તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. તમારા પ્રિયપાત્ર સાથેના સંબંધો કોઈક સાવ ક્ષુલ્લક બાબતને લઈને વણસી શકે છે.

**તુલા (ર,ત) :**

આજે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો. જોકે પરિસ્થિતિઓ જલ્દી સુધરી જશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. સમય, કામ, નાણાં, મિત્રો, પરિવાર, સંબંધીઓ, બધું જ આજે એક તરફ હશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપ વું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો. નોકરી કરનારાઓને તેમની હાલની સિદ્ધિઓ બદલ તેમના સહ-કર્મચારીઓ બિરદાવશે તથા સહકાર આપશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે? પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. પરિવારના સભ્યો સાથેના મતભેદો દૂર કરીને-તમે તમારા ધ્યેયોને આસાનીથી પ્રાપ્ત કરી શકશો. રૉમેન્ટિક પગલાં કામ નહીં આવે. સહ-કમર્મચારીઓ તથા વરિષ્ઠાનો સંપૂર્ણ સહકારને કારણે ઑફિસમાં કામ ગતિ પકડશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી માટે આધ્યાત્મિકતાની મદદ લેવા માટેનો સમય પાકી ગયો છો કેમ કે તમારી માનસિક તાણ પર સામો હુમલો કરવાનો એ શ્રેષ્ઠ વિકલ્પ છે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

## ખેતરોમાં પરાલી સળગાવનારા ખેડૂતો વિરુદ્ધ કડક કાર્યવાહી



। (એજન્સી) ઈન્દોર, તા.૧૮ ।

મધ્ય પ્રદેશના ઈન્દોર જિલ્લામાં વહીવટી તંત્રે ખેતરોમાં પરાલી સળગાવનારા ખેડૂતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. ખેડૂતોને ભારે દંડ ફટકારવાની સાથે ખેતર માલિકો સામે કેસ નોંધવાનું શરૂ કરી દીધું છે. બીજી તરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કર્યો છે અને પરાળીનો નાશ કરવા માટે વ્યવસ્થાની માંગ કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ આશિષ સિંહે કહ્યું કે, અમે નિયમો અને કાયદા અનુસાર ખેતરોમાં પરાળી સળગાવનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યા છીએ. આવી હરકતના કારણે દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે સ્થાન મેળવનાર ઈન્દોરની હવા પર ખરાબ અસર પડી રહી છે. અન્ય એક વહીવટી અધિકારીએ જણાવ્યું કે, જિલ્લામાં ૪ દિવસમાં પરાળી સળગાવવા બદલ ૭૭૦ ખેડૂતો પર કુલ ૧૬.૭૧ લાખ રૂપિયાનો દંડ ફટકારાયો છે. તેમણે કહ્યું કે, જિલ્લા મેજિસ્ટ્રેટે પરાળી બાળવાની ઘટનાઓને રોકવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ પ્રતિબંધિત આદેશ પણ જારી કર્યો છે. પરાળી બાળવાથી પર્યાવરણ, સામાન્ય લોકો અને પ્રાણીઓને થતા નુકસાનને રોકવા માટે આ આદેશ જારી કરાયો છે. પ્રતિબંધક હુકમનું ઉલ્લંઘન કરવા બદલ સંબંધિત ખેતર માલિકો સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૨૩ હેઠળ જિલ્લામાં ત્રણ કેસ દાખલ કરાયા છે. કાયદાકીય જોગવાઈ હેઠળ દોષિતને એક વર્ષ સુધીની કેદ અથવા ૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંને સજા થઈ શકે છે. બીજીતરફ ખેડૂત સંગઠનોએ આ કાર્યવાહીનો વિરોધ કરી વાંધો ઉઠાવી રહ્યા છે.

# ગુના માટે હેતુનો અભાવ મુક્તિનો એકમાત્ર આધાર ન હોઈ શકેઃ SC

### આરોપીએ ઓગસ્ટ ૨૦૨૨ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

પુત્રની હતયા બદલ દોષિત ઠરેલા આરોપીની આજીવન કેદની સજાને યથાવત રાખતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે જણાવ્યું હતું કે ગુના માટે હેતુનો અભાવ એ નિર્દોષ છૂટવાનો એકમાત્ર આધાર ન હોઈ શકે. ગુનેગારના મનના છુપાયેલા હેતુને તપાસ એજન્સી ઘણીવાર બહાર લાવી શકતી નથી. જેમ એકમાત્ર મજબૂત ઈરાદાને કારણે કોઈને દોષિત ઠેરવી શકાતો નથી, તેમ ઈરાદાના અભાવથી પણ કોઈ નિર્દોષ છે, તેવું તારણ કાઢી શકાય નહીં.ન્યાયાધીશ સુધાંશુ ધુલિયા



અને કે વિનોદ ચંદ્રન બનેલી ખંઠપીઠે એક પિતા પોતાના એકમાત્ર પુત્રની હતયા કરે તે અસંભવ છે તેવી પિતાની દલીલને બાલિશ ગણાવીને ફગાવી દીધી હતી. અરજદારની બીજી સબળ દલીલ એ હતી કે પોતાના પુત્રની હતયા માટે કોઈ હેતુ ન હતો. આરોપીએ ઓગસ્ટ ૨૦૨૨ના દિલ્હી હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હાઈકોર્ટે આરોપીને દોષિત ઠેરવી આજીવન કેદની સજા ફટકારી હતી. સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓનો ઉલ્લેખ કરી ખંડપીઠે અવલોકન કર્યું હતું કે જો આ કેસ ફક્ત સંજોગોવશાત પુરાવા પર આધારિત હોત તો હેતુનો અભાવ આરોપીની તરફેણમાં મજબૂત દલીલ બની શક્યો હોત. જ્યારે સાક્ષીઓને ખાતરીપૂર્વક નિવેદન આપતા નથી તયારે મજબૂત હેતુ હોય તો પણ કોઈ વ્યક્તિને દોષિત ઠેરવી શકાય નહીં.

### માર્ગ સુરક્ષા માટે નિતિન ગડકરીનો માસ્ટર પ્લાન

# અકસ્માતમાં ઘાયલનો ૭ દિવસનો હોસ્પિટલનો દોઢ લાખ સુધીનો ખર્ચ સરકાર આપશે

### ચેન્નાઇ મેટ્રોમાં ૧૨૦ મીટરના અંતરે પિલર બેસાડી ખર્ચ બચાવવાના તમિલનાડુના નિર્ણયના ગડકરીએ વખાણ કર્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારતમાં દર વર્ષે એક લાખ એંસી હજાર લોકોના મોત માર્ગ અકસ્માતમાં થાય છે અને તેમાં પણ સ્કૂલની સામે જ દર વર્ષે ૧૦,૦૦૦ બાળકો રોડ એક્સિડેન્ટમાં મૃત્યુ પામે છે. કેન્દ્રના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ આ આંકડા આપી જણાવ્યું હતું કે માર્ગ સુરક્ષાના મામલે અમે લાંબા સમયથી કામ કરી રહ્યા છીએ પણ તેમાં અમને ધારી સફળતા મળી નથી. હવે અમે રોડ સેફ્ટી ઓડિટ કરાવી રહ્યા છીએ અને રાહવીર યોજના સહિત વિવિધ પગલાં ભરી દેશમાં માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુની સંખ્યા ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છીએ. રાહવીર યોજનામાં માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને કોઈ રાહદારી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડશે તો તેને રાહવીર યોજના હેઠળ ૨૫,૦૦૦ રૂપિયાનો એવોર્ડ આપવામાં આવશે. ગડકરીએ ઉમેર્યું હતું કે જો અકસ્માતમાં ઘાયલ વ્યક્તિને સમયસર હોસ્પિટલમાં પહોંચાડવાનું કામ લોકો ઉપાડી લે તો તેનાથી દર વર્ષે ૫૦,૦૦૦ લોકોના જીવ બચી શકે તેમ છે. કેન્દ્રના માર્ગ પરિવહન પ્રધાન નિતિન ગડકરીએ માર્ગ સુરક્ષાની તેમના માસ્ટર પ્લાનની વિગતો એક ટીવી શોમાં આપતાં જણાવ્યું હતું કે હવે જે કોઈ ટુ વ્હીલર વાહન ખરીદશે તેને કોઈ સારી કંપનીની આઈએસઆઈ માર્કાની બે હેલ્મેટ પણ ફરજિયાત પુરી પાડવામાં આવશે જેથી ટુ વ્હીલર પર સવાર બંને જણાં હેલ્મેટ પહેરી શકે. માર્ગ અકસ્માતને અટકાવવા માટે સરકાર દ્વારા વિવિધ પગલાં ભરવામાં આવી રહ્યા છે તેની વિગતો આપતાં ગડકરીએ જણાવ્યું હતું કે હવે રોડ પર ફરજિયાત પ્રિ-કાસ્ટ લગાવવામાં આવશે. ફેક્ટરીમાં બનેલાં આ પ્રિ-કાસ્ટ હવે રોડ બેરિયર્સની જગ્યાએ લગાવવામાં આવશે. હાલ રોડ પર જે બેરિયર્સ લગાડવામાં આવ્યા હોય છે તેને લોકો ઓળંગીને બીજી તરફ જતાં અકસ્માતો થાય છે. આવા અકસ્માતોને નિવારવા હવે આ બેરિયરની ઉંચાઈ વધારીને ત્રણ ફૂટ કરવામાં આવશે.

### અમેરિકન કંપનીમાં સેલરી સ્કેમ

# અમેરિકનમાં ૨૦૦ ભારતીય સહિત ૭૦૦ લોકોની છટણીથી હોબાળો

### 'ફેની મે'એ ૯ અને ૧૦ એપ્રિલના રોજ છેતરપિંડીનો આરોપ લગાવીને ૭૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૮ ।

અમેરિકાની દિગ્ગજ મોર્ગેજ કંપની 'ફેની મે'એ ૯ અને ૧૦ એપ્રિલના રોજ છેતરપિંડીનો આરોપ લગાવીને ૭૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂક્યા છે, જેમાંના ૨૦૦ ભારતીયો છે અને એ ૨૦૦માંના મોટાભાગના તેલુગુ ભાષી છે. કર્મચારીઓએ તેલુગુ સંગઠનો સાથે સહયોગ કરીને કંપનીના 'મેચિંગ ગિફ્ટ પ્રોગ્રામ'નો દુરુપયોગ કર્યો હોવાનો આરોપ છે. ફેની મેએ તેના પુનર્ગઠન પ્રયાસોના ભાગ રૂપે આ છટણી નૈતિક ધોરણોને આધારે કરી હોવાનું જણાવ્યું હતું. ફેની મે (ફેડરલ નેશનલ મોર્ટગેજ એસોસિએશન) એ અમેરિકન સરકાર દ્વારા પ્રાયોજિત કંપની છે. એની સ્થાપના ૧૯૬૮ માં કરવામાં આવી હતી. 'મેચિંગ ગ્રાન્ટ' એ ભંડોળનો એક એવો પ્રકાર છે, જેમાં દાતા અમુક-તમુક પ્રોજેક્ટ માટે દાન આપવા સંમત થાય છે, પરંતુ માત્ર ત્યારે જ જો અરજદાર વ્યક્તિ અથવા સંસ્થા પણ તે પ્રોજેક્ટ માટે ભંડોળનું યોગદાન આપે. ઉદાહરણ લઈને સમજીએ તો, ધારોકે તમે ઝૂંપડપટ્ટીના ગરીબ બાળકોને ભણાવવા માટે અભ્યાસ વર્ગ ચલાવવા માંગો છો. એ માટે જે ખર્ચ થાય એનો એક હિસ્સો તમે ફાળવો અને એને અનુરૂપ બાકીનો હિસ્સો બીજી કોઈ વ્યક્તિ કે સંસ્થા ફાળવે તો એ રીતે મળેલું દાન 'મેચિંગ ગ્રાન્ટ' કહેવાય. એનો હિસ્સો વન-ટુ-વન (એટલે કે બંને પક્ષે એકસમાન ફાળો આપવો), ટુ-ટુ-વન (બે ભાગ સંસ્થાના અને એક ભાગ અરજદારનો) કે પછી થ્રી-ટુ-વન (ત્રણ ભાગ સંસ્થાના અને એક ભાગ અરજદારનો) પણ હોઈ શકે. મેચિંગ ગ્રાન્ટ્સનો ઉપયોગ મુખ્યત્વે શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક સેવાઓ માટે થતો હોય છે. ફેની મે દ્વારા કાઢી મૂકવામાં આવેલા કર્મચારીઓએ આવી મેચિંગ ગ્રાન્ટમાં જ ધાંધલી કરી હોવાના આરોપ લગાવાયા છે. 'મેચિંગ ગ્રાન્ટ' પ્રોગ્રામનો દુરુપયોગ કરીને નાણાં હડપ કરવાને ઈરાદે કંપની પાસેથી ખોટી રીતે દાન કઢાવવામાં આવ્યું હતું. ભંડોળનો દુરુપયોગ કરવા માટે 'તેલુગુ એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા' (TANA) સાથે સાંઠગાંઠ કરવામાં આવી હતી. છૂટા કરાયેલા કર્મચારીઓમાંથી એક ANA ખાતે પ્રાદેશિક ઉપપ્રમુખ તરીકે કાર્યરત હોવાનું કહેવાય છે, જ્યારે બીજો એક 'અમેરિકન તેલુગુ એસોસિએશન' (ATA) ના ભૂતપૂર્વ પ્રમુખના જીવનસાથી છે. આ બે ઉપરાંત અન્ય સંગઠનો પણ આ કાંડમાં સંડોવાયેલા છે અને તેમની સામે તપાસ ચાલી રહી છે. અમેરિકાના વર્જિનિયા રાજ્યના ભારતીય-અમેરિકન કોંગ્રેસમેન સુહાસ સુબ્રમણ્યમે ફેની મે પાસેથી આ મુદ્દે સ્પષ્ટતા માંગી છે. તેમનું કહેવું છે કે, ફેની મેએ સંપૂર્ણ તપાસ કર્યા વિના અને પુરાવા આપ્યા વિના જ ભારતીય અને અમેરિકન સમુદાયના કર્મચારીઓને કાઢી મૂક્યા છે.

# BCCIની કાર્યવાહી, ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફને હાંકી કાઢવામાં આવ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૫માં ભારતીય ટીમના નિરાશાજનક પર્ફોર્મન્સ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ સપોર્ટિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કર્યો છે. ટીમ ઈન્ડિયાના સપોર્ટિંગ સ્ટાફમાંથી ચાર કર્મચારીઓની હકાલપટ્ટી કરી છે. જેમાં ગંભીરના અત્યંત નજીકના ગણાતા આસિસ્ટન્ટ કોચ અભિષેક નાયરને પણ હાંકી કાઢવામાં આવ્યો છે. આ સિવાય ફિલ્ડિંગ કોચ, સ્ટ્રેન્થ અને કંડિશનિંગ કોચ તથા એક મસાજરને પણ બહારનો રસ્તો બતાવવામાં આવ્યો છે. હેડ કોચ ગૌતમ ગંભીરના અત્યંત ખાસ અભિષેક નાયર કોલકાતા નાઈટ રાઈડર્સના દિવસોથી ગંભીર સાથે જોડાયેલો હતો. ગંભીર ટીમ ઈન્ડિયાનો હેડ કોચ બન્યો તો અભિષેક નાયરને આસિસ્ટન્ટ કોચની જવાબદારી સોંપવામાં આવી હતી. તે ૨૪ જુલાઈ, ૨૦૨૪થી ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ તરીકે કામ કરી રહ્યો હતો. અભિષેક અને ગંભીરની મિત્રતા ચર્ચામાં હતી. અભિષેક નાયર ઉપરાંત ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં ફિલ્ડિંગ કોચ ટી. દિલિપ સ્ટ્રેન્થ અને કંડિશનિંગ કોચ સોહમ દેસાઈની પણ દૂર કરવામાં આવ્યા છે. મસાજર (ફિઝિયો સપોર્ટ સ્ટાફ)ને પણ કાયમી રજા આપવામાં આવી છે.

# ઈટાલીના પીએમ મેલોનીના ટ્રમ્પે કર્યા વખાણ

### ટેરિફથી લઈને ઇમિગ્રેશન અને પશ્ચિમી રાષ્ટ્રવાદ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોની હાલમાં અમેરિકાના પ્રવાસે છે. તે વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળ્યા હતા. ટેરિફ લાદવામાં આવ્યા પછી મેલોની અમેરિકાની મુલાકાત લેનારા અને ટ્રમ્પને મળનારા પ્રથમ યુરોપિયન નેતા છે. આ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પે મેલોનીના દિલથી વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે,'દુનિયામાં તમારા જેવું કોઈ નથી. મને લાગે છે કે તે એક અદ્ભુત વડાંપ્રધાન છે અને ઈટાલીમાં ખૂબ જ સારું કામ કરી રહી છે.'વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતુ કે, 'તેમણે કહ્યું કે જ્યોર્જિયા મેલોનીમાં અદ્ભુત પ્રતિભા છે. તેઓ વિશ્વના શ્રેષ્ઠ નેતાઓમાંના



એક છે, તેમનું વ્યક્તિતવ પ્રભાવશાળી છે અને તેમના જેવું કોઈ નથી. અમારા સંબંધો ખૂબ સારા છે અને બંને દેશો એક થઈને આગળ વધી રહ્યા છે.'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીને એક મહાન પ્રડાંપ્રધાન ગણાવતા જણાવ્યું હતું કે, 'તેમણે સમગ્ર યુરોપમાં હલચલ મચાવી દીધી છે. હું તેને શરૂઆતથી જ ઓળખું છું અને હંમેશા માનતો આવ્યો છું કે તેની પાસે અદ્ભુત પ્રતિભા છે.' વ્હાઈટ હાઉસ ખાતે જ્યોર્જિયા મેલોની અને ટ્રમ્પે વેપાર, ટેરિફથી લઈને ઈમિગ્રેશન અને પશ્ચિમી રાષ્ટ્રવાદ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. આ દરમિયાન મેલોનીએ કહ્યું કે, 'ઈટાલિયન કંપનીઓ અમેરિકામાં ૧૦ અબજ યુરોનું રોકાણ કરશે અને ઈટાલી અમેરિકાથી ઊર્જા આયાત વધારશે.'ઉલ્લેખનીય છે કે, મેલોની એકમાત્ર યુરોપિયન નેતા હતા જેમને ૨૦મી જાન્યુઆરીએ ટ્રમ્પના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

મેલોની અને ટ્રમ્પ ઘણાં મુદ્દાઓ પર સમાન વિચારો ધરાવે છે. ઈમિગ્રેશનથી લઈને દાણચોરી સુધીના મુદ્દાઓનો સામનો કરવાની વાત આવે તયારે બંને એકસરખું વિચારે છે.

# DPS દ્વારકા સહિત ૧૧ શાળાઓને નોટિસ મોકલી

### દિલ્હી સરકારે ખાનગી શાળાઓ દ્વારા મનસ્વી ફી વધારા અને શિક્ષણના વ્યાપારીકરણ સામે કડક વલણ અપનાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૮ ।

દિલ્હીના શિક્ષણ મંત્રી આશિષ સૂદે સ્પષ્ટતા કરી કે સરકાર આ મુદ્દાને ખૂબ જ ગંભીરતાથી લઈ રહી છે. તેમણે કહ્યું, 'અમે ૬૦૦ શાળાઓ પાસેથી ઓડિટ રિપોર્ટ માંગ્યા છે અને જે શાળાઓએ નિયમોનું ઉલ્લંઘન કર્યું છે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.' અત્યાર સુધીના ઓડિટમાં ૧૦ શાળાઓમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે, જેને નોટિસ ફટકારવામાં આવી છે. દિલ્હી સરકારે ખાનગી શાળાઓ દ્વારા મનસ્વી ફી વધારા અને શિક્ષણના વ્યાપારીકરણ સામે કડક વલણ અપનાવ્યું છે. ડીપીએસ દ્વારકા સહિત ૧૧ શાળાઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. દિલ્હીના શિક્ષણ ઈતિહાસમાં આ પહેલી વાર છે જ્યારે શાળાના વિદ્યાર્થીઓને આટલી સીધી રાહત આપવામાં આવી છે. સરકાર દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ફી વધારાની સતત ફરિયાદોને ધ્યાનમાં રાખીને, મુખ્યમંત્રી રેખા ગુપ્તાના નિર્દેશ પર SDMની અધ્યક્ષતામાં ખાસ ઓડિટ ટીમોની રચના કરવામાં આવી હતી. આ ટીમોએ અત્યાર સુધીમાં ૬૦૦થી વધુ શાળાઓનું ઓડિટ પૂર્ણ કર્યું છે. અત્યાર સુધીના ઓડિટમાં ૧૦ શાળાઓમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી છે, જેને નોટિસ ફટકારવામાં આવી છે.

## વિશેષ

### ક્રેડાઈની કલ્પના મુજબ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગ કરવા તત્પર

# મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ક્રેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશા 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'ને પ્રાધાન્ય આપી રહ્યા છે ત્યારે ગુજરાત સરકાર પણ નિયમ મુજબ નિયત સમયમાં બાંધકામના પ્લાન મંજૂર કરવા તૈયાર છે. ક્રેડાઈની કલ્પના મુજબ પ્રોજેક્ટ ત્રણ વર્ષમાં પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર સહયોગ કરવા તત્પર છે. ક્રેડાઈ તેની નવીન નેશનલ કમિટીમાં ભારતના દરેક ભાગમાંથી એક - એક હોદેદારને જવાબદારી આપીને વડાપ્રધાનશ્રીની 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની કલ્પના સાકાર કરી રહ્યું છે તેમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ક્રેડાઈની 'ચેન્જ ઓફ ગાર્ડ સેરેમની-૨૦૨૫' યોજાઈ હતી. આ પ્રસંગે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ક્રેડાઈ નેશનલના નવીન પ્રમુખ સહિત સમગ્ર ટીમને વોઈસ મેસેજ દ્વારા શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિશ્વનેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કર્મઠ ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહની જોડીએ ચેન્જ ઓફ ગાર્ડથી કેટલા સ્કેલ અને કેટલી સ્પીડનો વિકાસ થઈ શકે તે દેશ અને દુનિયાને બતાવ્યું છે. ક્રેડાઈનો આજનો અવસર 'ધ બિગ શિફ્ટ - ફોર ધ લીડર્સ, બાય ધ લીડર્સ'ના કાર્યમંત્રને વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીના દિશાદર્શનમાં સાકાર કરનારો અવસર છે. ક્રેડાઈ એ હંમેશા પોલિસી મેકર્સ, ઈન્વેસ્ટર્સ, નાણાંકીય કંપનીઓ, ગ્રાહકો અને રિયલ એસ્ટેટના વ્યવસાયિકો સહિતના તમામ સ્ટેક હોલ્ડર્સને સાથે રાખીને રિયલ એસ્ટેટ ઉદ્યોગને સંગઠિત રાખ્યો છે ત્યારે આ નવી ટીમ પણ ડેવલપર્સ અને તમામ સ્ટેક હોલ્ડર્સ વિન-વિન સિચ્યુએશન સાથે કામ કરીને રિયલ એસ્ટેટ સેક્ટરની પ્રગતિને વધુ નવી દિશા આપશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ સૌના સાથ, સૌના વિકાસનો કાર્યમંત્ર આપીને ગરીબ, મધ્યમવર્ગ, છેવાડાના માણસોના આહાર, આવાસ, આરોગ્ય અને અભ્યાસની ચિંતા કરી છે. ક્રેડાઈ જેવી સંસ્થાઓને પણ હેન્ડ હોલ્ડિંગથી આવા વિકાસકાર્યોમાં તેમણે જોડી છે. વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝન સાથે 'દરેકને ઘર' આપવાના લક્ષ્યને ક્રેડાઈ સાથે જોડાયેલા હજારો ડેવલપર્સ વેગ આપી રહ્યા છે. અર્બન વિસ્તારોમાં વસવાટ કરતા શ્રમિકો અને નબળા વર્ગના નાગરિકો માટે સન્માનજનક અને સસ્તા ભાડા સાથેના આવાસ ઉપલબ્ધ કરાવવા માટે



વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં નવી પહેલ પણ થઈ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની આવાસ યોજનાઓમાં રિયલ એસ્ટેટ સેક્ટર સક્રિય ભૂમિકા ભજવે છે. ક્રેડાઈએ રાષ્ટ્રીય સ્તરે પાંચ વર્ષમાં ૨૫ શહેરોમાં ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય વિકાસનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી છે તે પણ પ્રશંસનીય છે.

વડાપ્રધાનશ્રીએ આ દિશામાં દેશવાસીઓને સ્વૈચ્છિક સામાજિક જવાબદારીના ભાગરૂપે 'કેચ ધ રેઈન' દ્વારા જળસંચય કરવા, 'એક પેડ માં કે નામ' દ્વારા ગ્રીન કવર વધારવા, સ્વચ્છતા અને સ્વસ્થતા માટેના અભિયાનો તથા પ્રાકૃતિક ખેતી અને ગરીબોને સહાયતા, વોકલ ફોર લોકલના મંત્રથી સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની અને યોગ તથા રમતગમતને જીવનનો ભાગ બનાવી રોગમુક્ત જીવનશૈલી બનાવવા ભવિષ્યની પેઢીને આજથી બહેતર જીવન આપવા જેવા સંકલ્પો પણ આપ્યા છે જેને ચરિતાર્થ કરવા મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું. ક્રેડાઈના નવા પ્રમુખ શ્રી શેખર પટેલ સહિત નવ નિયુક્ત હોદેદારો અને સમગ્ર ક્રેડાઈ ટીમને મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે અભિનંદન પાઠવ્યા હતા. ક્રેડાઈના નવ નિયુક્ત પ્રમુખ શ્રી શેખર પટેલે નવીન જવાબદારી બદલ સૌનો આભાર માનતા કહ્યું હતું કે, મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ટીમ ગુજરાત નાગરિકોના હિતમાં નવી પોલિસી બનાવવા અને અમલી પોલિસીમાં હકારાત્મક સુધારો કરવા સતત તત્પર હોય છે. તાજેતરમાં રાજ્ય સરકારે મહેસુલ અંતર્ગત બીન ખેતીની મંજૂરીમાં લાગતા સમયમાં ઘટાડા સહિત વિવિધ વિભાગોમાં નીતિગત સુધારા-નિર્ણયો કર્યા છે. સુરક્ષિત, સંગઠીત અને સમૃદ્ધ રાષ્ટ્ર નિર્માણમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહ મંત્રી શ્રી અમિત શાહનું અમૂલ્ય યોગદાન રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવા રિયલ એસ્ટેટ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે ત્યારે ક્રેડાઈ ઈનડિયા આગામી પાંચ વર્ષમાં અંદાજે ૧૦ લાખ બાંધકામ કામદારોને કૌશલ્ય પૂરુ પાડવા તાલીમ સંસ્થાની સ્થાપના કરશે. આ ઉપરાંત, ક્રેડાઈ ગ્રીન ઈનડિયા કાઉન્સિલ, ક્રેડાઈ ડેટા એનાલીસીસ સેન્ટર, ઈઝ એન્ડ કોસ્ટ ઓફ ડુઈંગ બીઝનેસ, અફોર્ડેબલ હાઉસીંગ ૨.૦ જેવા પ્રોજેક્ટ ક્રેડાઈ નેશનલ દ્વારા આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ક્રેડાઈ નેશનલના પૂર્વ પ્રમુખ અને વર્તમાન ચેરમેન શ્રી બોમન ઈરાનીએ જણાવ્યું હતું કે, ક્રેડાઈ તેની ૨૫ વર્ષની સફરમાં ૨૪ રાજ્યોમાં ૨૪૦ યુનિટ સાથે ૧૩,૦૦૦ સભ્યો ધરાવે છે. ભારતના જીડીપીમાં રિયલ એસ્ટેટ અંદાજે ૧૫ ટકાથી વધુનું યોગદાન આપી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના હાઉસ ફોર ઓલના સ્વપ્રને સાકાર કરવા ક્રેડાઈ પણ સહયોગ આપી રહ્યું છે. નવા પ્રમુખ તરીકે શ્રી શેખર પટેલ અને સમગ્ર ટીમને શુભેચ્છાઓ પાઠવી હતી. ક્રેડાઈ નેશનલના પૂર્વ ચેરમેન શ્રી મનોજ ગૌરે કાર્યક્રમ ઉપસ્થિત સૌને આવકારી તેમની બે વર્ષની સફરની વિશે જણાવતાં કહ્યું હતું કે, ક્રેડાઈએ તેની સ્થાપનાથી લઈને ૨૫ વર્ષમાં ખુબ જ સુંદર કામગીરી કરી છે. આગામી સમયમાં નવી ટીમ પણ વિકસિત ભારતના સ્વપ્રને સાકાર કરવાની દિશામાં કામગીરી કરશે. ક્રેડાઈના નવા સેક્રેટરી શ્રી ગૌરવ ગુપ્તાએ આભાર વિધિ કરી હતી.

મુખ્યમંત્રીશ્રી સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં ક્રેડાઈની પરંપરા મુજબ નિવૃત્ત થતા પ્રમુખ શ્રી બોમન ઈરાની દ્વારા નવીન પ્રમુખ શ્રી શેખર પટેલને બેટન સોંપવામાં હતી. આ સેરેમની દરમિયાન ક્રેડાઈ નેશનલ ટીમ જેમાં વર્ષ ૨૦૨૫-૨૭ માટેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ અને કમિટીની પણ જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત મહાનુભાવોની ઉપ સ્થિતિમાં 'મારું અમદાવાદ' પુસ્તક તથા 'ગ્રીન બિલ્ડિંગ' અહેવાલનું વિમોચન તેમજ સ્કિલ ડેવલપમેન્ટ અંગે ક્રેડાઈ, NSDC અને QCI વચ્ચે MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ક્રેડાઈ નેશનલની નવીન ટીમ તરીકે આગામી સમયમાં કાર્ય કરનાર પ્રમુખ શ્રી શેખર પટેલ, ઉપપ્રમુખ શ્રી આશિષ પટેલ તેમજ સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરી, ખજાનચી સહિત હોદેદારોનો વિસ્તૃત પરિચય કરાવવામાં આવ્યો હતો.

# આઝાદીના ૭૫ વર્ષ બાદ ગુજરાતની ધરતી પર "ત્રિભૂવન સહકારી વિશ્વ વિદ્યાલયી"ની સ્થાપના થશે

## પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકારએ ગામડાનું નાણું તરીકે ઓળખાય

। ગાંધીનગર, તા.૧૮ ।

સહકારી અને સાર્વજનીક વિકાસમાં યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓ માંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાયના પ્રયાસ માટે ત્રિભૂવન સહકારી વિશ્વ વિદ્યાલય "સહકાર થી સમૃધ્ધિનો" માર્ગ બનશે. જેમા પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃતિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે. આ વિશ્વ વિદ્યાલયના ડિગ્રી શિક્ષણમાં યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે કે, વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વ વિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧માં આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મૂલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું, સ્વદેશી કપડા તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાને રોજગારી મળી અંતે સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમના માંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃતિ જને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનું કામ કરશે ત્રિભૂવન સહકારી વિશ્વ વિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે. ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. માનનીય પ્રધાનમંત્રીનું સુત્ર "સહકાર થી સમૃધ્ધી" ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વ પ્રથમ સહકારી વિશ્વ વિદ્યાલય યુવા શક્તિમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે. સમગ્ર વિશ્વ સહકારીતાના શ્વાસોશ્વાસ થી સભર છે, સહકારના ઉદ્ગમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતા સને.૧૯૦૪માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નિતી–નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજીક જીવનધોરણને સ્પર્શે છે. આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ "ત્રિભૂવન સહકારી વિશ્વ વિદ્યાલય"ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે. વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વ વિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વ વિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકારને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે. ગુજરાતની સહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે "ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય"ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વ વિદ્યાલય બિલ" લોકસભા અને રાજ્યસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વ વિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વ વિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## ગોરખપુર સ્ટેશન પર નોન-ઇન્ટરલોકીંગ કાર્યના કારણે પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે

। અમદાવાદ, તા.૧૮ ।

પૂર્વોત્તર રેલવેના કુસમ્હી-ગોરખપુર-ગોરખપુર કેન્ટ સ્ટેશનો વચ્ચેની ત્રીજી લાઈનમાં નોન-ઈન્ટરલોકીંગ કાર્યને કારણે પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેન ડાયવર્ટ કરાયેલા રૂટથી ચાલશે. વિગતવાર માહિતી નીચે મુજબ છે:-

૧. ૨૪.૦૪.૨૦૨૫, ૨૫.૦૪.૨૦૨૫, ૦૧.૦૫.૨૦૨૫ અને ૦૨.૦૫.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસને તેના નિર્ધારિત રૂટ ગોરખપુર કેન્ટ-પ નિયાહવા-નરકટિયાગંજ જં.-મુઝફ્ફરપુર ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા ગોરખપુર કેન્ટ-ભટની જં.-છપ રા ગ્રામિણ-મુજફ્ફરપુર જં. થઈને ચાલશે.

૨. ૨૭.૦૪.૨૦૨૫ અને ૨૮.૦૪.૨૦૨૫ની ટ્રેન નંબર ૧૯૨૭૦ મુઝફ્ફરપુર-પોરબંદર એક્સપ્રેસ તેના નિર્ધારિત રૂટ મુઝફ્ફરપુર જં.-નરકટિયાગંજ જં.-પનિયાહવા-ગોરખપુર કેન્ટ ને બદલે ડાયવર્ટેડ રૂટ વાયા મુજફ્ફરપુરપ જં.-છપરા ગ્રામિણ-ભટની જં.-ગોરખપુર કેન્ટ થઈને ચાલશે.

યાત્રીઓને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સમય, ઠહરાવ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે, યાત્રી કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## છાશ પીધા બાદ ૨૫ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટમાં છાશ પીધા બાદ ૨૫ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થઈ હોવાની વાત સામે આવી છે, જેમાં ભવાનીનગરમાં છાશ પીધા બાદ ફૂડ પોઈઝનિંગની અસર થઈ છે,ખાનગી ટ્રસ્ટ દ્વારા કરાયું હતું છાશનું વિતરણ અને આ બનાવ બન્યો હોવાની વાત સામે આવી છે. છાશ પીધા બાદ બાળકોની એકાએક તબિયત લથડવા લાગી હતી અને ઊલટી કરવા લગતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. બાળકોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી એક બાળકની હાલત ગંભીર હોવાથી તેને ICUમાં ખસેડવામાં આવ્યો છે.જકોટ શહેરના રામનાથ પરા પાસે આવેલ ભવાનીનગર વિસ્તારમાં બોલબાલા ટ્રસ્ટ દ્વારા છાશ વિતરણ કરવામાં આવી રહી હતી. આ વિસ્તારનાં બાળકોએ તે છાશ પીધા બાદ લગભગ ૨૫થી વધુ બાળકોને ફૂડ પોઈઝનિંગની અસર થતા સ્થાનિકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. રાત્રિના સમયે ૧૫ જેટલાં બાળકોને પદ્મકુંવરબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં, જે પૈકી એક બાળકને વધુ અસર હોવાથી તેને ICUમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યું છે. ICUમાં દાખલ છે તે બાળકનું નામ જયરાજ હિતેષભાઈ જાડા છે અને તેની ઉંમર ૧૦ વર્ષ છે.

### યુવાધન ઉજ્વળ ભવિષ્યના સપના જોવા પ્રોત્સાહિત

## અદાણી ફાઉન્ડેશનની ઉંચી 'ઉડાન': ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ મુલાકાત

। અમદાવાદ, તા.૧૮ ।




અદાણી ફાઉન્ડેશનના ઉડાન પ્રોજેક્ટના અંતર્ગત ભારતભરના પાંચ લાખથી વધુ વિદ્યાર્થીઓએ જ્ઞાન-વિજ્ઞાનની ક્ષિતીજો વિસ્તારી છે. વિગત વર્ષોમાં ૭,૯૦૦ થી વધુ શૈક્ષણિક સંસ્થાઓના ૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ અદાણી જૂથના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લઈ પ્રેરિત થયા છે. મુલાકાતી વિદ્યાર્થીઓ જીવનમાં કાંઈક નવું કરવાના ઈરાદાથી આગળ વધવાની પ્રેરણા લઈ રહ્યા છે. આ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૧૦ માં યુવા મનને પ્રેરણા આપવાના હેતુસર શરૂ કરવામાં આવ્યો હતો.

ઉડાન એ અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીનું જીવન બદલનારી સફળ વાર્તાથી પ્રેરિત અનોખો પ્રોજેક્ટ છે. બાળપણમાં તેમણે ગુજરાતના કંડલા બંદરની મુલાકાત લીધી હતી. બંદરની એ વિશાળતાથી પ્રેરિત થઈને તેમણે એક દિવસ પોતાનું જ બંદર બનાવવાનું સ્વપ્ન જોયું હતું. ત્યારબાદ જે થયુ એ તો ઐતિહાસીક છે.

ઉડાન પ્રોજેક્ટ દેશના યુવાધનને શૈક્ષણિક પ્રવાસ થકી પ્રેરિત કરવાનો પ્રયાસ છે. યુવામનમાં મહત્વાકાંક્ષાની જ્યોતને પ્રજ્વલિત કરવાનો તેનો ઉદ્દેશ્ય છે. આ કાર્યક્રમ હેઠળ બંદરો, પાવર પ્લાન્ટ્સ, ઓઈલ રિફાઈનરીઓ, સૌર અને પવન પ્લાન્ટ્સ અને એરપોર્ટ સહિત અદાણી ગ્રુપના પ્રકલ્પોની સુનિયોજીત ટૂરનું આયોજન કરવામાં આવે છે.

વૈવિધ્યસભર પ્રવાસ વિદ્યાર્થીઓને અમૂલ્ય શૈક્ષણિક અનુભવ પ્રદાન કરે છે, જે તેમને વ્યવસાયિક કામગીરીની જટિલતાઓની પ્રત્યક્ષ અને ઉંડી સમજ આપે છે. બંદરો પરની અત્યાધુનિક સુવિધાઓના કાર્યક્ષમ સંચાલનને જોઈને મુલાકાતીઓ અદાણી સમૂહના વૈશ્વિક અને વૈવિધ્યસભર વ્યવસાયોની ઊંડી સમજ પણ મેળવે છે. ઉડાન હેઠળ દેશભરના અનેક અદાણી પ્રકલ્પોની મુલાકાતોનું આયોજન કરવામાં આવે છે, જેમાં મુન્દ્રા, હજીરા અને અમદાવાદ (ગુજરાત), દહાણુ અને તિરોડા (મહારાષ્ટ્ર), કવાઈ (રાજસ્થાન), ધામરા (ઓડિશા), કટ્ટુપલ્લી (તામિલનાડુ) અને કૃષ્ણપટ્ટનમ (આંધ્રપ્રદેશ) વગેરેનો સમાવેશ થાય છે.

શૈક્ષણિક પ્રવાસે જતા વિદ્યાર્થીઓ બિઝનેસ ઉપક્રમો ઉપરાંત ભારતના સૌથી મોટા સોલાર પ્લાન્ટ અને વિન્ડ ટર્બાઈન પણ નિહાળી શકે છે. નવયુવાઓમાં ગ્રીન એનર્જી પ્રત્યે જાગરૂખતા લાવવાનો આ પ્રયાસ જ્ઞાનવર્ધક અને ઉપયોગી નીવડી રહ્યા છે. દેશના સૌથી મોટા વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ સોલર પ્લાન્ટની મુલાકાત વિદ્યાર્થીઓ માટે અવિસ્મરણીય અનુભવ સમાન છે. અહીં પ્રવાસે આવતા વિદ્યાર્થીઓ ગ્રીન એનર્જીનું ઉત્પાદન અને તેના ફાયદાઓ વિશે જાણકારી મેળવી શકે છે.

### શો રૂમમાંથી માત્ર ૨૦ મિનિટમાં ચોરી

## રાજકોટમાં ટાઈટનના શો રૂમમાંથી રૂ.૭૦ લાખની ચોરી

### બનાવની જાણ થતાં પોલીસ કમિશનર સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો

। (એજન્સી) રાજકોટ, તા.૧૮ ।

રાજકોટમાં વધુ એક વખત લાખોની ચોરીની ઘટના સામે આવી છે. શહેરનાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશનથી ૨૫૦ મિટરના અંતરે આવેલા ટાઈટન કંપનીના શો-રૂમમાં ગુરુવારે વહેલી સવારે ત્રાટકેલા પાંચેક જેટલા શખસોએ રૂ.૬૬ લાખની મોંઘીદાટ ૧૦૨ ઘડિયાળ અને રૂ.૪ લાખની રોકડ મળી રૂ.૭૦ લાખની ચોરીને અંજામ આપ્યો છે.

માત્ર ૨૦ મિનિટમાં તસ્કરોએ આ હાથફેરો કરી ધમધમતા રોડ ઉપર ચોરીની ઘટનાને આપેલા અંજામથી પોલીસને પડકાર ફેંક્યો છે. બનાવની જાણ થતાં પોલીસ કમિશનર સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો તેમજ ક્રાઈમબ્રાંચ, એસઓજી, ડીસીબી, ડોગ સ્કવોડ સહિતની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી મુજબ રાજકોટ શહેરમાં એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ત્રિકોણબાગથી માત્ર ૧૦૦ મિટરના અંતરે આવેલ જી.ટી. ગર્લ્સ હાઈસ્કૂલની સામે રાધિકા હેલ્યોસ ટાઈટન શો-રૂમમાં ચોરીની ઘટના બની હોવાનું જાણવા મળતાં એ-ડિવિઝન પોલીસ મથકના પ ીઆઈ તેમજ પીએસઆઈ સહિતનો કાફલો ઘટનાસ્થળ ઉપર દોડી ગયો હતો. ટાઈટન કંપનીના શો-રૂમના માલિક રવિભાઈ ભૂપેન્દ્રભાઈ ચોટાઈ દ્વારા બનાવ અંગે પોલીસને આપેલી માહિતી અનુસાર તેમની કંપનીમાં કામ કરતા કર્મચારીઓનો સ્ટાફ ગત સાંજે શો-રૂમ બંધ કરી ઘરે ગયા બાદ આજે વહેલી સવારે તેઓ જ્યારે શો-રૂમ પર પહોંચ્યા ત્યારે તેમના શો-રૂમના શટરના તાળાં તૂટેલા જોવા મળ્યા હતા જેથી અંદર તપાસ કરવા જતાં સામાન વેર-વિખેર જોવા મળ્યો હતો અને ડીસપ્લે ઉપર તેમજ અંદર રાખેલી ટાઈટન કંપનીની આસરે ૧૦૦થી વધુ ઘડિયાળ જેની કિંમત રૂ.૬૬ લાખ થવા પામી છે તેની ચોરી થઈ હતી. આ બનાવની જાણ થતાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તેમજ એસીપી બી.જે. ચૌધરી તથા એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ, પીએસઆઇ ઉપરાંત ડીસીબી, ક્રાઈમબ્રાંચ, પીસીબી તથા ડોગ સ્કવોડ સહિતનો કાફલો ઘટનાસ્થળ ઉપર દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફૂટેજ ચકાસતા જાણવા મળ્યું હતુ કે, વહેલી સવારે પોણા પાંચ વાગ્યાથી પાંચને દસ કલાક સુધીમાં આ શો-રૂમમાં ચોરી કરવામાં આવી છે. ૬ જેટલા શખસોએ શો-રૂમના તાળાં તોડ્યા બાદ પાંચ શખસોએ શો-રૂમની બહાર રેકી કરી હતી અને એક શખસે શો-રૂમમાં પ્રવેશ કર્યા બાદ અંદરથી ઘડિયાળ તેમજ કેસ કાઉન્ટરમાંથી રૂ.૪ લાખની રોકડ મળી રૂ. ૭૦ લાખની ચોરીને અંજામ આપી ત્યાંથી ભાગી ગયા હતા.આ મામલે એસીપી ચૌધરીના જણાવ્યા અનુસાર પોલીસ દ્વારા ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ સ્ટાફની મદદથી તપાસ હાથ ધરવામાં આવી છે. આ ઉપરાંત સીસીટીવી ફૂટેજના આધારે સર્વેલન્સ સ્કવોડ દ્વારા તપાસનો ધમધમાટ શરુ કરવામાં આવ્યો છે. વધુમાં તસ્કરોએ માત્ર ૨૦ મિનિટના જ સમયગાળામાં વાહનો અને રાહદારીઓથી ધમધમતા રોડ ઉપર રેકી કરી રૂ.૬૬ લાખની કિંમતની ૧૦૨ નંગ ઘડિયાળ અને રૂ.૪ લાખની રોકડ મળી રૂ. ૭૦ લાખની ચોરીને અંજામ આપ્યો હતો.

### અમરેલી જિલ્લા પોલીસ વિભાગમાં મોટી કાર્યવાહી

## અમરેલીના ૧૪ પોલીસકર્મીઓને ફરજ ઉપર ગેરહાજર રહેતા સસ્પેન્ડ કરાયા

### સાવરકુંડલાના એએસપી વલય વૈદ્યે વિવિધ ગાર્ડ પોઈન્ટસ પર સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું

। (એજન્સી) અમરેલી, તા.૧૮ ।

અમરેલી જિલ્લા પોલીસ વિભાગમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. સાવરકુંડલાના એએસપી વલય વૈદ્યે વિવિધ ગાર્ડ પોઈન્ટસ પર સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું. આ દરમિયાન ૧૪ પોલીસકર્મીઓ ફરજ પર ગેરહાજર મળી આવ્યા હતા. આ તમામ કર્મચારીઓએ સક્ષમ અધિકારીની મંજૂરી વગર મનસ્વી રીતે ગેરહાજર રહી ફરજ પ્રત્યે બેદરકારી દાખવી હતી. તેમણે ગુજરાત રાજ્ય સેવા વર્તણૂક નિયમો ૧૯૭૧ના નિયમ ૩ ભંગ કર્યો હતો.

જેના પગલે SP સંજય ખરાતે તમામને સસ્પેન્ડ કર્યા છે. સસ્પેન્ડ થયેલા કર્મચારીઓમાં જેલ ગાર્ડ, સિવિલ પ્રિઝનલ ગાર્ડ, ટ્રેજરી ગાર્ડ, એવીએમ ગાર્ડ, વેરહાઉસ ગાર્ડ, એસપી કચેરી ગાર્ડ, ઈમરજન્સી સિવિલ ગાર્ડ અને કોર્ટ ગાર્ડ પર તૈનાત કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ કાર્યવાહીથી પોલીસ બેડામાં સન્નાટો છવાઈ ગયો છે. સસ્પેન્ડ કરાયેલા ૧૪ પોલીસ કર્મચારીઓમાં ઉમેદકુમાર મનસુખલાલ મહેતા – જેલ ગાર્ડ, હરેશભાઈ ધીરુભાઈ મંડીર – જેલ ગાર્ડ, કિશનભાઈ ભુપતભાઈ આસોદરીયા – સિવિલ પ્રિઝનલ ગાર્ડ, વિજયસિંહ રૂપસિંહ સોઢા – સિવિલ પ્રિઝનલ ગાર્ડ, જનકસિંહ અગર સિંહ ઝાલા ટ્રેજરી ગાર્ડ, સુરેશભાઈ નાજભાઈ ખુમાણ ટ્રેજરી ગાર્ડ, કનુભાઈ જ્યોતિભાઈ પલાસ એવીએમ ગાર્ડ, શિવાભાઈ ભાવસંગભાઈ જારસાણીયા – એવીએમ ગાર્ડ, ભગવતીબેન મોતીભાઈ પરમાર વેરહાઉસ ગાર્ડ, અરુણાબેન સંઘાભાઈ ધરજીયા વેરહાઉસ, અશોકભાઈ ભાનુશંકરભાઈ ભટ્ટ એસપી કચેરી ગેટ, દિગ્વિજય સિંહ રાય સિંહ ચાવડા – ઈમરજન્સી સિવિલ ગાર્ડ,યુવરાજભાઈ અનકભાઈ વાળા – ઈમરજન્સી સિવિલ ગાર્ડ, નિતેશકુમાર પ્રાગજીભાઈ રાઠોડ – કોર્ટ પરિસર ગાર્ડનો સમાવેશ થાય છે.

## ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતા પિતા અને ત્રણ દીકરીના મોત

। (એજન્સી) ગોધરા, તા.૧૮ ।

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી અકસ્માતની ઘટના વધતી હોવાનું સામે આવ્યું છે, ત્યારે પંચમહાલમાં ગંભીર અકસ્માતની ઘટના સર્જાઈ છે. ટ્રક અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં પિતા અને ત્રણ દીકરીના ઘટનાસ્થળે મોત નીપજ્યા હતા. અકસ્માતને પગલે પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, પંચમહાલના ગોધરા-વડોદરા હાઈવે પર તૃપ્તિ હોટેલ નજીક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ધોધંબા તાલુકાના બોર ગામ વ્યક્તિ પોતાની ત્રણ દીકરી સાથે બાઈક પર લગ્નમાં જઈ રહ્યા હતા, ત્યારે ટ્રક ચાલકે અડફેટે લીધી હતા. અકસ્માતની આ ઘટનામાં પિતા અને ત્રણેય માસુમ દીકરીના મોત નીપજ્યા હતા. અકસ્માત બાદ ટ્રકચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ મામલે પોલીસ ઘટનાસ્થળે દોડી પહોંચી હતી અને મૃતકોને ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે મોકલવામાં આવ્યા છે.

## વડોદરામાં રાત્રે કેમિકલયુક્ત દુર્ગંધથી લોકો પરેશાન થયા

### વડોદરા શહેરમાં પ્રથમવાર હવાની ગુણવત્તા માટે એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવાની કવાયત હાથ ધરી

। (એજન્સી) વડોદરા, તા.૧૮ ।

વડોદરા શહેરમાં અવાર નવાર રાત્રીના સમયે કેમિકલયુક્ત દુર્ગંધથી લોકો પરેશાન છે. તો બીજી તરફ હવાની ગુણવત્તામાં કોઈ ઘટાડો ન થાય અને હવામાં પ્રદુષણની માત્રા કેટલી છે અને હવા કેટલી શુદ્ધ છે તેને જાણવા માટે વડોદરા શહેરમાં પ્રથમવાર હવાની ગુણવત્તા માટે એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવાની કવાયત હાથ ધરી હતી. એર મોનીટરીંગ સ્ટેશનના આંકડાઓ હવાની ગુણવત્તા સુધારવા માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે તેમ હોવા છતા એર મોનીટરીંગ ક્વોલિટી સ્ટેશન સ્થાપવામાં વિલંબ થઈ રહ્યો છે. કોરોનાકાળમાં લોકડાઉનને કારણે હવાના પ્રદૂષણની માત્રામાં ખૂબ જ ઘટાડો થયો હતો. પરંતુ તે બાદ ફરી હવાનાં પ્રદૂષણમાં ઉત્તરોત્તર વધારો થયો છે. શહેરની આસપાસમાં આવેલા ઉદ્યોગો અને વધી રહેલા વાહનોની સંખ્યાને કારણે હવાનું પ્રદૂષણ વધી રહ્યું છે. જેને ધ્યાનમાં રાખી વર્ષ ૨૦૨૧માં હવા પ્રદૂષણ પર નિયંત્રણ લાવવા વડોદરા કોર્પોરેશન અને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આરટીઓ અને ઉદ્યોગ વિભાગના અધિકારીઓની એક સંયુક્ત બેઠક પણ મળી હતી. અને હવાના પ્રદૂષણ પર સતત મોનિટરિંગ થાય તે માટે કોર્પોરેશન દ્વારા એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશનના નિર્માણનું આયોજન હાથ ધર્યું હતું. હાલ વડોદરા શહેર જિલ્લામાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના નિયંત્રણમાં ૮ સ્થળોએ હવાના પ્રદૂષણ નોંધના કેન્દ્ર કાર્યરત છે. જે સપ્તાહમાં બે કે ત્રણ દિવસ કાર્યરત રાખવામાં આવે છે. કેન્દ્ર સરકારના નેશનલ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત વડોદરા કોર્પોરેશન દ્વારા શહેરના કારેલીબાગ પાણીની ટાંકી ખાતે પ્રથમવાર ચોવીસ કલાક કાર્યરત રહે તે પ્રમાણે રૂ.૧૦ કરોડના ખર્ચે એર ક્વોલિટી મોનીટરીંગ સ્ટેશનનું આયોજન હાથ ધર્યું હતું. જ્યારે બીજા તબક્કામાં ચારથી પાંચ સ્થળે જેમાં ઔદ્યોગિક વાણિજ્ય રહેઠાણ વિસ્તારનો પણ સમાવેશ કરવામાં આવનાર હતો. કેન્દ્ર સરકારના નેશનલ ક્લીન એર પ્રોગ્રામ અંતર્ગત વડોદરા કોર્પોરેશનને પ્રદૂષણ બોર્ડ દ્વારા કેન્દ્ર સરકારની રૂપિયા ૪૨ કરોડની સહાય મળવાની હતી.

## તળાજાના ફુલસરમાં મોરનાં ઈંડા રાખનાર ત્રણને ત્રણ વર્ષની સજા

। (એજન્સી) ભાવનગર, તાા.૧૮ ।

ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના ફુલસર ગામના ત્રણ શખ્સને મોરના ઈંડા ગેરકાયદે રીતે કબ્જામાં રાખવાના કેસમાં તળાજાની એડિશનલ સિવિલ કોર્ટના જજે ત્રણ વર્ષની સાદી કેદની સજા અને રોકડ રકમનો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.તળાજા તાલુકાના ફુલસર ગામે રહેતો ધીરૂ નાનુભાઈ વાઘેલા, વલકુ પુનાભાઈ વાઘેલા અને નીરૂ પુનાભાઈ વાઘેલા નામના શખ્સોએ મોર (માદા)ના પાંચ ઈંડા પોતાના ઘરે લઈ જઈ પાલતું કૂકડીના ઈંડા સાથે રાખી આ ઈંડા સેવીને તેમાંથી બચ્ચા થતા મોટા કરી તેને ખાવાનો બદઈરાદો ધરાવ્યો હતો. જેથી વન વિભાગના સ્ટાફે જે તે સમયે ત્રણેય શખ્સની ધરપકડ કરી ગત તા.૧૧-૦૯- ૨૦૧૪ના રોજ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ- ૧૯૭૨ની કલમ ૨ (૧૬), ૯, ૨ (૩૬), ૨ (૩૭),૪૦ (૧), ૫૦ (૧) (ખ), (ગ) અને ૫૧ મુજબ ગુનો નોંધ્યો હતો.આ અંગેનો કેસ તળાજાના એડીશનલ સિવિલ જજની કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ એફ. એમ. શેખે મોરએ ભારતનું રાષ્ટ્રીય પક્ષી છે, વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ના અનુસૂચિ-૧ મુજબનું વન્ય જીવ છે. ભારતના બંધારણના અનુચ્છેદ ૫૧ (અ) મુજબ રાષ્ટ્રીય ધરોહરનું કાયદાકીય સંરક્ષણ કરવું એ તમામ નાગરિકની ફરજ છે. આવા સંજોગોમાં રાષ્ટ્રીય પક્ષીનો શિકાર કરવાનો ઈરાદો ધરાવનાર શખ્સોને જો છોડી મુકવામાં આવે તો દેશમાંથી રાષ્ટ્રીય પક્ષી નામશેષ થઈ જશે.

## સુરતના કામરેજની તાપી નદીમાં પરિવારનો સામૂહિક આપઘાત

। (એજન્સી) સુરત, તા.૧૮ ।

સુરતના કામરેજ વિસ્તારમાં આજે સવારે એક હચમચાવતી ઘટના સામે આવી છે. ગલતેશ્વર મહાદેવ મંદિર નજીક તાપી નદીમાંથી ત્રણ સભ્યોના મૃતદેહ મળ્યા છે. પોલીસે ઘટનાને હદયદ્રાવક ઘટનાની સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. મૃતકોમાં માતા-પિતા અને પુત્ર સામેલ છે. આર્થિક સંકડામણના લીધે એક જ પરિવારના ત્રણ સભ્યોએ તાપી નદીમાં પડતું મૂકી આત્મહત્યા કરી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. ગુજરાતમાં સામૂહિક આપઘાતના કેસો વધી રહ્યા છે, ત્યારે વધુ એક પરિવારે સામૂહિક આપઘાત કર્યો હોવાની પોલીસને આશંકા સેવાઈ રહી છે, સુરતની તાપી નદીમાં એક જ પરિવારના ઉના ડૂબતા મૃત્યુ થયા છે બ્રિજ પરથી કૂદીને આપઘાત કર્યો હોઈ શકે છે ત્યારે ફાયર વિભાગે ત્રણેય મૃતદેહને બહાર કાઢયા છે અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, વહેલી સવારે મૃતદેહ તરતા હતા એટલે ફાયર વિભાગને કોલ મળ્યો અને પોલીસને પણ જાણ કરવામાં આવી, પોલીસ પરિવારના અન્ય સભ્યોનો સંપર્ક કર્યો છે અને મૃતદેહનું પીએમ થશે એટલે મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે. પરિવારના સભ્યો સુરતના હોવાની વાત સામે આવી છે અને પોલીસે પરિવારના સભ્યોના નિવેદન પણ લીધા છે, તો મૃતકોના ફોન જપ્ત કર્યા છે અને તેના આધારે તપાસ કરાઈ રહી છે ત્યારે પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતકો મૂળ સૌરાષ્ટ્રના છે અને હાલ સુરતમાં રહેતા હતા.